

# સીરતે રસૂલે મુખ્તાર

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّم


**લેખક : મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**

**:: અનુવાદકો ::**

**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**

(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**GRWB/059/Bharuch/02**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**

તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**Web. :www. barkatekhwaja.net**

**Email :anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૩૪ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦

૧૭–શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૮ જુલાઈ–૨૦૧૭



noorani art
Mob. 9427464411


હદિયો ₹50/-

## અનુક્રમણિકા


| | |
|---|---|
| **પ્રકાશકના બે બોલ..** | 03 |
| મુલ્કે અરબ | 05 |
| અરબની હાલત | 04 |
| હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈહિમુસ્સલામ) | 08 |
| ખાનદાની શરાફત | 09 |
| હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના رضی اللہ عنہا | 11 |
| અસ્હાબે ફીલ | 13 |
| જન્મ અને પરવરિશ | 14 |
| શકકે સદ્ર (સીનાને ચીરવું) | 17 |
| શામનો પહેલો સફર | 18 |
| શામનો બીજો સફર | 19 |
| નિકાહ | 21 |
| ખાનએ કા'બા | 22 |
| હિરા અને વહી | 24 |
| ઈસ્લામની તબ્લીગ | 26 |
| કુરૈશનો જુલ્મ | 29 |
| હબ્શાની હિજરત | 32 |
| હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہનો ઈસ્લામ | 34 |
| બની હાશિમનો બહિષ્કાર | 37 |
| તાઈફનો સફર | 39 |
| મેઅરાજ શરીફ | 41 |
| મદીનામાં ઈસ્લામની રોશની | 43 |
| દારૂન્નદવા (પંચાયત ઘર) | 45 |
| રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની હિજરત | 47 |
| મદીનામાં આગમન | 51 |
| મસ્જિદે નબવીનું બાંધકામ | 54 |
| મુવાખાત (ભાઈચારો) | 56 |
| જેહાદ | 59 |
| ગઝવએ બદ્ર | 61 |
| ગઝવએ ઓહદ | 64 |
| ગઝવએ બની મુસ્તલિક઼ | 67 |
| ગઝવએ અહઝાબ | 68 |
| ગઝવએ બનૂ કુરૈઝા | 73 |
| સુલહે હુદૈબિયહ | 74 |
| ગઝવએ ખયબર | 77 |
| જંગે મૌતહ | 80 |
| ફતહે મક્કા | 82 |
| જંગે હુનૈન | 86 |
| ગઝવએ તબૂક | 88 |
| હજ્જતુલ વદાઅ | 90 |
| હજ્જતુલ વદાઅમાં ખુત્બો | 91 |
| વિસાલ મુબારક | 93 |
| હુલિયા શરીફ | 96 |
| અઝવાજે મુતહ્હરાત | 97 |
| ઔલાદે કિરામ | 98 |
| કાકાઓ | 99 |
| ફોઈઓ | 100 |
| મોઅઝ્ઝિનો | 100 |
| સવારીઓ | 101 |
| શસ્ત્રો | 102 |
| વિશિષ્ટતાઓ | 102 |
| મો'જિઝાઓ | 103 |
| અખ્લાક઼ તથા આદતો | 105 |
| ઉમ્મત પર સરકારના હક્કો | 107 |

# પ્રકાશન ટાણે બે બોલ

**ઉન્હેં જાના, ઉન્હેં માના, ન રખ્ખા ગૈરસે કામ**
**લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા**

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

માનવી જેની સાથે **મહોબ્બત** કરે છે તેના વિશેની વાત સાંભળવા જાણવા, તેના જીવનની વિગતો જાણવા ખૂબ જ આતુર હોય છે. તે જાણવા, સાંભળવા, વાંચવામાં તેને ખુશી ઉપજતી હોય છે. માણસ જેને **આઈડિયલ** બનાવે છે તેના જીવન ચરિત્રની કારકિર્દીની પળ પળની વિગતો જાણવાની તેને ઉત્સુકતા હોય છે.

તો સાંભળો ! પૂરી કાઈનાતમાં મખ્લૂક઼માં સૌથી વિશેષ ચાહવા તથા મહોબ્બત કરવા જેવી કોઈ હસ્તી હોય તો તે આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺ છે. કોઈ આઈડિયલ બનાવવા જેવી શખ્શિયત જગતભરમાં હોય તો તે આપણા રસૂલે કરીમ ﷺ છે. અને આપની મહોબ્બત તથા આપની પયરવી સિવાય ખરેખર તો કોઈ ચારો જ નથી ! કેમ કે રબ તઆલા ફર્માવે છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ "અને એના રસૂલની તાઝીમ તથા તૌક઼ીર કરો." *(સૂ. ફતહ, આ. ૯)* એટલે ખૂબ ખૂબ તાઝીમ કરો. અને સ્વભાવિક છે કે તાઝીમના માટે દિલમાં મહોબ્બત અનિવાર્ય છે.

તેમજ ખુદ રસૂલે પાક ﷺનું ફર્માન છે : "તમારામાં કોઈ પણ મુસલમાન નહીં થઈ શકે ત્યાં સુધી કે હું એને એનાં મા બાપ, ઔલાદ અને તમામ લોકો કરતાં પ્યારો ન હોઉં." *(બુખારી અને મુસ્લિમ)*

સારાંશ કે જે હુઝૂર ﷺ કરતાં અધિક કોઈને પ્યારુ ગણે તે મુસલમાન નથી ! તેમજ ફર્માને રબ છે : قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ "હે મહબૂબ ! તમે ફર્માવી દો કે, લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત (પ્રિય) રાખો છો મારા આજ્ઞાંકિત બની જાવ." *(સૂ. ૩, આલે ઈમરાન, આ.૩૧)*

તો હવે જેઓ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને ચાહનારા છે તેમના માટે અનિવાર્ય ઠર્યું કે આઈડિયલ બનાવે તો અલ્લાહના રસૂલને જ બનાવે. તો હવે રસૂલ ﷺને સૌથી વિશેષ ચાહનાર તથા

રસૂલુલ્લાહ ﷺને આઈડિયલ સમજનાર એટલે કે ''મુસલમાન'' માટે લાઝમી છે કે પોતે જે જાતને આઈડિયલ બનાવી, પોતે જેને સૌથી વિશેષ ચાહી તેના જીવનની પળે પળ વિશે માહિતી તેને હોવી જોઈએ, તેને જાણવા સમજવાની ઉત્સુકતા તેનામાં હોવી જ જોઈએ.

પણ અમને તો પરિસ્થિતિ કાંઈ વિપરિત જ જોવા મળે છે ! નબી કરીમ ﷺના જીવન ચરિત્રની કિતાબો પ્રકાશિત કરવામાં આવે તો હજાર કે બે હજાર પણ તેને ખરીદનારા જુઝ જ જોવા મળે છે. જ્યારે કે નબી પાક ﷺના જીવન ચરિત્રની, આપની પાક સીરતની કિતાબ દરેક ઘરમાં હોવી જ જોઈએ અને દરેક મુસલમાનના પ્રત્યેક કાર્ય પહેલાં આપની સીરત તેની નજરો સમક્ષ આવવી જોઈએ પછી જ તે કાર્ય તે કરે એ રસૂલે પાક ﷺની મહોબ્બતનો તથા તેમના પર ઈમાનનો તકાઝો છે. પણ એવું થતુ નથી ! દરેક ઘરમાં રસૂલે પાક ﷺના સીરતની કિતાબ હોવી જોઈએ અને દરેકે વાંચી દિમાગમાં એની વાતો બેસાડવી જોઈએ. પણ અફસોસ કે એવું નથી થતું ! બલ્કે દરેક ઘરમાં દરેક હાથમાં દુનિયાભરની ખબરો સતત જાણવા ટી.વી. તથા મોબાઈલ હોય છે તેનું દર્શન કલાકો સુધી સતત થતુ હોય છે અને સીરતે રસૂલ ﷺથી તો તે અજાણા જ હોય છે ! ન જાણવાની રૂચી જણાય છે ! આ છે આજનો મુસલમાન !

આ વાત ખયાલમાં રાખીને કે સીરતની મોટી મોટી કિતાબો જો લોકો ન વાંચી શકતા હોય તો આ નાની કિતાબ એ સીરતની કિતાબોનો નીચોડ જ છે તેને તો વાંચી જશે, એવા ખયાલ સાથે એ ઉદ્દેશને લક્ષમાં રાખીને ''સીરતે રસૂલે મુખ્તાર'' ﷺ નામની કિતાબ અત્રે અનુવાદ કરી રજૂ કરી છે. સુન્ની મુસલમાનોને ખાસ વિનંતિ છે કે તેને પોતે વાંચે, ઘરવાળાઓને, મિત્રોને વંચાવે અને ઈમાનમાં તાજગી પેદા કરે. મદ્રસા તથા લાયબ્રેરીઓમાં પહોંચાડે. લોકો રસૂલે પાક ﷺને જ આઈડિયલ રાખે તો બંને જહાનમાં બેડો પાર છે. ઈન્શાઅલ્લાહ ! લેખક, અનુવાદક, પ્રકાશકને તથા સહાયકોને રબ્બે કરીમ બંને જહાનમાં બેહતરીન બદલો આપે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૫ જુલાઈ–૨૦૧૭, મંગળવાર, હિ.સ. ૧૪૩૮, ૧–ઝીલ કઅદ)*

بسم الله الرحمن الرحيم

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

## મુલ્કે અરબ

તમે અરબનું નામ સાંભળ્યું હશે. આ દેશ આપણા દેશ ભારતથી દક્ષિણ પશ્ચિમ (નૈઋત્ય)માં આવેલ છે. આ દેશને ત્રણ તરફથી સમુદ્રએ ઘેરેલ છે એટલા માટે તેને "જઝીરાનુમા" અને "જઝીરતુલ અરબ" (અરબદ્વિપ) કહે છે. તેના ઉત્તરમાં શામ તથા ઈરાક, પશ્ચિમમાં "બેહરે અહમર" (રાતો સમુદ્ર) જે મક્કા મુઅઝ્ઝમાથી પશ્ચિમની તરફ લગભગ ૭૭ કિલોમીટરની દૂરી પર છે. દક્ષિણમાં હિંદી મહાસાગર અને પૂર્વમાં ઓમાન તથા ઈરાનનો અખાત છે.

આ દેશમાં ખેતીલાયક જમીનો ઓછી છે અને તેનો વધારે પડતો ભાગ પહાડો તથા રણોમાં ફેલાયેલો છે. ભૂગોળ શાસ્ત્રીઓએ આ દેશની આઠ ભાગોમાં વહેંચણી કરી છે :–

(૧) હિજાઝ (૨) યમન (૩) હઝર મવત (૪) મહરહ (૫) ઓમાન (૬) બેહરૈન (૭) નજદ (૮) અહકાફ

**હિજાઝ** : આ દેશની પશ્ચિમ દિશામાં લાલ સમુદ્ર આવેલ છે જેનાથી લગતા પૂર્વી ભાગને તિહામદ અથવા ગૌર એટલે નીચાણવાળી જમીન કહે છે. તેનાથી પૂર્વમાં હિજાઝ છે અને હિજાઝથી પૂર્વના ભાગને નજદ (ઊંચી જમીન) કહે છે. હિજાઝનો અર્થ છે બે વસ્તુઓ દરમિયાન

રૂકાવટ બનવાવાળો. કેમ કે આ ભાગ તિહામહ તથા નજ્દ (ઊંચી તથા નીચી જમીન)ના વચ્ચે છે એટલા માટે તેને હિજાઝ કહે છે. હિજાઝના નીચે દર્શાવેલ સ્થળો ઈસ્લામના ઈતિહાસમાં બહુ મશ્હૂર છે. મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બદ્ર ઉહદ, ખૈબર, ફિદક, હુનૈન, તાઈફ, તબુક, ગદીરે ખુમ વગેરે.

**મક્કા મુકર્રમા** : આ મશ્હૂર શહેર જબલે અબૂ કુબૈસ (અબૂ કુબૈસ પહાડ) તથા જબલે કુઅયકીયાન (કુઅયકીયાન પહાડ) વચ્ચે આવેલ છે. તેની ચારે બાજુ નાના નાના પહાડો તથા રેતાળ મેદાનો દૂર દૂર સુધી છે. આજ શહેરમાં બંને જહાંનના તાજદાર જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પેદા થયા. મક્કા મુકર્રમા તથા તેની આજુબાજુના મશ્હૂર સ્થળો આ છે :–

કા'બા મુઅઝ્ઝમા, સફા, મરવા, મિના, મુઝદલેફા, અરફાત, ગારે હિરા, ગૌર ષૌર, જબલે તન્ઈમ, જિઈર્રાનહ..... વગેરે.

**મદીના મુનવ્વરા** : મક્કાથી લગભગ ૩૨૦ કિલોમીટરના અંતરે ઉત્તરની તરફ મદીના મુનવ્વરા છે. આ પણ અરબનું મશ્હૂર શહેર છે. આ તે જ જગ્યા છે જ્યાં મક્કાથી હિજરત કરી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને આઝાદ રીતે લોકોને ઈસ્લામની દા'વત આપવાનું શરૂ કર્યું. આ જ શહેરમાં આપ ﷺનું મઝારે મુકદ્દસ છે, જે મસ્જિદે નબવીના અંદર ગુંબદે ખઝરાના નામથી મશ્હૂર છે.

મદીના મુનવ્વરાનું જૂનુ નામ "યષરબ" છે. આપણા નબી ﷺએ ત્યાં હિજરત ફર્માવી ત્યારથી તેનું નામ મદીનતુન્નબી (નબીનું શહેર) થઈ ગયું. પછીથી આ નામ ટૂંકુ થઈ "મદીના"થી મશ્હૂર થઈ ગયું. તેનું એક નામ "તયબહ" પણ છે.

મદીના મુનવ્વરાથી લગભગ સાડા ચાર કિલોમીટર ઉત્તરની તરફ ઓહદ પહાડ છે જ્યાં હક્ક તથા બાતિલની મશ્હૂર લડાઈ "જંગે ઓહદ" થઈ. તે જ પહાડના દામનમાં હુઝૂર ﷺના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہનું મઝારે મુબારક છે જે જંગે ઓહદમાં શહીદ થયા હતા.

મદીના મુનવ્વરાથી લગભગ પાંચ કિલોમીટરના અંતરે મક઼ામે કુબા છે. આ જ તે મુક઼દ્દસ જગ્યા છે, જ્યાં હિજરત પછી હુઝૂર ﷺએ રોકાણ કર્યું અને પોતાના હાથ મુબારકથી એક મસ્જિદ તામીર ફર્માવી જે ''મસ્જિદે કુબા''થી મશ્હૂર છે. ત્યાર બાદ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા અને મસ્જિદે નબવી તા'મીર ફર્માવી.

મદીના મુનવ્વરાની બંદરગાહ ''યમ્બુઅ'' છે જે મદીનાથી ૧૧૭ કિલોમીટરના અંતરે લાલ (રાતા) સમુદ્રના કિનારે આવેલ છે.

## ★ અરબની હાલત ★

રસૂલે કરીમ ﷺના તશરીફ લાવ્યા પહેલાં અરબની હાલત ઘણી જ બુરી હતી. જહાલતનો દૌર હતો, મૂર્તિપૂજા આમ હતી. દરેક કબીલાની અલગ મૂર્તિ હતી, ત્યાં સુધી કે લોકો ચાંદ, સૂરજ, પથ્થર, ઝાડ, દરિયા તથા પહાડ વગેરેને ખુદા સમજતા હતા અને પોતાના હાથો વડે બનાવેલી મૂર્તિઓની પૂજા કરતા.

ખાનએ કા'બા જે ફક્ત અલ્લાહ તઆલાની ઈબાદત માટે બનાવાયું હતું તેમાં ૩૬૦ મૂર્તિઓ રાખવામાં આવી હતી. કોઈ વ્યક્તિના અંદર તે મૂર્તિઓ વિરુદ્ધ કાંઈ બોલવાની હિંમત ન હતી.

અરબના લોકો મિજાઝના બહુ સખત હતા. નાની નાની વાત પર લડવા મરવા માટે તૈયાર રહેતા. અને જ્યારે કોઈ જંગ થઈ જતી તો વર્ષો સુધી ચાલતી રહેતી. લોહીની નદીઓ વહેતી અને વંશો સુધી જંગ ચાલુ રહેતી. લોકો મુરદાર ખાતા, શરમ તથા હયા તેમનામાંથી ઉઠી ગઈ હતી. દીકરીના જન્મ પર બહુ નાખુશ થતા. કેટલાક ખાનદાન તો છોકરીઓને મારી નાખતા અથવા જીવતી દફન કરી દેતા. મૂર્તિઓના નામ પર માણસોની કુર્બાનીઓ પેશ કરતા. ઔરતોને બહુ તુચ્છ તથા મનોરંજનનો સામાન સમજતા. બહેનો, માઓ, વહુ તથા દીકરીઓ સાથે શાદી કરી લેતા. એક વ્યક્તિ કેટલીય પત્નીઓ રાખતો અને જ્યારે તે મરી જતો તો તે ઔરતો તેની મિલકતમાં વહેંચાતી. બિભત્સપણુ, ચુગલખોરી, જૂગાર,

લૂટમાર તથા જંગ અને લડાઈને કોઈ ઐબ (ખરાબી) ન સમજતા. શરાબ પીવું તેમની જિંદગીનો એક હિસ્સો બની ગયો હતો. તેમનામાં હરામ તથા હલાલનો કોઈ ફરક ન હતો. જંગલી જાનવરોથી પણ બદ્તર તેમની જિંદગી હતી. જાણે કે તે જહાલતના ઘોર અંધારામાં ભટકી રહ્યા હતા.

આ બધી ખરાબીઓના હોવા છતાં તેમનામાં કેટલીક ખૂબીઓ પણ હતી, તે બહાદૂર, શૂરવીર અને તલવારના ધણી હતા. તલવારની છાયામાં જાન અર્પણ કરી દેવી તેમના માટે ફખ્રની વાત હતી. તેઓ વાતના પાક અને વાયદાના સાચા હતા. મહેમાનોની બહુ જ ઈજ્જત તથા તા'ઝીમ કરતા. મહેમાન નવાઝી માટે સારા તથા તંદુરસ્ત ઊંટો ઝબહ કરી દેવાં તેમના માટે મામૂલી વાત હતી. સખાવત તથા બખ્શિશ તેમનામાં કુટી કુટીને ભરેલી હતી.

## હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہما السلام

હઝરત ઈબ્રાહીમ علیہ السلام બહુ જ ઊંચી શાનવાળા પૈગંબર થઈ ગયા છે. આપ મુલ્કે ઈરાક઼માં પેદા થયા અને ત્યાં જ મોટા થયા. જ્યારે જવાન થયા તો અલ્લાહ તઆલાએ આપને દીનની સમજ અતા ફર્માવી, અને નબુવ્વતથી સરફરાઝ કર્યા. તેમના એક પુત્રનું નામ ઈસ્માઈલ علیہ السلام છે. તેમને પણ અલ્લાહ તઆલાએ નબુવ્વત અતા ફર્માવી. તે હઝરત બીબી હાજરા رضی اللہ عنہاના શિકમ (પેટ) મુબારકથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને તથા માતાને મક્કા મુકર્રમામાં લાવી આબાદ કર્યા, અને તેમને અરબની જમીન અતા ફર્માવી.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બીજા પુત્રનું નામ હઝરત ઈસ્હાક઼ علیہ السلام છે જે હઝરત બીબી સારહ رضی اللہ عنہاના મુક઼દ્દસ પેટથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને મુલ્કે શામ અતા ફર્માવ્યું. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ત્રીજી પત્ની "કતુરા"ના પેટથી મદયન વગેરે પેદા થયા તેમને આપે યમનનો ભાગ અતા કર્યો.

હઝરત ઈસ્માઈલ علیہ السلامની શાદી ક઼બીલએ "જુરહમ"ની એક

હોનહાર ઔરત સાથે થઈ. તેમનાથી ઔલાદ થઈ અને બહુ જ વધી, આબાદ થઈ અને અરબના આસપાસમાં ફેલાઈ ગઈ. આ લોકો પહેલાં તો એક ખુદાની ઈબાદત કરતા હતા અને બધાનો આ જ મઝહબ હતો. પરંતુ થોડાક સમય પછી તેમનામાંથી વધારે પડતા લોકોની અંદર બદલાવ આવી ગયો. તેઓ કુફ્રની નજીક થવા લાગ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઈબાદતથી ગાફેલ થઈ મૂર્તિપૂજામાં લાગી ગયા.

હઝરત ઈસ્માઈલ علیہ السلامના બાર (૧૨) પુત્રો હતા. તેમાંથી એકનું નામ "કૈદાર" હતું, તે બહુ જ મશ્હૂર હતા. તેમની ઔલાદ મક્કામાં આબાદ થઈ અને પોતાના બાપની જેમ કા'બા મુઅઝ્ઝમાની ખિદમત કરતા રહ્યા. કા'બાને દુનિયામાં સૌ પ્રથમ મર્કઝે તૌહીદ કહેવાય છે.

કૈદારની ઔલાદમાં અદનાન નામનો એક બહુ જ ઈજ્જત તથા શાનવાળા શખ્સ પેદા થયા, જે પોતાની કૌમના સરદાર હતા. અને અદનાનની ઔલાદમાં થોડાક વંશો બાદ કુસય પેદા થયા, જે બહુ જ શાનો શૌકત તથા જાહોજલાલના માલિક હતા. કુસય બાદ તેમના પુત્ર અબ્દે મુનાફ પોતાના બાપના જાનશીન થયા, તે પણ કૌમના વડા હતા. ત્યાર બાદ તેમના પુત્ર હાશિમ અને તેમના પુત્ર અબ્દુલ મુત્તલિબ એક પછી એક એક જાનશીન થતા રહ્યા. તે જ અબ્દુલમુત્તલિબના પુત્ર અબ્દુલ્લાહ છે જેમના પુત્ર આપણા નબી જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે.

## ખાનદાની શરાફત

**શજરએ નસબ (વંશવેલો)** : આપણા નબી ﷺનો વંશ પિતાના તરફથી આ પ્રમાણે છે:

હઝરત મુહમ્મદ ﷺ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ, બિન હાશિમ, બિન અબ્દેમનાહ, બિન કુસય, બિન કિલાબ બિન મુર્રહ, બિન કાઅબ, બિન લુઅય, બિન ગાલિબ, બિન ફિહ્ર, બિન માલિક બિન નઝર, બિન કિનાનહ, બિન ખુઝયૂમહ, બિન મદરીકહ, બિન ઈલ્યાસ, બિન મુઝર બિન નિઝાર બિન, મઅદ્ બિન અદ્નાન.

અને વાલિદાની તરફથી આ પ્રમાણે છે :–

હઝરત મુહમ્મદ ﷺ બિન આમેના બિન્તે વહબ બિન અબ્દે મનાફ બિન ઝહરદ, બિન કિલાબ, બિન મુર્રહ.

હુઝૂર ﷺનાં માતા પિતાનો વંશ કિલાબ બિન મુર્રહથી ભેગો થઈ જાય છે.

મુલ્કે અરબમાં હિજાઝની અંદર એક બહુજ મશ્હૂર તથા શરીફ ખાનદાન કુરૈશ આબાદ હતું. આપણા નબી ﷺ આજ ખાનદાનના એક કબીલા બનૂ હાશિમમાં પેદા થયા.

તમે રસૂલુલ્લાહ ﷺના શજરએ નસબ (વંશવેલો)માં ફિહ્ર બિન માલિકનું નામ વાંચ્યું તેમનું નામ કુરૈશ હતું. એટલા માટે તેમની ઔલાદને કુરૈશ અથવા કુરૈશી કહેવામાં આવે છે.

ફિહ્ર બિન માલિકને કુરૈશ એટલા માટે કહેવામાં આવે છે કે કુરૈશ એક સમુદ્રિય જાનવરનું નામ છે જે બહુ તાકતવર હોય છે અને સમુદ્રના જાનવરોને ખાય છે એટલે બધા જ જાનવરો પર પ્રભાવ ધરાવનાર હોય છે. અને ફિહરા બિન માલિક પણ પોતાની તાકત તથા બહાદુરીના આધારે અરબના બધા જ કબીલાઓ પર પ્રભાવ ધરાવતા હતા. એટલા માટે તેમનો લકબ કુરૈશ પડી ગયો અને એ જ લકબથી મશ્હૂર થઈ ગયા.

**હાશિમ** : નબી કરીમ ﷺના પરદાદાનું નામ હાશિમ છે. બહુ ઈજ્જતદાર તથા સારા સંસ્કારવાળા હતા. પોતાના બાપ અબ્દેમનાફના મૃત્યુ બાદ તેમના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી થયા. તેમનું અસલ નામ "અમ્ર" હતું. બહુ જ સખી અને મહેમાન નવાઝ હતા.

એક વખત અરબમાં બહુ જ સખત દુકાળ પડી ગયો. લોકો દાણા દાણાના મહોતાજ થઈ ગયા. હાશિમ મુલ્કે શામથી સૂકી રોટલીઓ ખરીદી હજ્જના દિવસોમાં મક્કા શરીફમાં પહોંચ્યા. અને રોટલીઓનો ચુરો કરી ઊંટના ગોશ્તના સેરવા (રસો)માં ભેગુ કરી તમામ હાજીઓને પેટ ભરીને ખવડાવ્યું. તે દિવસથી લોકો આપને હાશિમ કહેવા લાગ્યા, એટલે રોટલીઓનો ચુરો કરવાવાળો.

હઝરત ઈસ્માઈલ عليه السلامની ઔલાદમાં જે રીતે કુરૈશ મુમતાઝ હતા, તેવી જ રીતે કુરૈશની ઔલાદમાં હાશિમ મુમતાઝ હતા. તેમનુ મૃત્યુ ૨૫ વર્ષની વયે "ગઝ્ઝા"માં થયું.

**અબ્દુલમુત્તલિબ** : હાશિમની શાદી મદીના મુનવ્વરામાં બનૂ નજ્જારના ખાનદાનની એક સ્ત્રી સાથે થઈ. તેમનાથી એક બાળક પેદા થયું. જેનું નામ "શૈબા" રાખવામાં આવ્યું. પછીથી તે "અબ્દુલ મુત્તલિબ"ના નામથી મશ્હૂર થયા. આ જ આપણા નબી ﷺના દાદા હતા. બહુ નેક તથા ઈબાદતગુઝાર હતા. ગારે હિરામાં જઈ ખુદાની ઈબાદતમાં લાગેલ રહેતા. તેમની પેશાનીમાં હુઝૂર ﷺનું નૂર ચમક્તું હતું. મક્કાવાસીઓ પર જ્યારે કોઈ મુસીબત આવી પડતી તો તેઓ અબ્દુલ મુત્તલિબના વસીલાથી દુઆ કરતા તો દુઆ ક઼બૂલ થઈ જતી. આપની સખાવત એવી હતી કે ઈન્સાન તો ઈન્સાન પક્ષીઓને પણ ખવડાવતા. જેથી આપનો લક઼બ (مُطْعِمُ الطَّيْرِ) "મુતઈમુત્તયૂર" પડી ગયો એટલે પક્ષીઓને ખવડાવનાર.

દૂર દૂરથી આવેલા હાજીઓને ખાવા, પીવા અને રહેઠાણની સુવિધા તે જ કરતા. એક જબરદસ્ત કામ તેમણે એ કર્યું કે હઝરત ઈસ્માઈલ عليه السلامના જમાનાનો કૂવો જેને ઝમઝમનો કૂવો કહેવામાં આવે છે તે લોકોની બેદરકારીના લીધે પૂરાઈ ગયો હતો. જેને સાફ કરાવી લોકો માટે આમ કરી દીધો. આ તે જ કૂવો છે જેનું પાણી બહુ બરકત અને નફાવાળુ છે. જેને હાજીઓ પીએ છે અને તબર્રુકના તૌર પર પોતાના કુટુંબીજનો માટે પણ લાવે છે. હઝરત અબ્દુલ મુત્તલિબ પણ પોતાના પિતાના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી હતા.

## ★ હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના رضی اللہ عنہا ★

હઝરત અબ્દુલ્લાહ આપણા નબી ﷺના પિતા અને હઝરત આમેના આપનાં માતા છે. અબ્દુલ મુત્તલિબના દસ પુત્રો હતા. જેમાંથી

પાંચ બહુ વિખ્યાત થયા. હઝરત અબ્બાસ અને હઝરત હમ્ઝા رضی اللہ عنہما ઈસ્લામ લાવવાના લીધે. હઝરત અબ્દુલ્લાહ હુઝૂર ﷺના પિતા હોવાના કારણે, અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺની પરવરિશના અને આપની મહબ્બતના કારણે અને અબૂ લહબ હુઝૂર ﷺની દુશ્મનીના કારણે.

હઝરત અબ્દુલ્લાહ હઝરત અબ્દુલ મુત્તલિબના બધા જ પુત્રોમાં સૌથી વધુ પ્યારા હતા. કેમ કે તેમની પેશાનીમાં નૂરે મુહમ્મદી પૂરી શાન અને શૌકત સાથે ઉજ્જવળ હતું. એટલા માટે હુસ્નો ખૂબી અને સીરત તથા કિરદારમાં બહુ જ શ્રેષ્ઠ હતા. કબીલએ કુરૈશની કેટલીય સ્ત્રીઓ તેમનાથી શાદી કરવા ઈચ્છતી હતી પરંતુ અબ્દુલમુત્તલિબ તેમના માટે એક એવી સ્ત્રીની શોધમાં હતા જે ખૂબસૂરત સાથે સાથે ખાનદાન તથા શરાફત અને શરમો હયામાં પણ શ્રેષ્ઠ હોય.

શામના યહૂદીઓએ તેમને કેટલીક નિશાનીઓથી ઓળખી લીધા હતા કે આ જ નબીએ આખિરુઝ્ઝમાં ﷺના પિતા છે. જેથી તેઓ હઝરત અબ્દુલ્લાહના કૃત્લ કરવા માટે યોજના બનાવવા લાગ્યા. એક દિવસ હઝરત અબ્દુલ્લાહ શિકાર માટે જંગલમાં તશરીફ લઈ ગયા. તેમની પાછળ યહૂદીઓની એક જમાઅત પણ જંગલમાં ગઈ કે કોઈપણ બહાને આજે અબ્દુલ્લાહને કૃત્લ કરી દેવામાં આવે. પરંતુ અલ્લાહ તઆલાના કરમે તેમને બચાવી લીધા. તેનો બનાવ એવો બન્યો કે એકાએક કેટલાક ઘોડેસવાર નમુદાર થયા જે દુનિયાના માણસોથી એકદમ અલગ હતા. તેમણે યહૂદીઓને મારીને ભગાડી મૂક્યા અને હઝરત અબ્દુલ્લાહને સુરક્ષિત રીતે તેમના ઘર સુધી પહોંચાડી દીધા. ''વહબ બિન મનાફ'' પણ જંગલમાં હતા. તેમણે આ બધુ પોતાની આંખોથી જોયું. જેથી તેમને હઝરત અબ્દુલ્લાહથી બહુ મહોબ્બત અને અકીદત થઈ ગઈ અને ઈરાદો કરી લીધો કે પોતાની નૂરે નઝર ''આમેના''ની શાદી અબ્દુલ્લાહ સાથે જ કરીશ. તેમણે પોતાની આ દિલી તમન્નાને પોતાના દોસ્તો વડે અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચાડી. ખુદાની શાન કે અબ્દુલ મુત્તલિબ પોતાના દીકરા અબ્દુલ્લાહ માટે જેવી દુલ્હન શોધતા હતા તે બધી જ ખૂબીઓ

આમેના બિન્તે વહબમાં ઉપસ્થિત હતી. અબ્દુલ મુત્તલિબે આ સંબંધને ખુશી ખુશી કબૂલ કરી લીધો અને ૨૪ વર્ષની ઉંમરે હઝરત અબ્દુલ્લાહનો નિકાહ બીબી આમેનાથી થઈ ગયો. નૂરે મુહમ્મદી હઝરત અબ્દુલ્લાહથી હઝરત આમેનાના પેટ મુબારકમાં જલ્વાગર થઈ ગયું. જયારે ગર્ભાવસ્થાના બે મહીના પૂરા થયા ત્યારે અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહને ખજૂરો લેવા માટે મદીના શરીફ મોકલ્યા અથવા વેપાર માટે મુલ્કે શામ મોકલ્યા. ત્યાંથી પરત ફરતી વખતે મદીનામાં પોતાના પિતાના મોસળ ''બનૂ અદી બિન નજ્જાર''માં એક મહીનો બીમાર રહી ૨૫ વર્ષની વયે મૃત્યુ પામ્યા અને ત્યાં જ ''દારે નાબેલગા''માં દફન થયા.

## અસ્હાબે ફીલ

અબ્દુલ મુત્તલિબના જમાનામાં યમનના ઈસાઈ બાદશાહ ''અબરહા''એ યમનના પાટનગર ''સન્આ''માં એક શાનદાર ગિરજા ઘર (ચર્ચ) બનાવડાવ્યું અને એની કોશિશ કરવા લાગ્યો કે અરબના લોકો ખાનએ કા'બાના બદલે યમનમાં આવી આ ગિરજા ઘરનો તવાફ કરે. જયારે તેની એ ખ્વાહિશ પૂરી ન થઈ તો તેણે ગુસ્સામાં આવી કા'બાને તોડી નાખવા માટે હાથીઓની ફોજ સાથે મક્કા રવાના થયો. અબરહાના લશ્કરીઓએ કુરૈશનાં ઊંટ અને જાનવરો લઈ લીધાં, જેમાં બસો અથવા ચારસો ઊંટ અબ્દુલ મુત્તલિબનાં પણ હતાં. અબ્દુલ મુત્તલિબ અબરહા પાસે પહોંચ્યા અને કહ્યું કે, તમારા સિપાહીઓ અમારા ઊંટ હાંકી લાવ્યા છે તેને તમે પરત કરી દો ! અબરહાએ કહ્યું, હે મક્કાના સરદાર ! આપે મારાથી થોડાક ઊંટોનો સવાલ કર્યો, પરંતુ કા'બાના વિશે કોઈ વાત ન કરી જેને હું તોડવા આવ્યો છું !

અબ્દુલ મુત્તલિબે કહ્યું, મને તો મારા ઊંટોથી મતલબ છે, કા'બા ખુદાનું ઘર છે, તે પોતે તેની રક્ષા કરી લેશે.

આ સાંભળી અબરહાએ કા'બા પર ચઢાઈ કરવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી. પેલી બાજુ અબ્દુલ મુત્તલિબ પોતાના ઊંટ લઈ પાછા ફર્યા

અને કુટુંબના થોડા માણસોને લઈ કા'બાના દરવાજા પર આવી ખુદાવંદે કરીમથી તેની સુરક્ષાની દુઆ માગી. ત્યાર બાદ બધાને લઈ પહાડ પર ચઢી ગયા અને મક્કા ખાલી કરી દીધુ. અલ્લાહ તબારક વ તઆલાએ આપની દુઆ કબૂલ ફર્માવી. અબરહાએ જેવો મક્કામાં દાખલ થવાનો ઈરાદો કર્યો અચાનક સમુદ્રની તરફથી "અબાબીલ" નામના પક્ષીઓ આસમાનમાં છવાઈ ગયાં, જેમની ચાંચ અને પંજાઓમાં નાની નાની કાંકરીઓ હતી. તે પક્ષીઓએ અબરહાની ફોજ પર તે કાંકરીઓની વર્ષા શરૂ કરી દીધી. જેના માથામાં આ કાંકરી વાગતી તેના શરીરને છેદી હાથીના શરીરની આરપાર થઈ જતી. પરિણામ એ થયું કે અબરહાની ફોજનો એક વ્યક્તિ પણ જીવતો ન રહ્યો. અને તે એ રીતે તબાહ થયા કે તેમના શરીરની બોટીઓ ટુકડે ટુકડા થઈ વિખેરાઈ ગઈ. કુર્આન મજીદમાં આ બનાવ આ રીતે વર્ણન થયેલ છે :–

**તર્જુમો** : "હે મહબૂબ ! શું તમે ન જોયું કે તમારા રબે હાથીવાળાઓનો શો હાલ કર્યો ? શું તેમનો દાવ તબાહીમાં ન નાખ્યો. અને તેમના પર પક્ષીઓની ટુકડીઓ મોકલી કે તેમને કાંકરીના પથ્થરોથી મારતા તો તેમને કરી નાખ્યા જેમ કે ચવાઈ ગયેલી ખેતીનાં પાંદડાં."

*–(સૂરએ ફીલ, પારા : ૩૦, કન્ઝુલ ઈમાન)*

અબ્દુલ મુત્તલિબે જ્યારે તેમની આ હાલત જોઈ તો ખુશી ખુશી પહાડથી ઉતરી ખુદાનો શુક્ર અદા કર્યો. આ બનાવ પછી અબ્દુલ મુત્તલિબનું માન પહેલાથીય વધી ગયું. અરબના લોકો તે વર્ષને "આમુલ્ ફિલ" કહે છે. એટલે કે હાથીઓનું વર્ષ. અસ્હાબે ફિલનો મતલબ થાય છે હાથીવાળા.

## જન્મ અને પરવરિશ

તમે અસ્હાબે ફીલનો બનાવ વાંચી લીધો. આ બનાવના પંચાવન દિવસ બાદ આપણા નબી ﷺ ૧૨ રબીઉલ અવ્વલ, ઈ.સ. પ્રમાણે ૨૦ એપ્રિલ ઈ.સ. ૫૭૧ના રોજ ફજરના સમયે સોમવારના દિવસે મક્કા

શરીફમાં હઝરત અબ્દુલ્લાહના ઘરે પેદા થયા. બાપ તો પહેલાં જ મૃત્યુ પામી ગયા હતા તે કઈ રીતે પોતાના બાળકને જોઈ ખુશ થતા. દાદા અબ્દુલ મુત્તલિબ બોલાવવામાં આવ્યા. તે વખતે તે કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હતા. ખુશખબરી મળતાં ઘરે પહોંચ્યા અને મહોબ્બતમાં પૌત્રને ગળે લગાડી લીધો. ત્યારબાદ ખાનએ કા'બામાં લઈ ગયા અને ખૈર તથા બરકતની દુઆ કરી અને મુહમ્મદ નામ રાખ્યું. આ નામ બહુ વહાલુ હતુ. આ પહેલાં અરબમાં આ નામ નથી રાખવામાં આવ્યું.

સૌ પ્રથમ હુઝૂર ﷺએ અબૂ લહબની લોંડી "સૂવય્બહ"નું દૂધ પીધું, પછી પોતાની માતાના દૂધથી સૈરાબ થયા. ત્યારબાદ હલીમા સઅદિયહ્ આપ ﷺને પોતાની સાથે લઈ ગયાં અને દૂધ પીવાડતાં રહ્યાં અને તેમની જ પાસે આપે દૂધ પીવાનો સમય વિતાવ્યો.

અરબના માલદાર અને શરીફ ઘરોમાં એ રિવાજ હતો કે તેઓ પોતાના બાળકોને દૂધ પીવડાવવામા માટે ગામડાઓમાં મોકલી આપતા જેથી ગામડાની સાફ સુથરી અને તાજી આબોહવાથી બાળકો પર તેનો સારો અસર પડે, અને તેમના અખ્લાક઼ પણ સારા થઈ જાય. અને એક જબરદસ્ત ફાયદો એ થતો કે બાળકો સારી ભાષા શીખી લેતા. કેમ કે તે દિવસોમાં સારી અને શુદ્ધ અરબી ભાષા તે લોકો બોલતા જે શહેરથી દૂર ગામડાઓમાં રહેતા. વધુ પડતા શહેરોની ભાષા બહારના વ્યક્તિઓ સાથે મેળમેળાપથી શુદ્ધ અરબી ન રહેતી.

રિવાજ પ્રમાણે ગામડાઓની ગરીબ સ્ત્રીઓ મક્કામાં આવી બાળકોને દૂધ પીવડાવવા લઈ જતી. જે વર્ષે આપણા નબી ﷺ પેદા થયા તે વર્ષે પણ સ્ત્રીઓ આવી. તેઓએ માલદારોના બાળકોને લઈ લીધાં જેથી વધુ બદલો અને ઈનામ મળે. રસૂલે અકરમ ﷺ યતીમ પેદા થયા હતા એટલા માટે કોઈ સ્ત્રી આપના તરફ ધ્યાન ન આપતી.

તે સ્ત્રીઓમાં "બની સઅદ બિન બિક્ર"ની એક સ્ત્રી હલીમા સઅ્દિયા પણ હતાં. તેમને કોઈ બાળક ન મળ્યુ હતું, તેમણે પોતાના પતિ હારિષને કહ્યું કે ખાલી હાથે જવું યોગ્ય નથી, જો તમે પરવાનગી

આપે તો આ યતીમ બાળકને લઈ જઈએ. હારિષે પરવાનગી આપી દીધી. ત્યાર બાદ હલીમા સઅ્દિયાએ નબી કરીમને પોતાના ખોળામાં લીધા. હવે શું ? હલીમાનું ઘર રહ્‌મતો અને બરકતોથી ભરપૂર થઈ ગયું. બંનેએ એકી સાથે કહ્યું, અમારા ઘરમાં જે રોનક નજર આવી રહી છે તે આ દુર્રે યતીમ (યતીમ બાળક)ની જ દેન છે. ખુદાની મરજી કે જે યતીમને તે લેવા ઈચ્છતાં ન હતાં અને એ સ્ત્રીઓએ પણ યતીમીની લીધે છોડી દીધા હતા તે જ યતીમની બરકતથી હલીમા સઅ્દીયાનું નામ એવું રોશન થયું કે કયામત સુધી બાકી રહેશે.

રિવાજ પ્રમાણે બે વર્ષ દૂધ પીવડાવ્યા બાદ હલીમા સઅ્દિયા હઝરત મુહમ્મદ ﷺને તેમની માતાના હવાલા કરવા મક્કા લાવ્યાં પરંતુ તે દિવસમાં મક્કામાં એક જાતનો વ્યાપક રોગચાળો ફેલાયેલો હતો. જેના કારણે તે તેમને લઈ ફરી પોતાના ઘરે પરત આવી ગયાં. આ રીતે લગભગ છ વર્ષ સુધી આપ ﷺ હલીમા સઅ્દીયાની સારસંભાળ (પરવરિશ)માં રહ્યા.

નાનાપણમાં બાળકોને રમવા કૂદવાનો ઘણો શોખ હોય છે, પરંતુ આપ નાની વયે પણ ખેલકૂદ અને લડાઈ ઝઘડાથી બહુ દૂર રહેતા હતા. હા ! કામ કરવામાં બહુ આગળ હતા. બીબી હલીમાના નાનાં મોટાં કામ કરી આપતા અને જંગલમાં પોતાની રઝાઈ (દૂધના સંબંધી) ભાઈઓ સાથે બકરીઓ ચરાવવા પણ જતા.

છઠ્ઠા વર્ષે હલીમા સઅ્દિયાએ નબી કરીમ ﷺને તેમની માતાના હવાલે કરી દીધા. થોડાક દિવસો પછી હઝરતે આમેના આપને લઈ આપના દાદાના મોસાળ ''બનૂ અદી બિન નજ્જાર''માં રિશ્તેદારોની મુલાકાત અથવા પોતાના શોહરની કબ્રની ઝિયારત માટે મદીના તશરીફ લઈ ગયાં. સાથે હઝરત અબ્દુલ્લાહની બાંદી ''ઉમ્મે અયમન'' પણ હતાં. મદીનાથી પાછા ફરતી વખતે ''અબ્વા'' ગામમાં આપની માતાનું મૃત્યુ થયું અને ત્યાં જ દફન થયાં. હઝરત ઉમ્મે અયમન આપને લઈ મક્કા આવ્યાં અને હુઝૂરને આપના દાદા અબ્દુલ મુત્તલિબના સુપરત કરી દીધા.

આપના દાદા બહુ પ્યાર અને મહોબ્બત સાથે આપની પરવરિશ કરતા રહ્યા. જ્યારે આપ ﷺની ઉમર આઠ વર્ષની થઈ તો દાદાનો સાથ પણ માથા પરથી ઉઠી ગયો. ત્યાર બાદ આપના કાકા અબૂ તાલિબે આપની સારસંભાળ કરી. હુઝૂર ﷺની નેક આદતો અને પ્યારી પ્યારી અદાઓએ અબૂ તાલિબને એવા આકર્ષી લીધા હતા કે તેઓ ક્યારેય હુઝૂર ﷺને પોતાની નજરોથી ગાયબ થવા ન દેતા અને આપની બહુ સંભાળ રાખતા.

## શકકે સદ્ર (સીનાને ચીરવું)

જે દિવસોમાં આપણા નબી ﷺ હઝરત હલીમા સઅ્દિયાના ત્યાં પાલનપોષણમાં હતા તે સમયનો બનાવ છે કે એક દિવસ આપે હલીમા સઅ્દિયાને કહ્યું કે મને ભાઈઓ સાથે જંગલમાં જવા દો જેથી સૈર (ફરવું) પણ કરું અને બકરીઓ પણ ચરાવું. હઝરત હલીમાએ પરવાનગી આપી દીધી. આપ ﷺ ભાઈઓ સાથે જંગલમાં જતા રહ્યા. બપોરના સમયે હલીમાનો એક પુત્ર રડતો રડતો અમ્મી જાન ! અમ્મી જાન ! કહેતાં કહેતાં આવ્યો અને કહ્યું, ત્રણ સફેદ કપડાવાળા આવ્યા અને મુહમ્મદને સૂવડાવી પેટ ચીરી નાખ્યું, પછી શું થયું તેની મને કાંઈ ખબર નથી ! આ ખબર સાંભળતાંની સાથે જ હઝરત હલીમા અને તેમના પતિ હતપ્રભ થઈ ગયાં અને દોડતાં જંગલમાં પહોંચ્યાં. જોયું કે મુહમ્મદે અરબી ﷺ બેઠેલા છે, પરંતુ ચહેરા પર ડર અનુભવાયો જેથી હઝરત હલીમાએ મહોબ્બતભર્યા સ્વરે પૂછયું, બેટા શું વાત છે ? આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ વ્યક્તિઓ સફેદ અને સ્વચ્છ કપડાં પહેરેલા આવ્યા, મને સીધો સૂવડાવી મારું પેટ ચીરી નાખ્યું અને તેમાંથી કોઈ વસ્તુ કાઢી ફેંકી દીધી અને કોઈ વસ્તુ મારા પેટમાં નાખી સીવી દીધું. પરંતુ મને જરાય તકલીફ નથી અનુભવાઈ. આ બનાવ સાંભળી બંનેવ ગભરાયાં તેમના પતિ હારિષે કહ્યું કે મને એવું લાગે છે કે એમના પર આસેબ (જિન અથવા ભૂત)નો અસર લાગે છે, એટલા માટે જલ્દી તેમને

તેમની માતા પાસે પહોંચાડી દો. હઝરત હલીમાએ આપને હઝરત આમિના رضی اللہ عنہا પાસે પહોંચાડી દીધા. હઝરત આમિના رضی اللہ عنہاએ પૂછયું, હલીમા ! એટલી પણ શું ઉતાવળ હતી ? તેમણે પૂરો વાકયો બયાન કર્યો અને પછી ભૂતપ્રેત હોવાનો શક જાહેર કર્યો. હઝરત આમિનાએ કહ્યું, બિલકુલ નહીં ! ખુદાની કસમ ! મારા પુત્ર પર ક્યારેય કોઈ જિન અને શયતાનનો હમલો થઈ જ નથી શક્તો, મારો પુત્ર બહુ ઊંચી શાનવાળો છે.

યાદ રાખો ! આપણા નબી ﷺના શરીર મુબારકને ચાર વખત ચીરવામાં આવ્યું અને તેમાં નૂર તથા હિકમતનો ખજાનો ભરવામાં આવ્યો.

પ્રથમ વખતે હલીમા સઅ્દિયાના ઘરે જેવું કે તમે વાંચ્યું, બીજી વખત દસ વર્ષની વયે, ત્રીજી વખત ગારે હિરામાં જ્યાં હુઝૂર ﷺ મોટે ભાગે ઈબાદતે ઈલાહીમાં લાગેલ રહેતા અને ચોથી વખતે શબે મેઅરાજમાં.

## શામ (સીરીયા)નો પહેલો સફર

**બુહૈરા રાહિબથી મુલાકાત** : કુરૈશ વેપાર ધંધાવાળા હતા. તેઓ વર્ષમાં બે વખત વેપાર માટે સફર કરતા. ઠંડીમાં યમનનો અને ગરમીઓમાં શામનો પ્રવાસ કરતા. આપણા નબી ﷺના કાકા અબૂ તાલિબનો પણ તે જ વ્યવસાય હતો. હુઝૂર ﷺની ઉમર ૧૨ વર્ષની હતી. અબૂ તાલિબે શામના સફરની તૈયારી શરૂ કરી દીધી. આ જોઈ રસૂલે કરીમ ﷺ તત્પર થઈ ગયા અને સાથે જવાનો શોખ જાહેર કર્યો. અબૂ તાલિબનું દિલ ભરાઈ ગયું અને કહ્યું, કસમ ખુદાની ! જરૂર તમને પોતાની સાથે લઈ જશે. અબૂ તાલિબ આપને પોતાની સાથે લઈ ગયા. કાફલો શામની જમીનમાં એક જગ્યા "બુસ્રા" પહોંચ્યો ત્યાં એક ગિર્જાઘર હતું. જેમાં એક રાહિબ (પાદરી) રહેતો હતો. જેનું નામ "જર્જિસ" હતુ અને "બુહયૂરા"ના નામથી મશહૂર હતો. તેણે તાજદારે અંબિયા ﷺને જોતાં જ ઓળખી લીધા કે આ જ આખરી નબી છે. કેમ કે તેણે આસમાની

કિતાબોમાં આખરી નબીની નિશાનીઓ પઢી હતી. આપનો હાથ પકડી તેણે કહ્યું, આ બંને જહાના સરદાર છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપને બધા જહાનો માટે રહ્મત બનાવીને મોકલ્યા છે. લોકોએ પૂછયું, તમને કઈ રીતે ખબર ?! તેણે કહ્યું, જ્યારે તમે એમને લઈ ઘાટ પરથી ઉતરી રહ્યા હતા તો મેં જોયું કે બધા જ ઝાડો અને પથ્થરો તેમને સજદો કરી રહ્યાં છે અને વાદળે તેમના પર છાંયડો કરેલ છે, અને એમના બંને ખભાઓ વચ્ચે મોહરે નબુવ્વત છે જે ઈંડાના આકારનું છે. ત્યાર બાદ રાહિબે બધા જ મુસાફરોની દા'વત કરી અને અબૂ તાલિબને પૂછયું કે આ બાળક સાથે તમારો શું સંબંધ છે ? અબૂ તાલિબે કહ્યું, આ મારો પુત્ર છે. તેણે કહ્યું, એ નથી થઈ શક્તુ. ત્યાર બાદ અબૂ તાલિબે કહ્યું, આ મારા ભાઈની દિકરો છે. રાહિબે પૂછયું, તેના બાપનો શો હાલ છે ?! અબૂ તાલિબે કહ્યું, મૃત્યુ પામી ગયા છે. ત્યારે રાહિબે કહ્યું, તમે સાચુ કહો છો આ જ આખરી નબીની નિશાની છે. યહૂદીઓ તેમના દુશ્મન છે એટલા માટે સારું એ છે કે તમે એમને લઈ પાછા ચાલ્યા જાવ અને શામના યહૂદીઓથી તેમની રક્ષા કરો. જો તેઓ નિશાનીઓથી તેમને ઓળખી લેશે તો તેમને શહીદ કરી નાખશે.

રાહિબના કહેવાથી અબૂ તાબિલને ડર છવાય ગયો અને તેમણે ત્યાં જ વેપારનો સામાન વેચ્યો અને એકદમ જલ્દી આપણા નબી ﷺને લઈ મક્કા આવી ગયા. પાછા ફરતી વખતે રાહિબે સફરનો સામાન પણ પેશ કર્યો.

## ★ શામનો બીજો સફર ★

**નસ્તુરા રાહિબથી મુલાકાત** : જ્યારે તાજદારે મદીના ﷺ કારોબારને લાયક થઈ ગયા તો આપે પણ વેપારનો વ્યવસાય અપનાવ્યો. આપ علیہ الصلوٰۃ والسلام નાનપણમાં કાકા અબૂ તાલિબ સાથે વેપાર માટે સફર કરી ચૂક્યા હતા એટલા માટે થોડાક જ દિવસોમાં આપના વેપારમાં દઢતા આવી ગઈ. અને જ્યારે આપે નિશ્ચિત વેપાર કરવાનો

શરૂ કરી દીધો તો આપ ﷺની દયાનતદારીનો ચર્ચો થવા લાગ્યો, જેના લીધે આપ એલાને નબુવ્વત પહેલાં જ "અમીન" અને "સાદિક઼"ના લકબથી ઓળખવા લાગ્યા.

હઝરત ખદીજા બિન્તે ખોવૈલદ અરબની માલદાર સ્ત્રી હતાં. તેમને એક એવા અનુભવી અને અમાનતદાર વ્યક્તિની શોધ હતી જે તેમનો વેપારનો માલ વેચે. આપણા નબી ﷺથી શ્રેષ્ઠ અમીન તથા સાદિક઼ તેમને કોણ મળતુ ?! તેમણે આપ ﷺને બોલાવી વેપારનો માલ સોંપ્યો અને કહ્યું કે જે મહેનતાણુ હું બીજાઓને આપુ છું આપને તેનાથી બે ગણુ મહેનતાણુ આપીશ. રસૂલે કરીમ ﷺએ ક઼બૂલ ફર્માવી લીધું અને વેપારનો માલ લઈ એક વેપારીઓના કાફલા સાથે મુલ્કે શામ જવા રવાના થયા. તે સમયે આપની વય ૨૫ વર્ષ હતી. બીબી ખદીજા رضی اللہ عنہاએ આપની ખિદમત માટે સાથે પોતાના ગુલામ "મયસરા"ને પણ મોકલી આપ્યો. જ્યારે કાફલો મુલ્કે શામના બુસરા શહેરમાં પહોંચ્યો તો એ વખતે કાફલાએ "નસ્તુરા" રાહિબની ખાનક઼ાહ નજીક પડાવ નાખ્યો. રાહિબે આપને જોઈ મયસરાને પૂછયું, તે કોણ છે જે પેલા ઝાડ નીચે બેઠા છે ? મયસરાએ જવાબ આપ્યો કે તે મક્કાના રહેવાસી છે, ખાનદાને બનૂ હાશિમના ચશ્મો ચિરાગ છે અને તેમનું નામ "મુહમ્મદ" છે. આ સાંભળી નસ્તુરા રાહિબે કહ્યું, આ ઝાડ નીચે નબી સિવાય કોઈ નથી ઉતર્યું. ઈસા علیہ السلامએ ફર્માવ્યું હતું કે, મારા બાદ આ ઝાડ નીચે નબીએ આખિરુઝ્ઝમાં ﷺ સિવાય કોઈ પણ નહીં રોકાય. ત્યાર બાદ ફરી પૂછયું, આ લાલશ તેમને આંખોમાં હમેશાં રહે છે ? તે મયસરાએ કહ્યું, હા ! હમેશાં રહે છે. આ સાંભળતાં જ નસ્તુરાએ કહ્યું, આ તે જ છે ! આ તે જ છે ! એટલે કે નબીએ આખિરુઝ્ઝમાં (ﷺ)

હે કાશ ! હું તેમના નબુવ્વતના જમાનામાં હોત તો તેમના પર ઈમાન લાવતો. ત્યાર બાદ રાહિબ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને માથુ અને ક઼દમ ચૂમી અર્ઝ કરી, હું તમારા પર ઈમાન લાવ્યો અને હું ગવાહી આપુ છું કે આપ જ તે નબી છે જેમનો ઝિક્ર (ચર્ચો) આસમાની

કિતાબોમાં છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ત્યાં જ બુસરાના બજારમાં વેપારનો માલ વેચી બીજી વસ્તુઓ ખરીદી લીધી.

આ જ બજારનો બનાવ છે કે એક વ્યક્તિ સાથે ખરીદ વેચાણમાં મતભેદ થઈ ગયો. તે વ્યક્તિએ કહ્યું, લાત અને ઉઝ્ઝા (અરબની મશ્હૂર મૂર્તિઓ)ની ક઼સમ ખાવ ! તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેં ક્યારેય તેમની ક઼સમ નથી ખાધી ! આ વાત પર તે વ્યક્તિ ચૂપ થઈ ગયો અને મયસરાને એક તરફ લઈ જઈ કહેવા લાગ્યો કે આ નબી છે, ક઼સમ ખુદાની આ તે જ છે જેમની નિશાનીઓ અમારી કિતાબોમાં બયાન થઈ છે.

કાફલાના બીજા લોકોએ પણ સામાન વેચ્યો અને પાછા ફર્યા. આપણા નબી ﷺને આ સફરમાં બે ગણો નફો થયો અને જે મહેનતાણુ નક્કી હતું હઝરત ખદીજા رضی اللہ عنہاએ તેનાથી પણ વધુ આપ્યું.

## નિકાહ

હઝરત ખદીજા رضی اللہ عنہا એક માલદાર વિધવા ઔરત હતાં. તેમની શરાફત અને પવિત્રતાના પ્રભાવથી તેમનો લક઼બ "તાહિરા" હતો. અરબના મોટા મોટા સરદારો આપનાથી શાદી કરવાની ઈચ્છા રાખતા હતા. પરંતુ તેણી હવે શાદી કરવા ન ઈચ્છતાં હતાં. હઝરત ખદીજા رضی اللہ عنہاએ આપણા નબી ﷺની નેકનામી, શરાફત, સચ્ચાઈ અને દયાનતદારી વિશે પહેલાથી સાંભળ્યું હતું તેથી તે આપથી ઘણી મહોબ્બત કરતાં હતાં. વેપારી કાફલો જ્યારે શામથી પરત થઈ રહ્યો હતો અને મક્કામાં દાખલ થવાનો હતો ત્યારે હઝરત ખદીજા رضی اللہ عنہا આગમનનો નઝારો જોવા છત પર ચઢી ગયાં. શું જુએ છે કે બે ફરિશ્તા મુહમ્મદે અરબી ﷺ પર છાંયડો કરતા આવી રહ્યા છે. તદ્ ઉપરાંત આપના ગુલામ મયસરાએ પણ સફરનો હાલ વર્ણન કર્યો અને નસ્તુરા રાહિબનો બનાવ પણ સંભળાવ્યો. તો હઝરત ખદીજા رضی اللہ عنہاના દિલમાં આપની અઝમત વધી ગઈ અને નિકાહની ઈચ્છા પેદા થઈ ગઈ. આપે નિકાહનો પયગામ મોકલ્યો. રસૂલે કરીમ ﷺએ સંબંધને પોતાના કાકા અબૂ

તાલિબ અને ઘરના વડીલો સમક્ષ રજૂ કર્યો. કોણ એવું હોય જે હઝરત ખદીજા رضی اللہ عنہا જેવી પાકદામન, શરીફ, બુદ્ધિમાન અને માલદાર સ્ત્રીથી શાદી કરવાથી ના કહેતું ?! ખાનદાનના લોકોએ આ સંબંધને ખુશીથી મંજૂર કરી લીધો. થોડાક દિવસો પછી બહુ સાદાઈ સાથે નિકાહની રસ્મ અદા થઈ. નબી કરીમ ﷺ કુટુંબના માનનીય લોકો સાથે હઝરત ખદીજા رضی اللہ عنہاના ઘરે આવ્યા, જેમાં અબૂ તાલિબ, હઝરત હમ્ઝા અને હઝરત અબૂબક્ર (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) પણ હતા. કાકા અબૂ તાલિબે નિકાહનો ખુત્બો પઢયો અને મહેર ૫૦૦ દિરહમ નક્કી થઈ. નિકાહના સમયે આપની ઉમર ૨૫ વર્ષની હતી અને હઝરત ખદીજા رضی اللہ عنہاની વય ૪૦ વર્ષ હતી.

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا લગભગ ૨૫ વર્ષ રસૂલે કાઈનાત ﷺની ખિદમતમાં રહ્યાં, ત્યાર બાદ આપનુ મૃત્યુ થઈ ગયું. તેમની હયાતમાં આપણા નબી علیہ الصلوٰۃ والسلامએ બીજો નિકાહ નથી કર્યો. આપ ﷺની જેટલી પણ ઔલાદ થઈ બધી હઝરત ખદીજાના શિકમ (પેટ) મુબારકથી થઈ. ફક્ત એક બાળક હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ હઝરત મારિયા કિબ્તીયા رضی اللہ عنہاના શિકમથી પેદા થયા.

હઝરત ખદીજા رضی اللہ عنہاએ પોતાની તમામ દૌલત તાજદારે મદીના ﷺના કદમો પર કુર્બાન કરી દીધી અને આખી જિંદગી આપની ખિદમતમાં ગુજરી. ક્યારેય આપ علیہ الصلوٰۃ والسلامને કોઈ તકલીફ ન આપી. રસૂલુલ્લાહ ﷺ પણ આપનાથી ઘણી મહોબ્બત ફર્માવતા અને તેમની વફાત બાદ પણ તેમનો ઝિક્ર કરતા અને તેમની ખૂબીઓ બયાન કરતા.

## ખાનએ કા'બા

મક્કા મુકર્રમામાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلامએ અલ્લાહના હુકમથી તેની ઈબાદત માટે એક ઘર બનાવ્યુ હતું જે આજ સુધી ઉપસ્થિત છે, તેનું જ નામ "કા'બા" છે. વિશ્વની દરેક જગ્યાએથી મુસલમાનો ત્યાં હજ્જ માટે જાય છે.

હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہم السلام એ બનાવેલુ કા'બા પૂરાણુ થઈ ગયુ હતું અને ઈમારત કમજોર થઈ ગઈ હતી. ક઼ૌમે અમાલિકા, કબીલા જુરહુમ અને કુસય વગેરેએ પોત પોતાના જમાનામાં તેનું બાંધકામ કર્યું. કા'બાની ઈમારત બહુ નીચલા ભાગમાં આવેલી હતી એટલા માટે વરસાદનું પણ તેમાં પ્રવેશી જતું જેથી ઈમારતને બહુ નુકસાન થતુ હતું. તેની રક્ષા માટે મક્કાવાળાઓએ આજુબાજુ બંધ બાંધી દીધો હતો, પરંતુ તે તૂટી જતો. એટલા માટે કુરૈશે એ નિશ્ચય કર્યો કે હવે કા'બાનું બાંધકામ નવેસરથી કરવામાં આવે જેનો દરવાજો ઊંચો હોય જેથી વરસાદના પાણીથી રક્ષા થઈ શકે. બધા જ લોકોએ આ વાત ક઼બૂલ કરી અને કામ શરૂ થઈ ગયું. કુરૈશે કા'બાના બાંધકામમાં તનતોડ મહેનત કરી. આપણા નબી ﷺ એ પણ બાંધકામમાં ભાગ લીધો. તે સમયે આપની વય ૩૫ વર્ષની હતી. કુરૈશના બીજા લોકો સાથે આપ علیہ الصلوٰۃ والسلام બરાબર કામમાં લાગેલા રહ્યા. બાંધકામ જ્યારે તે જગ્યાએ પહોંચ્યું જ્યાં ''હજરે અસ્વદ'' મૂકવાનો હતો ત્યારે બધા કબીલાઓ વચ્ચે બહુ પ્રચંડ ઝઘડો થઈ ગયો. દરેક કબીલાવાળા ઈચ્છતા હતા કે હજરે અસ્વદને અમે ઉઠાવી દીવાલમાં ચણીએ જે અમારા માટે ઈજ્જત અને ફખ્રની વાત થાય. આ બાબત ત્યાં સુધી વધી કે તલ્વારો નીકળી ગઈ અને એ જ મડાગાંઠમાં ચાર દિવસ પસાર થઈ ગયા. પાંચમા દિવસે અરબના બધા કબીલા ભેગા થયા અને આ ઝઘડાનો ફેંસલો કરવા એક વૃદ્ધ વ્યક્તિએ ઉપાય દર્શાવ્યો કે કાલે સવારે જે વ્યક્તિ સૌ પ્રથમ ખાનએ કા'બામાં દાખલ થઈ જાય તેને બધા લોકો ફેંસલો કરવાવાળો માને અને તે જે ફેંસલો કરે તેને ક઼બૂલ કરે. સવારે દરેક વ્યક્તિએ કોશિશ કરી કે હું ખાનએ કા'બામાં પ્રથમ દાખલ થઈ જાઉં, પરંતુ સવારે લોકો પહોંચ્યા તો શું જોયું કે આપણા નબી, નૂરે મુજસ્સમ ﷺ પહેલાં જ ત્યાં પહોંચી ચૂક્યા છે. આપ علیہ الصلوٰۃ والسلام ને જોઈ બધા જ લોકોના ચહેરા ખુશીથી ખીલી ઉઠયા અને બધા એકી સાથે પોકારી ઉઠયા, ખુદાની ક઼સમ ! આ ''અમીન'' છે અને તે જે ફેંસલો કરશે અમે તેના પર રાજી છીએ. આપ ﷺ એ આ સમસ્યાનો

નિકાલ એ રીતે કર્યો કે બધા કબીલાવાળાઓને બોલાવીને કહ્યું કે એક એક સરદાર ચૂંટી લો. કબીલાવાળાઓએ પોતાના સરદાર ચૂંટી લીધા તો રહ્મતે આલમ ﷺએ પોતાની ચાદર મુબારક પાંથરી અને હજરે અસ્વદને વચ્ચે મૂક્યો. ત્યાર બાદ સરદારોને હુકમ આપ્યો કે બધા સરદારો ચાદરને પકડી પથ્થર ઉઠાવો. બધાએ આ રીતે પથ્થર ઊંચક્યો અને જ્યારે પથ્થર તે જગ્યાએ પહોંચી ગયો જ્યાં તેને મૂકવાનો હતો તો રસૂલે કરીમ ﷺએ પોતાના હાથ મુબારકથી તે મુક઼દ્દસ પથ્થરને ત્યાં મૂકી દીધો. જેના લીધે એક ખતરનાક જંગ રોકાઈ ગઈ અને કોઈ વિરોધ ન થયો.

જુઓ ! આપણા નબી ﷺનો ફૈસલો કેટલો પ્યારો હતો જેના કારણે હજારો લોકોનો જીવ બચી ગયો અને હજરે અસ્વદને ઊંચકવામાં દરેક ક઼બીલો સામેલ પણ થઈ ગયો.

## હિરા અને વહી

નબીએ અકરમ ﷺનું જ્યારે ચાલીસમું વર્ષ શરૂ થયું તો એકદમ આપની હાલત બદલાઈ ગઈ. આપ એકાંતમાં રહેવા લાગ્યા. વધુ પડતો સમય ઈબાદતમાં ગુજારતા. અરબના બગડેલા માહોલ વિશે વિચાર તથા ફિક્ર કરતા અને તેને સુધારવાનો ઉપાય વિચારતા રહેતા. આપ જ્યાં ઈબાદત કરતા તે જગ્યાને "ગારે હિરા" કહે છે. મક્કાથી મિનાની તરફ લગભગ ત્રણ માઈલની દૂરી પર એક પહાડ છે જેને "જબલે નૂર" કહેવામાં આવે છે. તે પહાડમાં એક બખોલ છે જેનું નામ "હિરા" છે. અહીંયાં જ સરકારે મદીના ﷺ પર પહેલી વહી નાઝિલ થઈ. વહી તે કલામને કહે છે જે કોઈ નબી પર અલ્લાહ તઆલાની તરફથી નાઝિલ થાય.

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પર વહીની શરૂઆત સારા ખ્વાબોથી થઈ. જે પણ ખ્વાબ આપ જોતા તેની તાબીર ચમક્તા સૂરજની જેમ જાહેર થઈ જતી. પછી અલ્લાહ તઆલાએ આપના દિલમાં એકલતાથી મહોબ્બત પેદા કરી દીધી અને આપ ગારે હિરામાં વધુ સમય એકલા રહેવા લાગ્યા, ત્યાં વધુ સમય

ઈબાદતમાં લાગેલા રહેતા, ખાવા પીવાનો સામાન સાથે લઈ જતા. જ્યારે સામાન પૂરો થઈ જતો તો ઘરે આવતા અને ફરી સામાન લઈ જતા. ક્યારેક આપનાં નેક પત્ની ખદીજતુલ કુબ્રા જાતે ખાવા પહોંચાડી દેતાં. એક દિવસ આપ તે જ ગારમાં હતા કે હઝરત જિબ્રઈલે અમીન عليه السلام હાજર થયા અને હુઝૂર ﷺથી અર્ઝ કરી, "પળ્હો"! નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું, "હું નહીં પઢું !" જિબ્રઈલે અમીન عليه السلامએ આપને શરીરથી લગાડી તાક઼ત પ્રમાણે દબાવ્યા અને અર્ઝ કરી, પળ્હો ! આપે આ વખતે પણ ફર્માવ્યું કે, "હું નહીં પઢું !" આ સાંભળી હઝરત જિબ્રઈલ અમીન عليه السلامએ ફરીથી શરીર સાથે લગાડી તાક઼ત પ્રમાણે દબાવ્યા અને જુદા કર્યા બાદ અર્ઝ કરી, "પળ્હો !" આપે કહ્યું, "હું નહીં પઢું !"

ત્યાર બાદ હઝરત જિબ્રઈલે અમીન عليه السلامએ સીનાથી લગાડી ફરીથી તાકત પ્રમાણે દબાવ્યા અને અલગ કરી કહ્યું :–

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَۚ خَلَقَ الْاِنْسَانَ مِنْ
عَلَقٍۚ اِقْرَاْ وَ رَبُّكَ الْاَكْرَمُۙ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِۙ
عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ یَعْلَمْؕ

**(તર્જુમો)** : "પઢો પોતાના રબના નામથી જેણે પેદા કર્યા, માણસને લોહીની ફટકથી બનાવ્યો. પઢો, અને તમારો રબ જ બધાથી મોટો કરીમ, જેણે ક઼લમથી લખતાં શિખવ્યું, આદમીને શિખવ્યું જે જાણતો ન હતો." *(સૂરએ અલક઼, આ. ૧ થી ૫)*

હવે હુઝૂર ﷺએ પઢયું, ત્યાર પછી હઝરત જિબ્રઈલ અમીન عليه السلام પાછા ફરી ગયા. આ બનાવ સોમવારના દિવસે ૧૭ રમઝાનુલ મુબારકે બન્યો. તે વખતે આપની ઉંમર ૪૦ વર્ષની થઈ હતી.

આ આયતોને યાદ કરીને આપ ઘરે તશરીફ લાવ્યા. આ બનાવના લીધે આપ ધ્રુજી રહ્યા હતા. આપે સૈયદા ખદીજા رضی اللہ عنہاથી કહ્યું, મને કંબલ ઓઢાડો ! મને કંબલ ઓઢાડો ! આપને કંબલ ઓઢાડી દેવામાં આવ્યો. જ્યારે કાંઈક રાહત થઈ તો આપે ગારમાં બનેલો બનાવ હઝરત ખદીજા رضی اللہ عنہاને કહ્યો અને કહ્યું કે મને મારા જીવનો ડર છે. હઝરત

બીબી ખદીજાએ કહ્યું, હરગિઝ નહીં ! ખુદાની કસમ ! અલ્લાહ આપને રૂસ્વા નહીં કરે. આપ સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કરો છો, બેસહારાઓને સહારો આપો છો, પોતાની કમાઈમાંથી મોહતાજોને આપો છો, મહેમાનોને ખાવા ખવડાવો છો અને લોકોની મુસીબતોમાં કામ આવો છો.

પછી તે આપને પોતાના પિત્રાઈ ભાઈ વર્કા બિન નવફીલ પાસે લઈ ગયાં. વર્કા તૌરાત અને ઈન્જીલના જબરદસ્ત આલિમ હતા, અને હવે તે વૃદ્ધ અને આંધળા થઈ ગયા હતા. બીબી ખદીજા رضی اللہ عنہاએ કહ્યું, ભાઈ જાન ! જરા પોતાના ભત્રીજાની વાત સાંભળો. વર્કાએ કહ્યું, હે ભત્રીજા ! સંભળાવો ! શું વાત છે ? રસૂલે કરીમ ﷺએ ગારે હિરાનો પૂરો બનાવ કહી સંભળાવ્યો. વર્કાએ કહ્યું, અરે ! આ તો તે જ ફરિશ્તો છે જે હઝરત મૂસા علیہ السلام પાસે આવ્યા કરતો હતો. ત્યાર પછી કહ્યું કે, હે કાશ ! હું તે વખતે જીવતો રહેતો જ્યારે આપની કૌમ આપને મક્કાથી બહાર કાઢશે, તો હું તમારી ભરપુર મદદ કરતો. આ સાંભળી રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, શું આવું પણ થશે ?! વર્કાએ કહ્યું કે, હા ! આ વર્તાવ ફક્ત તમારી સાથે જ નહીં બલ્કે દરેક નબી સાથે થયો છે કે લોકો તેમની સાથે દુશ્મની કરવા લાગ્યા.

## ઈસ્લામની તબ્લીગ

પ્રથમ વહીના નાઝિલ થયા બાદ થોડા સમય માટે વહી રોકાઈ રહી. તે દરમિયાન રસૂલે કરીમ ﷺનો શોખ અને ઈન્તેઝાર વધતો રહ્યો. ત્યાર બાદ આ આયતો નાઝિલ થઈ :–

يٰاَيُّهَا الْمُدَّثِّرُ ۙ قُمْ فَاَنْذِرْ ۙ وَ رَبَّكَ فَكَبِّرْ ۙ وَ ثِيَابَكَ
فَطَهِّرْ ۙ وَ الرُّجْزَ فَاهْجُرْ ۙ

**(તર્જુમો)** :''અય કંબલ ઓઢવાવાળા ! ઊભા થઈ જાવ, પછી ડર સંભળાવો અને પોતાના રબની જ બડાઈ બોલો અને પોતાનાં કપડાં પાક

રાખો, અને મૂર્તિઓથી દૂર રહો." *(સૂરએ મુદ્દષ્ષિર, પા : ૨૯, આ. ૧ થી ૫ )*

અરબ જો કે મૂર્તિપૂજાથી ઘેરાયેલા હતા એટલા માટે તેમની વચ્ચે ખુલ્લે આમ ઈસ્લામની તબ્લીગ કરવું બહુ મુશ્કેલ હતું. આ માહોલને જોતાં આક઼ાએ નામદાર ﷺએ પહેલાં છુપી રીતે તબ્લીગ અને દા'વતનું કામ શરૂ કર્યું. આ દરમિયાન ઘણા લોકોએ ઈસ્લામ ક઼બૂલ કર્યો. મર્દોમાં સૌ પ્રથમ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ઈમાનની દૌલતથી માલામાલ થયા. ઔરતોમાં હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا (રસૂલે કરીમ ﷺનાં પત્ની), બાળકોમાં હઝરત અલી رضی اللہ عنہ અને ગુલામોમાં હઝરત હારિષા رضی اللہ عنہ ઈમાન લાવ્યા. એ જ વખતમાં હઝરત બિલાલ رضی اللہ عنہ અને હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہاએ પણ ઈસ્લામ ક઼બૂલ કર્યો. ધીરે ધીરે ઈસ્લામનો અવાજ લોકોના કાનોમાં પડવા લાગ્યો. જે લોકો અરબની જહાલત અને મૂર્તિપૂજાથી અલિપ્ત રહીને પહેલેથી જ દીને હક્ક઼ની શોધમાં હતા તે લોકોએ આ હક્ક઼ની અવાજ પર તરત જ "લબ્બૈક" કહ્યું. અને જેમના દિલોમાં મૂર્તિઓની મહોબ્બત વસી ગઈ હતી તે આ વાતો તરફ બિલકુલ ધ્યાન ન આપતા.

છુપી રીતે તબ્લીગનો સિલસિલો બરાબર ત્રણ વર્ષ સુધી ચાલતો રહ્યો. લોકો ધીરે ધીરે ઈસ્લામના વર્તુળમાં દાખલ થવા લાગ્યા. આ રીતે મુસલમાનોની એક જમાઅત તૈયાર થઈ ગઈ. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને હુકમ આપ્યો કે જાહેરમાં અલ્લાહનું નામ બુલંદ કરો. ઈસ્લામની દા'વત આપો, મૂર્તિપૂજાથી રોકો, મુશ્રિકોનો જરા પણ ડર ન અનુભવો અને મારા બંદાઓને નસીહતની વાતો બતાવો.

મક્કાવાળાઓનો રિવાજ હતો કે જ્યારે કોઈ મહત્વપૂર્ણ કામ સંબંધે લોકોને ભેગા કરવા માટે "સફા" પહાડ પર ચઢીને પુકારતા હતા અને લોકો ભેગા થઈ જતા. આ જ રિવાજ પ્રમાણે સરવરે કાઈનાત ﷺએ પણ એક દિવસે સફા પહાડ પર ચઢી મક્કાવાળાઓને અવાજ આપ્યો તો લોકો ભેગા થઈ ગયા. આપે ફર્માવ્યું : હે લોકો ! જો હું એમ કહું કે

આ પહાડની પાછળ એક જબરદસ્ત સેના છે જે તમારા પર હુમ્લો કરવા ઈચ્છે છે, તો શું તમે લોકો મારી વાત માની લેશો ?! બધાએ એક સાથે કહ્યું કે બેશક ! માની લઈશું. એટલા માટે કે અમારા સમક્ષ આપનું પૂરુ જીવન છે. અમે તમને ક્યારેય જૂઠુ બોલતા નથી જોયા. આપ યક઼ીનન ! "અમીન" અને "સાદિક઼" છો. જે કાંઈ કહેશો સાચુ અને બરાબર કહેશો. ત્યાર બાદ આપ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, હે લોકો ! હું સાચો નબી છું, મારા પર ઈમાન લાવો, અને જો તમે ઈમાન નહીં લાવો તો અલ્લાહના અઝાબથી બચી નથી શક્તા. આ વાત સાંભળી મક્કાના કાફિરો ગુસ્સે ભરાયા અને કહેવા લાગ્યા, તમે આટલા માટે જ અમને બોલાવ્યા છે ! જે લોકો એ આ પહેલાં આપને અમીન તથા સાદિક઼ કહ્યા કરતા હતા, હવે તે જ આપને પાગલ, જાદૂગર અને શાયર કહેવા લાગ્યા ! ત્યાં સુધી કે આપના કાકા અબૂ લહબ ભાન ભૂલી ગયો અને તે આપને બહુ ઊંધુ સીધુ બકવા માંડયો. આપણા નબી ﷺ એ તો કંઈ ન કહ્યું, પરંતુ અલ્લાહ તઆલાને પોતાના મહબૂબની તૌહીન ગવારા ન હતી અને આ આયતે કરીમા નાઝિલ થઈ :–

تَبَّتۡ یَدَاۤ اَبِیۡ لَہَبٍ وَّ تَبَّ ؕ مَاۤ اَغۡنٰی عَنۡہُ مَا لُہٗ وَ مَا
کَسَبَ ؕ سَیَصۡلٰی نَارًا ذَاتَ لَہَبٍ ۚ

**(તર્જુમો)** : "તબાહ થઈ જાય અબૂ લહબના બંને હાથ અને તે તબાહ થઈ જ ગયો." *(સૂરએ લહબ, સૂરત : ૧૧૧, આ. ૧ થી ૩ )*

પરંતુ રસૂલે કરીમ ﷺ પર કાફિરોની આ નારાજગીનો કોઈ અસર ન થયો. આપ બરાબર લોકોને ઈસ્લામની તરફ બોલાવતા રહ્યા. જ્યારે કુરૈશે જોયું કે આપ علیہ الصلوٰۃ والسلام પોતાના કામને છોડી નથી રહ્યા તો તે લોકોએ આપના કૃપાળુ કાકા અબૂ તાલિબથી કહ્યું, હે કુરૈશના સરદાર ! આખર તમે શું ઈચ્છો છો ? નથી જોતા કે તમારો ભત્રીજો અમારી મૂર્તિઓને બુરુ ભલુ કહે છે અને લોકોને તેમના જૂના ધર્મથી દૂર કરી રહ્યો છે ?! તમે એને સમજાવી દો અથવા અમારા હવાલે કરી દો, અમે

પોતે જ તેનો ફેંસલો કરી દઈશું. અબૂ તાલિબે રસૂલે આલી વક઼ાર ﷺને બોલાવ્યા અને કહ્યું, હે મારા વહાલા ભત્રીજા! મારા ઘડપણનો ખ્યાલ કરો, હવે તો મારા પર રહમ કરો, વધુ ભાર ન આપો, બુતો (મૂર્તિ)ને બુરુ કહેવાથી રોકાય જાવ. કાકાની વાત સાંભળી આપે ઈર્શાદ ફર્માવ્યો, હે કાકા ! આ લોકો મારા એક હાથમાં ચાંદ અને બીજા હાથમાં સૂરજ લાવીને મૂકી દે તો પણ હું ઈસ્લામની દા'વતથી રોકાઈશ નહીં ! ભલે આ કામમાં મારો જીવ જતો રહે. ભત્રીજાની આ દર્દભરી અવાજ સાંભળી કાકાનું દિલ શરમાઈ ઉઠયું અને કહ્યું, ઠીક છે ! તમે આઝાદીથી જે કરી રહ્યા છે તે કરો, મારા જીવતાં તમને કોઈ આંખ દેખાડી નથી શકતું. કાકાના આ મહોબ્બતભર્યા બોલ સાંભળી આપ ﷺએ પોતાનામાં એક બળ અનુભવ્યું અને કામમાં વધુ ઝડપ પેદા કરી દીધી. આ દરમિયાન કુરૈશે આપને જાત જાતની લાલચ આપી પરંતુ આપ તેના લોભમાં ન આવ્યા અને ઈસ્લામની દા'વતમાં લાગેલા રહ્યા. હવે તો હાલત એવી થઈ ગઈ કે દરરોજ કોઈને કોઈ ઈસ્લામ ક઼બૂલ કરતુ. કુરૈશ જ્યારે આપને રોકવામાં કામયાબ ન થઈ શક્યા તો આપ પર જુલ્મ કરવાનું શરૂ કરી દીધું.

## કુરૈશનો જુલ્મ

ઈસ્લામ દિવસે દિવસે ફેલાતો જઈ રહ્યો હતો. ઈસ્લામની આ પ્રગતિ કાફિરોને જરાય પસંદ ન આવી. તેમણે રસૂલે કરીમ ﷺ પર જુલ્મો સિતમ કરવાનું શરૂ કરી દીધું. તેઓ બદ્‌માશ છોકરાઓને આપની પાછળ કરી દેતા તે આપ ﷺ પર કાંકરીઓ નાખતા અને ગુસ્તાખીભર્યાં વાક઼્યો બોલતા. મક્કાના કાફિરો ક્યારેક આપના રસ્તામાં કાંટા પાંથરી દેતા અને ક્યારેક શરીર પર કચરો ફેંકતા.

એક વખત આપ કા'બા શરીફમાં નમાઝ પઢી રહ્યા હતા અને કાફિરો પોતાની મેહફિલ ગોઠવી બેઠેલા હતા. તેમાં અબૂ જહલ પણ હતો. તેણે કહ્યું કે; કોઈ છે જે ફલાણાના ઝબહ કરેલ ઊંટની હોજરી લાવી તેમના ગળા પર મૂકી દે ?! ઉકબા બિન અબી મુઈત કાફિર ઉઠયો અને હોજરી

લાવી રસૂલે કાઈનાત ﷺના ગળા પર મૂકી દીધી. હુઝૂરે અક઼દસ ﷺ સજદાની હાલતમાં હતા અને હોજરી ઘણીવાર સુધી આપની ગરદન પર રહી. કાફિરો આ જોઈને મસ્તીમાં હસી રહ્યા હતા, ત્યાં સુધી કે એકબીજા પર પડી જતા. એટલામાં કોઈએ આપની પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہا (જે તે વખતે નાનાં હતાં)ને ખબર આપી, તેમણે જલ્દીથી આવી રસૂલે બાવક઼ાર ﷺની ગરદન પરથી હોજરી હટાવી અને કાફિરોને ભલુ બુરુ કહી પરત થઈ ગયાં.

એવી જ રીતે એક વખત તે જ ઉકબા બિન અબી મુઈતે નમાઝની હાલતમાં આપના ગળામાં ચાદરનો ફંદો નાખી આપનુ ગળુ ઘોંટવા ઈચ્છયું. આ હાલત જોઈ આપના મિત્ર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ દોડી આવ્યા અને તે કાફિરને ધક્કો મારી દૂર કર્યો. અને કહ્યું; તું એવા વ્યક્તિને મારી નાખવા ઈચ્છે છે જે કહે છે કે મારો રબ અલ્લાહ છે ?!

રસૂલે અરબી ﷺને કાફિરો જાત જાતની તકલીફો આપતા રહ્યા. પરંતુ આપણા નબી ﷺ દીનના માટે આ બધી તકલીફો વેઠી લેતા. આપની સાથે સાથે ગરીબ મુસલમાનોને પણ કાફિરો સતાવતા, તકલીફો પહોંચાડતા અને તેમને અંગારાઓ પર સૂવડાવતા, ગરમ જમીન પર સૂવડાવી છાતી પર પથ્થર મૂકી દેતા, ચટાઈમાં લપેટીને ધુમાડા આપતા કે તેનાથી શ્વાસ ઘુંટવા લાગે, લોખંડ ગરમ કરી તેનાથી ડામ આપતા. આ તે સજાઓ હતી જે એવા ગુલામોને આપવામાં આવતી જેમણે ઈસ્લામ ક઼બૂલ કરી લીધો હતો.

હઝરત બિલાલ رضی اللہ عنہ જે ઉમૈયા બિન ખલ્ફ કાફિરના ગુલામ હતા. તે તેમના ગળામાં દોરડુ બાંધી છોકરાઓને સોંપી દેતો જેઓ આપને ગલીઓ અને બજારોમાં ઘસેડતા, તેમને લાકડીઓથી મારતા, ભર બપોરે તડકામાં ગરમ રેતી પર સૂવડાવી છાતી પર ભારે પથ્થર મૂકી દેતા. પરંતુ આપ તે હાલતમાં પણ 'અહદ ! અહદ !'નો નારો લગાડતા રહેતા. એટલે કે અલ્લાહ એક છે ! અલ્લાહ એક છે !

અમ્માર બિન યાસિર رضی اللہ عنہને પણ ગરમ રેતી પર સૂવડાવી એટલા

પ્રમાણમાં મારતા કે આપ બેહોશ થઈ જતા. તેમનાં માતા હઝરત સુમૈયા رضی اللہ عنہا ને ઈસ્લામ કૂબૂલ કરવાના કારણે અબૂ જહલે ભાલો મારીને શહીદ કરી દીધાં.

હઝરત અબૂ ફુકૈહા رضی اللہ عنہ સફવાન બિન ઉમય્યાના ગુલામ હતા. તે હઝરત બિલાલ رضی اللہ عنہ ની સાથે જ મુસલમાન થયા હતા. જ્યારે સફવાનને તેમના ઈમાન લાવવાની ખબર પડી તો તેણે પણ આપના ગળામાં દોરડુ નાખી ઘસેડવાનું શરૂ કરી દીધું, અને ગરમ રેતી પર સૂવડાવી ઉપરથી પથ્થર મૂકી દીધો. એક દિવસ તે આપને ઘસેડીને લઈ જઈ રહ્યો હતો, રસ્તામાં એક પતંગિયું દેખાયું. તેણે કહ્યું, આ જ તારો રબ છે ! અબૂ ફુકૈહાએ ગુસ્સે થઈ ફર્માવ્યું, હે ! કાફિર ચૂપ રહે ! મારો અને તારો ખુદા અલ્લાહ છે ! આ સાંભળી સફવાને એટલા જોરથી આપનુ ગળુ ઘોંટયું કે તે બેહોશ થઈ ગયા અને લોકોને તેમના મરી જવાનો ડર થઈ ગયો.

જે બાંદીઓ ઈમાનથી મુશર્રફ થતી તેમને પણ બહુ જ તકલીફો પહોંચાડાતી. હઝરત બીબી લબીના, હઝરત ઝીન્નીરહ, હઝરત બીબી નહ્દિય્યહ અને હઝરત ઉમ્મે ઉનૈસ رضی اللہ عنہن આ તે બાંદીઓ હતી જેમના માલિકો તેઓને ઘણી તકલીફો આપતા અને તેમના પર જાત જાતના જુલ્મ કરતા.

આ તો ગુલામો અને બાંદીઓ સાથેનો વર્તાવ હતો. માલદાર મુસલમાનોને પણ સુકૂન ન હતું. તેઓ પણ બહુ સખ્તીઓમાં હતા. તેમનાં ઘરવાળાં અને સગા સંબંધીઓ તેમના પર બહુ જુલ્મ કરતાં. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જ્યારે મુસલમાન થયા તો તેમના કાકાએ આપને ખૂબ માર્યા અને જુલ્મની હદ કરી દીધી. પરંતુ આપ દીને ઈસ્લામ પર કાયમ રહ્યા. આવી જ રીતે બધા મુસલમાનો પર જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવતા. મુસલમાનો દરેક જુલ્મ અને મુસીબત વેઠતા અને જ્યારે થાકી જતા તો રસૂલે અકરમ ﷺ ને શિકાયત કરતા અને દુઆની માગ કરતા. રસૂલે કરીમ ﷺ તેમને તસલ્લી આપતા કે લોકોએ દરેક

નબીની ઉમ્મત સાથે આવું જ કર્યું છે, તમારાથી વધુ તકલીફો તેમને વેઠવી પડી છે. કોઈને આરીથી ચીરવામાં આવ્યા, કોઈના માથા પર લોખંડનો કાંસકો ફેરવવામાં આવ્યો અને કોઈને સૂડી પર લટકાવવામાં આવ્યા, પરંતુ તેઓ દીને હક્ક઼ પર કાયમ રહ્યા. ઈન્શાઅલ્લાહ ! એક દિવસ તે પણ આવશે કે તમારો રબ جل جلاله તમને એમના પર બળવાન કરશે.

## હબ્શાની હિજરત

*(નબવી સન : ૦૫)*

દીનની રક્ષાના માટે પોતાનું વતન છોડી બીજી જગાએ આબાદ થઈ જવાને "હિજરત" કહે છે. જ્યારે મુસલમાનો પર દરરોજ નવી મુસીબત આવવા લાગી, અને જુલ્મ વધુ થવા લાગ્યો તો રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જે ઈચ્છે તે હબશા જતુ રહે. (અત્યારે હબ્શાને ઈથોપિયા કહે છે) આ ઈર્શાદે મુબારક સાંભળી એલાને નબુવ્વતના પાંચમાં વર્ષે રજબના મહિનામાં ૧૧ પુરૂષો અને ૦૪ સ્ત્રીઓએ પોતાના વતનને છોડી હબ્શાની તરફ હિજરત કરી. તે હિજરત કરનારાઓનાં મુક઼દ્દસ નામો આ પ્રમાણે છે :–

(૧) હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ (૨) હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ (૩) હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ (૪) હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ (૫) હઝરત ઝુબેર બિન અવ્વામ رضی اللہ عنہ (૬) હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ (૭) હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہ عنہ (૮) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ (૯) હઝરત અબૂ સબ્રા બિન અબી ઝહમ અથવા હાતિબ બિન અમ્ર رضی اللہ عنہ (૧૦) હઝરત સુહેલ બિન બૈઝાઅ્ رضی اللہ عنہ (૧૧) હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ (૧૨) હઝરત બીબી રૂક઼ૈયા رضی اللہ عنہا હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہનાં પત્ની, આ રસૂલે કરીમ ﷺના પુત્રી હતાં. (૧૩) હઝરત સુહૈલા બિન સુહેલ. હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہાનાં પત્ની (૧૪) હઝરત ઉમ્મે સલ્મા, હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہનાં પત્ની (૧૫) હઝરત લૈલા બિન્તે અબી

હશ્મા. આમિર બિન રબિઆ رضی اللہ عنہا નાં પત્ની.

હબ્શાનો બાદશાહ જેનું નામ 'અઝહમા' અને લક઼બ 'નજાશી' હતો, ઈસાઈ ધર્મનો માનવાવાળો હતો. બહુ જ સારા સંસ્કારવાળો અને ઈન્સાફ પસંદ હતો. તેણે પોતાના મુલ્કમાં મુસલમાનોને બહુ સારી રીતે રાખ્યા. મક્કાના કાફિરોએ જ્યારે જોયું કે મુસલમાનોએ હબ્શામાં પનાહ મેળવી લીધી છે અને ચેન તથા સુકૂનથી જીવન વિતાવી રહ્યા છે તો તેમનાથી મુસલમાનોનો આરામ ન જોઈ શકાયો અને તેમનું એક પ્રતિનિધિમંડળ હબ્શાના બાદશાહના દરબારમાં પહોંચ્યું અને કહ્યું કે, હે બાદશાહ ! આ લોકો અમારા મુજરિમ છે. મક્કાથી નાસીને આવ્યા છે, અને આપના મુલ્કમાં પનાહ લીધેલ છે, તેમને અમારા હવાલે કરી દેવામાં આવે. બાદશાહ બુદ્ધિમાન હતો. તેણે મુસલમાનોને બોલાવ્યા અને પૂછયું, શું વાત છે ?! તેમનામાંથી હઝરત અલી رضی اللہ عنہ ના ભાઈ હઝરત જઅ્ફર તૈયાર رضی اللہ عنہ પ્રતિનિધિની હૈસિયતથી આગળ વધ્યા, પરંતુ શાહી દરબારના દસ્તૂર પ્રમાણે બાદશાહને સજદો ન કર્યો. દરબારીઓએ વાંધો ઉઠાવ્યો તો આપે કહ્યું કે અમારા નબી ﷺ એ અમને તા'લીમ આપી છે કે અલ્લાહના સિવાય કોઈને પણ સજદો કરવો જાઈઝ નથી. ત્યાર બાદ આપે આ પ્રમાણે તક઼રીર ફર્માવી :–

હે બાદશાહ ! અમે જાહિલ હતા, મૂર્તિપૂજા કરતા હતા, બદ્કારી કરતા હતા, એકબીજાને સતાવતા હતા, અને કમજોરો પર જુલ્મ કરતા હતા, આવા માહોલમાં અલ્લાહ તઆલાએ અમારી હિદાયત માટે અમારામાંથી જ એક રસૂલ મોકલ્યા. જેમણે અમને સાચા ધર્મની તરફ દા'વત આપી. બુરાઈઓથી રોકયા, લોકો સાથે સારો વર્તાવ કરતાં શિખવ્યું, મૂર્તિપૂજાથી દૂર રાખ્યા અને દેખાડયું કે આ મૂર્તિઓ તમારો મઅબૂદ (ખુદા) નથી. તમારો મઅબૂદ ફક્ત અલ્લાહ છે ! તેને જ સજદો કરો. અમે તે નબીએ બરહક઼્ પર ઈમાન લાવ્યા તો અમારી ક઼ૌમ અમારી દુશ્મન બની ગઈ, એટલા માટે અમે તેમનાથી જાન છોડાવી આપની સલ્તનતમાં પનાહ લીધી છે. અને આ લોકો અમને ફરીથી તે જ રાજ્યમાં ગુમરાહીમાં લઈ જવા ઈચ્છા છે.

હઝરત જઅ્ફર رضی اللہ عنہ તૈયારની આ તક્રીર સાંભળી બાદશાહ બહુ ખુશ થયો. મક્કાના પ્રતિનિધિમંડળે જ્યારે આ જોયું તો ઘણા પરેશાન થયા અને છેલ્લી ચાલ એ ચાલી કે તેઓ બાદશાહને કહેવા લાગ્યા, મુસલમાનો તમારા નબી ઈસા علیہ السلام વિશે ગલત વિચારો ધરાવે છે !

બાદશાહે હઝરત જઅ્ફર તૈયારને પૂછયું, સારું તો જણાવો કે તમે અમારા નબી ઈસા علیہ السلامના વિશે શું કહો છે ?! તો હઝરત જઅ્ફર رضی اللہ عنہએ સૂરએ મયરમની તિલાવત કરી. કલામે ઈલાહીના પ્રભાવથી બાદશાહ પર રિક્કત છવાઈ ગઈ, તેની આંખોમાંથી આંસૂ વહેવા લાગ્યાં. હઝરત જઅ્ફર તૈયાર رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, અમારા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ અમને જણાવ્યું કે ઈસા علیہ السلام કુંવારી મરયમના પેટથી વગર બાપે પેદા થયા, તે અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. જ્યારે નજજાશી બાદશાહે આ વાત સાંભળી તો કહ્યું; બેશક ! ઈન્જીલ અને કુર્આન બંને એક જ વાતની તા'લીમ આપે છે. હું ગવાહી આપું છું કે મુહમ્મદ મુસ્તફા ﷺ તે જ રસૂલ છે જેમની બશારત (ખુશ ખબરી) અમારા નબીએ આપી. બાદશાહે કુરૈશના પ્રતિનિધિમંડળને રાજ્યથી કાઢી મૂક્યું અને મુસલમાનોને હુકમ આપ્યો કે તેઓ આ રાજ્યમાં જ્યાં ઈચ્છે ત્યાં સુકૂનથી રહે, તેમને કોઈ આંખ દેખાડી શક્તું નથી.

## હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہનો ઈસ્લામ

*(નબવી સન : ૦૬)*

કાફિરોના જુલ્મો સિતમ છતાં ઈસ્લામ દિવસે દિવસે વિકસિત થતો રહ્યો. એલાને નબુવ્વતના છઠ્ઠા વર્ષે રસૂલે અકરમ ﷺના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہએ ઈસ્લામ ક્બૂલ કર્યો. પહેલાં હઝરત હમ્ઝા رضی اللہ عنہએ ઈસ્લામ સ્વીકાર્યો અને તેના ત્રણ દિવસ પછી હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہ ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા.

આ બંને વ્યક્તિના ઈસ્લામ સ્વીકારથી ઈસ્લામને એક નવી તાકૃત મળી ગઈ.

હઝરત હમ્ઝા رضی اللہ عنہ બહુ શક્તિશાળી અને અરબના જાણીતા બહાદુર હતા. શિકારના બહુ શોખીન હતા. એક દિવસ તેઓ શિકાર કરી પરત ફર્યા તો ઈબ્ને જદ્આનની લોંડી અને ખુદ એમનાં બહેન હઝરત બીબી સફિય્યા رضی اللہ عنہا એ તેમને ખબર આપી કે આજે અબૂ જહલે તમારા ભત્રીજા મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સાથે બહુ બદ્ઝબાની કરી અને એટલા જોરથી પથ્થર માર્યો કે તેમના કપાળથી લોહી નીકળી પડ્યું. આપની બહાદુરી અને તાકૃત અરબમાં મશ્હૂર છે, પરંતુ આ કેવું કે કોઈ પણ વ્યક્તિ તમારા બેગુનાહ ભત્રીજાને જે ઈચ્છે છે કહી દે છે. આ સાંભળી હઝરત હમ્ઝાનો ચહેરો લાલ થઈ ગયો અને ગુસ્સે થઈ તીર અને કમાન લઈ નીકળી પડ્યા. અબૂ જહલ હરમે કા'બામાં બેઠેલો હતો. પોતાની કમાન તેના માથામાં એટલા જોરથી મારી કે તેનું માથુ ફૂટી ગયું, અને કહ્યું, સાંભળ્યું કે તેં મારા ભત્રીજાને ગાળો ભાંડી છે ?! તને ખબર નથી કે હું પણ તેના ધર્મ પર છું, ત્યાર બાદ ઘરે પાછા ફર્યા. રસૂલે અકરમ ﷺને બદલો લેવાની ખુશખબરી સંભળાવી, અને આપના હાથ પર બયઅત કરી લીધી. આપના ઈસ્લામ સ્વીકારથી રસૂલુલ્લાહ ﷺ બહુ ખુશ થયા.

હઝરત ઉમર એક ઈજ્જતદાર કુટુંબના વ્યક્તિ હતા. શૌર્ય અને વીરતામાં આપનો કોઈ જવાબ ન હતો. નૂરે મુજસ્સમ ﷺએ દુઆ કરી હતી; અય અલ્લાહ ! અમ્ર બિન હિશામ (અબૂ જહલ) અથવા ઉમર બિન ખત્તાબથી ઈસ્લામને ઈજ્જત અતા ફર્માવ. એટલે કે તેમાંથી એકને મુસલમાન બનાવી ઈસ્લામને ઈજ્જત અને તાકૃત અતા ફર્માવ. અબૂ જહલ તો ઈમાનની દોલતથી મહેરૂમ રહ્યો, પરંતુ હઝરત ઉમર رضی اللہ عنہએ આ અમૂલ્ય દોલત મેળવી લીધી. આપનો ઈસ્લામ કૃબૂલ કરવાનો મશ્હૂર પ્રસંગ આ પ્રમાણે છે :–

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ ખુલ્લી તલવાર લઈ નીકળ્યા કે

આજે પયગંબરે ઈસ્લામ ﷺનો ખાત્મો કરી દઈશ. રસ્તામાં હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી મુલાકાત થઈ. (તે સમયે હઝરત નુઐમ મુસલમાન થઈ ગયા હતા પણ હઝરત ઉમર رضی اللہ عنہને તેમના ઈસ્લામની કબૂલ કરવાની ખબર ન હતી) તેમણે પૂછયું, ઉમર કયાં જઈ રહ્યા છો ? જવાબ આપ્યો કે, મુહમ્મદ બિન અબ્દુલ્લાહને કત્લ કરવા ! હઝરત નુઐમ رضی اللہ عنہએ કહ્યું; પહેલાં પોતાના ઘરની ખબર લો ! તમારાં બહેન અને બનેવી મુસલમાન થઈ ગયાં છે. ઉમર પાછા ફર્યા અને બહેનના ઘરે પહોંચ્યા. અંદર કુર્આનની તિલાવત થઈ રહી હતી, આ સાંભળીને તેમનું લોહી ઉકળવા લાગ્યું. બેકાબૂ થઈને બહેન અને બંનેવીને એટલો માર માર્યો કે બંને લોહી લુહાણ થઈ ગયાં. બહેન ફાતિમા બિન્તે ખત્તાબે ઈમાની જોશમાં કહ્યું, હે ભાઈ ! ચાહો તો તમે અમને જાનથી મારી નાખો પણ ઈસ્લામ દિલથી નથી નીકળી શક્તો ! આવું જ તેમના બનેવી સઅદ બિન ઝૈદે પણ કહ્યું. જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ જોયું કે તૌહીદનો નશો ઉતરવાને બદલે ચઢતો જ જાય છે ! તો કહ્યું, સારું તે કલામ દેખાડો જેને તમે પઢી રહ્યાં હતાં. બહેને કુર્આનના પેજ લાવી સામે મૂકી દીધાં. હઝરત ઉમર رضی اللہ عنہએ પઢવાનું શરૂ કર્યું, જેમ જેમ પઢતા જતા કુર્આનની સદાકતથી તેમનું દિલ કાંપતુ જતુ, ત્યાં સુધી કે આ આયતે કરીમા પર પહોંચ્યા : اٰمِنُوۡا بِاللّٰہِ وَرَسُوۡلِہٖ "અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો." તો એકદમ બેકાબૂ થઈ ગયા. અને કહ્યું કે મને રસૂલુલ્લાહ પાસે લઈ ચાલો, તે વખતે રસૂલે કરીમ ﷺ "દારે અરકમ" (હઝરત અરકમના ઘર)માં હતા, અને આપના સાથે મુસલમાનો પણ ત્યાં હતા. હઝરત ઉમર બહેનના ઘરેથી નીકળી સીધા દારે અરકમ પહોંચ્યા. જ્યારે લોકોએ જોયું કે ઉમર ખુલ્લી તલ્વાર લઈને આવી રહ્યા છે તો બહુ ગભરાયા ! પરંતુ હઝરત હમ્ઝા رضی اللہ عنہએ કહ્યું, ગભરાવ નહીં ! જો ઉમર સારી નિય્યતે આવી રહ્યા છે તો ઠીક છો, નહીં તો તલ્વારથી તેમની ગરદન ઉડાડી દેવામાં આવશે. હઝરત ઉમર رضی اللہ عنہએ જ્યારે દારે અરકમમાં પગ મૂક્યો તો હુઝૂર ﷺ પોતે આગળ વધ્યા અને ઈર્શાદ

ફર્માવ્યું, ઉમર ! હવે તો ઈસ્લામ ક઼બૂલ કરી લો ! આખરે ક્યાં સુધી હક઼્ક઼થી લડતા રહેશો ?! ઈસ્લામ તો પહેલાંથી જ દિલમાં ઘર કરી ગયો હતો, આ ઈર્શાદ સાંભળતાં જ હઝરત ઉમર ﷺએ બુલંદ અવાજે કહ્યું; اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ''હું ગવાહી આપું છું કે, બેશક ! અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી. અને ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺના રસૂલ છે.''

હુઝૂરે અક઼દસ ﷺની ખુશીનો પાર ન રહ્યો. આપે નારએ તકબીર બુલંદ કર્યો. સહાબાએ તેના જવાબમાં એટલા જોરથી અલ્લાહુ અકબર ! કહ્યું કે મક્કાની પહાડીઓ ગુંજી ઉઠી. હઝરત ઉમર رضی اللہ عنہના ઈસ્લામ લાવવાથી મુસલમાનોની હિંમત ઘણી વધી ગઈ. પહેલાં મુસલમાનો સંતાઈને નમાઝ પઢતા હતા, પરંતુ હવે મુસલમાનોની હાલત બદલાઈ ગઈ. હઝરત હમ્ઝા અને હઝરત ઉમર رضی اللہ عنہماની રેહબરીમાં મુસલમાનો દારે અરકમથી નીકળી સીધા ખાનએ કા'બામાં દાખલ થયા અને કા'બાના સહેનમાં નમાઝ અદા કરી. કાફિરો એ જોઈને ગભરાઈ ગયા અને આ બંને વ્યક્તિઓને મુસલમાનોની સાથે જોઈને પોતાનામાં કમજોરી મહેસૂસ કરવા લાગ્યા.

## બની હાશિમનો બહિષ્કાર

### *(નબવી સન : ૭)*

કુરૈશને પોતાનો કોઈ પણ પ્રયાસ સફળ થતો ન દેખાયો અને જ્યારે તેમણે જોયું કે ઈસ્લામ દિવસે દિવસે ફેલાય રહ્યો છે, હમ્ઝા અને ઉમર જેવા કુરૈશના મોટા બહાદુરો પણ ઈસ્લામ ક઼બૂલ કરી ચૂક્યા છે. અને હબ્શા તરફ સ્થળાંતર કરનાર મુસલમાનો પણ ચૈનથી જીવન વિતાવી રહ્યા છે. મુસલમાનોની આ તરક્કી જોઈને કાફિરો ગુસ્સે ભરાયા અને મશ્વરો કર્યો કે ખાનદાને બનૂ હાશિમનો સંપૂર્ણ રીતે બોયકોટ કરી દેવામાં આવે. અને તેમને કોઈ તંગ તથા સંકૂચિત સ્થળે કેદ કરી દેવામાં આવે. તેમનો ખોરાક બંધ કરી દેવામાં આવે જેથી તેઓ તબાહ તથા બર્બાદ થઈ

જાય. આખરે એલાને નબુવ્વતના સાતમા વર્ષે બનૂ હાશિમનો બોયકોટ (બહિષ્કાર) કરી દેવામાં આવ્યો કે બનૂ હાશિમના ખાનદાનમાં શાદી સંબંધ ન કરવામાં આવે, તેમના સાથે કોઈપણ જાતનું ખરીદ વેચાણ ન કરવામાં આવે. તેમનાથી મેળ મેળાપ અને સલામ, કલામ બંધ કરી દેવામાં આવે અને ખાવા પીવાનો કોઈપણ સામાન તેમના સુધી ન પહોંચી શકે.

મન્સૂર બિન અકરમાએ કરાર લખ્યો અને કુરૈશના બધા સરદારોએ તેના પર હસ્તાક્ષર કર્યા. મજબૂરીથી અબૂ તાલિબ રસૂલે કરીમ ﷺની સાથે ખાનદાનના લોકોને લઈને પહાડની ઘાટીમાં ચાલ્યા ગયા. તે જ વખતથી તે ઘાટીને "શિઅ્બે અબી તાલિબ" એટલે કે અબૂ તાલિબની ઘાટી કહેવામાં આવે છે. ખાનદાનના કાફિરોએ પણ પક્ષપાતનો લિહાઝ રાખી રસૂલે કરીમ ﷺનો સાથ આપ્યો અને ઘાટીમાં જઈ કેદની જિંદગી વીતાવવા લાગ્યા. આ સમય એટલી મુસીબતો અને સખ્તીઓ સાથે પસાર થયો કે લોકો ઝાડોનાં પાંદડાં અને સૂકાયેલા ચામડાં રાંધીને ખાતા, અને બાળકો તો ભૂખ અને તરસના કારણે તડપી તડપીને રડતાં પરંતુ એ જાલિમ કાફિરોને એ બાળકો પર પણ જરાય દયા ન આવતી. ચો તરફ પહેરો લગાડી દેવામાં આવ્યો કે કોઈપણ બાજુથી ખાવા પીવાનો સામાન તેમની પાસે ન પહોંચી શકે. કુરૈશના કાફિરોમાં કેટલાક લોકો દયાળુ અને રહમદિલ હતા, તે લોકોએ પોતાના સાથીઓને કહ્યું કે, હે ભાઈઓ ! જણાવો કે આ ક્યાંનો ઈન્સાફ છે કે તમે લોકો તો ચેન તથા સુકૂનથી જીવન વીતાવો અને બનૂ હાશિમના બાળકો ભૂખે મરે. કસમ ખુદાની ! જ્યાં સુધી આ જંગલી કરારને ફાડી નાખવામાં નહીં આવે ત્યાં સુધી અમે આરામથી નહીં બેસીએ. આ બાબતે મોટો મોટી કોશિશો થઈ પરંતુ બદમાશ કાફિરો માનવા તૈયાર ન હતા.

એક દિવસે અબૂ તાલિબે કહ્યું, હે લોકો ! મારા ભત્રીજાનું કહેવું છે કે તે કરારને જંતુઓએ ચાટી લીધો છે, અને જ્યાં જ્યાં અલ્લાહનું નામ લખ્યું છે તેને છોડી દીધું છે. તમે લોકો એ કરારને ઉતારીને જુઓ, જો ખરેખર એવું જ છે જેવું કે મારા ભત્રીજાનું કહેવું છે, તો આ કરારને ફાડી

નાખવો બેહતર છે, અને જો તેમનું કહેવું ગલત છે તો હું તેમને તમારા હવાલે કરી દઈશ. મુત્ઈમ બિન અદી તે કરારને ઉતારી લાવ્યો, જોવામાં આવ્યો તો સાચે જ અલ્લાહના નામ સિવાય આખા કરારને જંતુઓએ ચાટી નાખ્યો છે. મુત્ઈમ બિન અદીએ બધાની સામે કરાર ફાડીને ફેંકી દીધો, અને બનૂ હાશિમનો બોયકોટ (બહિષ્કાર) ખતમ કરી દીધો.

કુરૈશના કેટલાક બહાદુરો તો ઘાટીમાં ગયા અને બધાને કાઢી લાવ્યા અને તેમને ઘરોમાં લાવી આબાદ કર્યા. આ બનાવ નબવી સન ૧૦નો છે. અને જેણે આ કરાર લખ્યો હતો તેના પર અલ્લાહનો એવો અઝાબ નાઝિલ થયો કે તેનો હાથ હુંઠો (નકામો) થઈ ગયો.

રહ્મતે આલમ ﷺ શિઅબે અબી તાલિબની કેદથી છૂટકારો મેળવી હજુ તશરીફ જ લાવ્યા હતા એવામાં આપના કૃપાળુ કાકા અબૂ તાલિબ બીમાર પડયા અને લગભગ આઠ મહિના બીમાર રહી મૃત્યુ પામ્યા. હજુ કાકાના મૃત્યુનો ગમ (દુઃખ) તાજો જ હતો કે ત્રણ અથવા પાંચ દિવસ પછી આપ ﷺની હમદર્દ પત્ની હઝરત ખદીજા رضی اللہ عنہا પણ દુનિયાથી કૂચ કરી ગયાં. આ બે લગાતાર પ્રસંગોના કારણે રસૂલે કરીમ ﷺને જબરદસ્ત આઘાત લાગ્યો અને આપે એ વર્ષનું નામ આમ્મુલ્ હુઝ્ન એટલે કે ગમનું વષ રાખ્યું.

## તાઈફનો સફર

***(નબવી સન : ૧૦)***

મક્કાવાળાઓનો જુલ્મ જોઈને રસૂલ કરીમ ﷺએ ફેંસલો કર્યો કે હવે મક્કાથી નીકળી નજીકના બીજા શહેરોમાં તબ્લીગનું કામ કરવું જોઈએ. જેથી આપે તાઈફનો સફર કર્યો, જે મક્કાથી લગભગ ત્રીસ અથવા ચાલીસ કિ.મિ.ની દૂરી પર છે. આપ ﷺએ પોતાના ગુલામ ઝૈદ બિન હારિષાને પણ સાથે લઈ લીધા. તાઈફ અમીર તથા માલદારોનું શહેર હતું, તેમાં ઉમૈરનું ખાનદાન તમામ કબીલાઓનું સરદાર હતું. આ લોકો ત્રણ ભાઈ હતા. અબ્દેયાલૈલ, મસ્ઊદ, હબીબ. આપણા નબી ﷺ

આ ત્રણે પાસે તશરીફ લઈ ગયા અને તેમને ઈસ્લામની દા'વત આપી. તેઓએ બહુ જ બેહૂદા વર્તાવ કર્યો અને ઈસ્લામ કૃબૂલ ન કર્યો, અને શહેરના કેટલાક નીચ તથા દુષ્ટ લોકોને આપની પાછળ લગાડી દીધા કે તેમને તકલીફ પહોંચાડે અને બેઈજ્જત કરે. પોતાના વડીલોનો ઈશારો મેળવી રસૂલે કાઈનાત ﷺ પર આ નીચ લોકો પથ્થર વરસાવવા લાગ્યા. એટલા પથ્થર વરસાવ્યા કે પગ લોહીલુહાણ થઈ ગયા અને જોડા લોહીથી ભરાઈ ગયા. ઝખ્મોથી બેતાબ થઈ જ્યારે આપ બેસી જતા તો એ જાલિમો આપના બંને હાથ પકડીને ઉઠાડતા અને જ્યારે આપ ચાલવા લાગતા તો ફરી પથ્થર વરસાવતા અને સાથે જ તાળીઓ વગાડતા, ભલુબુર બોલતા, મજાક ઉડાવતા, અને ગાળોની વર્ષા કરતા. આ જાલિમો જ્યારે આપના પર પથ્થર વરસાવતા તો ઝયદ બિન હારિષા દોડી દોડીને પથ્થરને પોતાના શરીર પર રોકતા, ત્યાં સુધી કે તે પણ લોહીથી તર થઈ ગયા. મજબૂરન્ આપણા આકૃા ﷺએ એક બગીચામાં પનાહ લીધી. આ કેવી બેબસીનો સમય હતો, પરંતુ આપણા આકૃા ﷺને મનુષ્યોની ઈસ્લાહ તથા સુધારણા બહુ પસંદ હતી એટલા માટે આવા કપરા સમયે પણ આપની ઝબાન મુબારકથી બદ્દુઆ ન નીકળી, બલ્કે આપ એ જ કહેતા રહ્યા, હે અલ્લાહ ! તું આ લોકોને હિદાયત આપ ! આ નાસમજો મને નથી ઓળખતા!

એવી જ રીતે આપે ત્યાં એક મહિનો ગુજાર્યો. પછી મક્કા આવી ગયા. પાછા ફરતી વખતે જ્યારે આપ ''કરનુષ્ષઆલિબ'' નામના સ્થળ પર પહોંચ્યા તો એક ફરિશ્તો ખુદાનો પયગામ લાવ્યો કે, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલાએ આપની કૃૌમનો વર્તાવ જોયો, અને મને આપની ખિદમતમાં મોકલ્યો છે. જો આપ ﷺ ઈજાઝત આપો તો આ બંને પહાડો (અબૂ કુબૈસ અને કુઅયકિ્આન)ને તેમના પર નાખી દઉં અને તેઓ કચડાઈને કચુંબર થઈ જાય. આપે ફર્માવ્યું, નહીં ! મને આશા છે કે પરવદિગારે આલમ તેમના જ વંશથી એવા લોકો પેદા કરશે જે અલ્લાહની ઈબાદત કરશે, અને શિર્કથી દૂર રહેશે.

તાઈફની નાકામીથી મક્કાવાળાઓના હોસલા બુંલદ થઈ ગયા. મોટા મોટા સરદારોએ આપસમાં એ મશ્વરો કર્યો કે જેટલી તકલીફો થઈ શકે તેમને આપવામાં આવે જેથી તેઓ સંપૂર્ણ રીતે કમજોર થઈ જાય. મક્કાના કાફિરોએએ જુલ્મમાં વધારો કરી દીધો. પરંતુ સરકારે દોઆલમ ﷺના ક઼દમ જરાય ન ડગમગ્યા. આપ સતત લોકોને ઈસ્લામની દા'વત આપતા રહ્યા.

આપની તબ્લીગનો તરીક઼ો એ હતો કે હજ્જના જમાનામાં જ્યારે દૂર દૂરથી અરબના ક઼બીલા ભેગા થતા તો તેમની પાસે જતા અને તેમને ઈસ્લામની વાતો જણાવતા. એ જ પ્રમાણે અરબમાં વર્ષ દરમ્યાન કેટલાય મેળાઓ યોજાતા તે મેળાઓમાં પણ ઘણો મજમો થતો અને અરબના મોટા મોટા ક઼બીલા તેમાં જોડાતા. ઉકાઝ, મજિન્નહ અને ઝુલ્મજાઝ આ અરબના મશ્હૂર મેળાઓ છે. આપણા નબી ﷺ તેમાં પણ તશરીફ લઈ જતા, લોકોને ઈસ્લામની તરફ બોલાવતા અને કુર્આનની આયતો સંભળાવતા. આપનો કાકો અબૂ લહબ આપની પાછળ લાગી રહેતો અને કહેતો કે, હે લોકો! આ મારો ભત્રીજો છે તેની વાત ન સાંભળશો ! આ અમારા ધર્મથી ફરી ગયો છે અને જૂઠુ બોલે છે. પરંતુ અબૂ લહબ અને બીજા દુશ્મનોના વિરોધનો રસૂલે ખુદા ﷺ પર કોઈ અસર ન પડતો અને ઈસ્લામ બહુ ઝડપથી આખા અરબમાં પહોંચવા લાગ્યો.

## મેઅરાજ શરીફ

***(નબવી સન : ૭)***

એલાને નબુવ્વતના અગ્યારમા વર્ષે જ્યારે કે આપણા નબી ﷺની વય ૫૧ વર્ષ અને કેટલાક મહિના થઈ ગઈ હતી, અલ્લાહ તબારક વ તઆલાએ આપને મેઅરાજમાં બોલાવ્યા. એટલે કે આસમાનો પર બોલવી, જન્નત, દોઝખ અને સિદરતુલ મુન્તહા વગેરેની સૈર કરાવી. વાતચીતનો શરફ બખ્શયો અને તે જ વખતથી આપની ઉમ્મત પર પાંચ વખતની નમાઝ ફર્ઝ કરવામાં આવી.

રજબની સત્તાવીસમી તારીખે સોમવારની રાતમાં સરકારે દોઆલમ હઝરત "ઉમ્મે હાની"ના ઘરે અથવા ખાનએ કા'બામાં આરામ ફર્માવી રહ્યા હતા. હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા, આપને જગાડયા અને મેઅરાજની ખુશખબરી સંભળાવી. અને એક ઝડપી સવારી પર સવાર કર્યા જેનું નામ બુર્રાક હતું. આપ મસ્જિદે હરામથી બયતુલ મુક્દસ પહોંચ્યા જ્યાં તમામ અંબિયાએ કિરામ હાજર હતા. આપે ત્યાં તેમની ઈમામત ફર્માવી એટલા માટે આપને "ઈમામુલ અંબિયા" કહેવામાં આવે છે. પછી આપે બયતુલ મુક્દસથી આસમાની સફર શરૂ કર્યો અને સર્વ બુલંદીઓ સર કરી ઘરે પરત ફર્યા. આ બધુ બહુ જ થોડા સમયમાં થઈ ગયું.

જ્યારે આપે સવારે લોકોને મેઅરાજની ખબર સંભળાવી તો લોકો આપની વાત માનવા તૈયાર ન થયા. આપનો મજાક ઉડાડવાનું શરૂ કરી દીધું અને કેટલાક લોકોએ આપને બયતુલ મુક્દસ અને તેના રસ્તાઓ વિશે સવાલ કરવાનું શરૂ કરી દીધું. નબીએ કરીમ ﷺએ દરેક સવાલનો સાચો અને દુરુસ્ત જવાબ આપ્યો. ત્યારે તેઓ ચૂપ થઈ ગયા તો પણ તેમનું દિલ એ માનવા તૈયાર ન હતું, કેટલાક કહેતા કે આ જાદૂ છે અને કેટલાક ચૂપ થઈ ગયા.

જ્યારે અબૂ જહલે આ વાત સાંભળી તો તેણે કહ્યું, લો ! અત્યાર સુધી તો મુહમ્મદ બિન અબ્દુલ્લાહ પાસે ખુદાનો સંદેશ જ આવતો હતો અને હવે તેઓ આસમાનો પર જઈ ખુદાથી વાત પણ કરી આવ્યા ! હે લોકો ! જરા વિચારો ! આ પણ કોઈ માનવા જેવી વાત છે !

એક કાફિરે આ બનાવની ચર્ચા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી કરી કે, અબૂબક્ર ! તમને કંઈ ખબર છે ? તમારા મિત્ર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ કહે છે કે તે રાત્રે મક્કાથી બયતુલ મુક્દસ ગયા, આસમાનોનો સફર કર્યો અને રાત્રે જ પાછા આવી ગયા. હવે જણાવો કે કોઈ સમજદાર વ્યક્તિ આ વાત માની શકે છે ?! હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ કહ્યું, જો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કહે છે તો હું તેનુ સમર્થન કરું છું. બેશક ! તેઓ સાચુ કહે છે.

જ્યારે નબીએ કરીમ ﷺને હઝરત અબૂબક્ર رضی اللہ عنہના આ બનાવની ખબર થઈ તો આપે તેમને ''સિદ્દીક઼''નો લક઼બ અતા ફર્માવ્યો, એટલે કે સાચુ બોલવાવાળો. તે જ સમયથી આપ સિદ્દીક઼ના નામથી મશ્હૂર થઈ ગયા.

## મદીનામાં ઈસ્લામની રોશની

મદીનામાં બે કબીલા ''ઔસ'' અને ''ખઝરજ'' તથા થોડાક યહૂદીઓ વસેલા હતા. ઔસ તથા ખઝરજના લોકો મૂર્તિપૂજા કરતા હતા અને યહૂદીઓ હઝરત મૂસા علیہ السلامને પોતાના નબી માનતા હતા, તેમને તૌરાત થકી એક નબીના આવવાની ખબર થઈ ચૂકી હતી. તેમની બેઠકોમાં વધારે પડતી વાત થતી રહેતી કે આવવાવાળા નબી ક્યાં અને ક્યારે પેદા થશે. તે યહૂદીઓના મોઢેથી ઔસ તથા ખઝરજના લોકો નબીએ આખિરુઝ઼્ઝ઼માંનો ઝિક્ર સાંભળી ચૂક્યા હતા. યહૂદીઓ તેમને કહેતા કે બહુ જલ્દી નબીએ આખિરુઝ઼્ઝ઼માં આવનારા છે, અમે તેમની સાથે થઈ તમારા જેવા મૂર્તિપૂજકોનું નામો નિશાન મિટાવી દઈશું.

નબવી સન ૧૧માં રસૂલે આલી વક઼ાર ﷺ પોતાની આદત પ્રમાણે હજ્જના દિવસોમાં નીકળ્યા અને હજ્જ માટે આવનારાઓને ઈસ્લામની દા'વત આપવા મિનાના મેદાનમાં તશરીફ લઈ ગયા. આપ કુર્આને મુક઼દ્દસની આયતો સંભળાવીને લોકોને ઈસ્લામની તરફ બોલાવતા રહ્યા. તે જ મેદાનમાં અક઼બા ઘાટીની પાસે મદીનાના છ વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ ગઈ જે ઔસ તથા ખઝરજના ક઼બીલાના હતા. રસૂલે કરીમ ﷺએ તેમને જણાવ્યું કે હું અલ્લાહનો રસૂલ છું, મારા પર ઈમાન લાવો, કામયાબ થઈ જશો. તેમને કુર્આનની આયતો પઢી સભંળાવી અને ઈસ્લામની દા'વત આપી. જ્યારે તેમણે આ વાત સાંભળી તો એકબીજાનુ મોઢું જોતા રહી ગયા અને કહ્યું કે, યહૂદીઓ જે નબી વિશે ખુશખબરી આપી રહ્યા હતા બેશક ! તે આ જ નબી છે ! શા માટે આપણે તેમનાથી પહેલાં ઈમાન ન લઈ આવીએ ?! આટલુ કહી

સૌ ઈસ્લામમાં દાખલ થઈ ગયા અને મદીના જઈ પોતાના કુટુંબીઓ તથા સંબંધીઓને પણ ઈસ્લામની દા'વત આપી. તેમની દા'વતનો એ અસર પડયો કે બીજા વર્ષે નબવી સન ૧૨માં અધિક માણસો અકબા ઘાટીમાં આવી મુસલમાન ગયા અને રસૂલુલ્લાહ ﷺના હાથ પર બયઅત પણ કરી. આ બયઅતને "બયઅતે અ્કૃબા ઊલા" કહેવામાં આવે છે, એટલે કે અ્કૃબાની પહેલી બયઅત. સાથે જ તેમણે આકૃાએ કાઈનાત ﷺથી દરખાસ્ત કરી કે ઈસ્લામના અરકાન શિખવવા માટે કોઈ વ્યક્તિને અમારી સાથે લગાડી દેવામાં આવે. રસૂલુલ્લાહ ﷺએ હઝરત મુસ્અબ બિન ઉમૈરને તેમની સાથે લગાડી દીધા. આપે મદીના પહોંચીને ઘણી મહેનત અને કોશિશ કરી, લોકોના ઘરોમાં જઈ જઈને ઈસ્લામની તબ્લીગનું કામ કર્યું અને બહુ મહોબ્બતની સાથે લોકોને ઈસ્લામ સમજાવ્યો. આનાથી ફાયદો એ થયો કે મદીનાના મોટા મોટા કુટુંબોમાં ઈસ્લામની અવાજ ગુંજતી થઈ ગઈ અને દીને ઈસ્લામ તરફ લોકોના દિલ ઝુકવા લાગ્યાં. તેના એક વર્ષ પછી નબવી સન ૧૩માં લગભગ બોત્તેર વ્યક્તિઓ હજ્જના દિવસોમાં મિનાની આ ઘાટી અ્કૃબામાં પોતાના સાથીઓથી સંતાઈને હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થયા અને આપના હાથ પર ઈસ્લામની બયઅત કરી. આ બયઅતને "બયઅ્તે અ્કૃબા ષા'નિયા" કહેવામાં આવે છે, એટલે કે અ્કૃબાની બીજી બયઅત.

તે સમયે એ લોકો રસૂલે કરીમ ﷺને મદીના ચાલવા માટે અર્ઝ કરી અને તન, મન, ધનથી મદદ કરવાનો વાયદો કર્યો. ત્યાં આપના કાકા હઝરત અબ્બાસ પણ હાજર હતા જે હજુ મુસલમાન ન થયા હતા. પરંતુ રસૂલે કરીમ ﷺથી ઘણી મહબ્બત કરતા હતા. તેમણે કહ્યું, હે લોકો ! જાુઓ ! મુહમ્મદ ﷺથી હાશિમના ખાનદાનમાં બહુ જ અધિક ઈજ્જતદાર તથા મોહતરમ છે, અમે દુશ્મનોના મુકૃાબલામાં હમેશાં તેમનો સાથ આપ્યો છે અને તેમની મદદ કરી છે. અને હવે જો તમે એમને પોતાની સાથે લઈ જવા ઈચ્છતા હોવ તો સાંભળી લો ! જો તમારામાં મરતા દમ સુધી સાથ આપવાની હિમ્મત હોય તો ઠીક, નહીં

તો હમણા જ જવાબ આપી દો. તેઓમાંથી બરાઅ્ બિન આઝિબે જોશમાં આવીને કહ્યું, અમે તલ્વારોના ખોળામાં ઉછેર પામીએ છીએ ! હજુ તો તે એટલું કહી શક્યા હતા ને વાત કાપી હઝરત અબુલ હૈષમ رضی اللہ عنہ એ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા અને યહૂદીઓના વચ્ચે પૂરાણા તથા ગાઢ સંબંધો છે અને ઈસ્લામ કૃબૂલ કર્યા બાદ તે સંબંધો તૂટી જશે, તો ક્યાંક એવું ન થાય કે જ્યારે ઈસ્લામને અલ્લાહ તઆલા તાકૃત તથા કુવ્વત અતા ફર્માવે તો આપ અમને છોડી પોતાના વતન મક્કા ચાલ્યા આવો. આ સાંભળી આપ ﷺએ સ્મિત કર્યું અને ઈર્શાદ ફર્માવ્યો, તમારું લોહી મારું લોહી, તમારું જીવન મારું જીવન, તમારું મૃત્યુ મારું મૃત્યુ, તમારો દુશ્મન મારો દુશ્મન, તમારો મિત્ર મારો મિત્ર, તમે મારા, હું તમારો ! એટલે કે રસૂલે કાઈનાત ﷺએ આખુ જીવન મદીનાવાળાઓ સાથે પસાર કરવાનો વાયદો કર્યો, ત્યાં સુધી કે વિસાલ શરીફ પછી પણ આપ ﷺ ત્યાં જ તશરીફ ફર્માવેલ છે.

## દારૂન્નદવા (પંચાયત ઘર)

જ્યારે મદીનામાં મુસલમાનોને પનાહ મળી ગઈ તો રસૂલે અકરમ ﷺએ આમ એલાન કરી દીધું કે જેનું દિલ ચાહે મદીના ચાલ્યો જાય. આ એલાન સાંભળી ધીરે ધીરે બધા મુસલમાન મદીના નીકળી પડયા. મક્કામાં ફક્ત રસૂલે ખુદા ﷺ, હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને થોડાક ગરીબ મુસલમાનો બાકી રહી ગયા હતા. કાફિરો મુસલમાનોને જતા જોઈને પહેલા તો બહુ ખુશ થયા કે ચાલો સારું થયું કે આ મુસલમાનોથી મક્કા પાક થયું, પરંતુ કેટલાક લોકોને એ ભય મહેસૂસ થયો કે ક્યાંક રસૂલે કરીમ ﷺ પણ ત્યાં ન ચાલ્યા જાય અને પોતાના મદદગાર લશ્કરને લઈને આપણા પર હુમ્લો કરી દે. જ્યારે આ વાત ચક્રાવો લેવા લાગી તો કાફિરોએ "દારૂન્નદવા" (પંચાયત ઘર)માં એક ઘણી મોટી મીટિંગ કરી અને મક્કાના મોટા મોટા સરદારોએ પણ તેમાં ભાગ લીધો. ઈબ્લીસ શૈતાનોનો સરદાર પણ ધાબળો

ઓઢીને એક વૃદ્ધના વેશમાં આવી ગયો. જ્યારે કુરૈશના લોકોએ એક નવા વ્યક્તિને જોયો તો પૂછયું કે, તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે ?! ઈબ્લીસે કહ્યું, હું શૈખે નજદ છું, નજદથી એટલા માટે આવ્યો છું કે તમને સારી સલાહ આપુ. આ સાંભળી મક્કાના કાફિરોએ તેને પણ પંચાયત ઘરમાં સામેલ કરી લીધો. મીટિંગ શરૂ થઈ ગઈ અને જ્યારે નૂરે મુજસ્સમ ﷺની ચર્ચા થઈ તો તેમનાંથી એકે કહ્યું, મુહમ્મદ બિન અબ્દુલ્લાહને એક મકાનમાં બંધ કરી દેવામાં આવે અને એક કાણામાંથી તેમને ખાણા પાણી પહોંચાડી દેવામાં આવે. આ રીતે તેઓ પોતાના કામથી રોકાઈ જશે. શૈતાને બગડીને કહ્યું કે આ મશ્વરો સારો નથી! જો તમે એમને કોઈ મકાનમાં બંધ કરી દેશો તો તેમના ચાહવાવાળાઓ કોઈ પણ રીતે પોતાનો જીવ દાવ પર લગાડીને પણ તેમને છોડવી લેશે. એક બીજા માણસે મશ્વરો આપ્યો કે તેમને શહેરથી કાઢી મૂકવામાં આવે, જેથી કુર્આની તા'લીમ અને ઈસ્લામની તબ્લીગ મક્કામાં બંધ થઈ જશે. આ સાંભળી ઈબ્લીસ ગુસ્સે ભરાયો અને બોલ્યો કે તમારી આ સલાહ પર લા'નત થાય ! શું તમને ખબર નથી કે મુહમ્મદ ઘણી મધૂર મધૂર વાતો કરે છે, તેમની વાત સાંભળી લોકો તેમના દીવાના થઈ જાય છે. પોતાની વાતોથી તે આખા અરબને પોતાનું બનાવી લેશે. અને એક જબરદસ્ત સેના લઈને તમારા પર હુમ્લો કરી દેશે. એટલા માટે તેમને મક્કાથી કાઢવાની વાત ન કરો.

આ પંચાયતમાં અબૂ જહલ પણ હતો. તેણે કહ્યું કે એક સલાહ હું પણ આપું છું જે અત્યાર સુધી કોઈને નથી સુજી ! બધા લોકો તેની તરફ ધ્યાનિત થઈ ગયા અને બહુ જ બેકરારી સાથે પૂછયું, જણાવો તે શું છે ? તેણે કહ્યું, મારો મશ્વરો એ છે કે દરેક ક઼બીલાનો એક એક વ્યક્તિ તલ્વાર લઈને તૈયાર થઈ જાય અને બધા એકી સાથે હુમ્લો કરી મુહમ્મદ (ﷺ)ને મારી નાખે. આ રીતે ખૂનના બદલાનો ગુનો દરેક ક઼બીલાના માથે રહેશે. બની હાશિમ સર્વ ક઼બીલાઓ સાથે લડવાની શક્તિ નથી ધરાવતા જેથી "ખૂંબહા" (ખૂન કરવાના બદલામાં અપાતી રકમ) લેવા

માટે રાજી થઈ જશે અને આપણે પોતાના સંકલ્પમાં કામયાબ થઈ જઈશું. અબૂ જહલની આ વાત સાંભળી શૈતાન બહુ ખુશ થયો અને કહ્યું, આ સલાહ બિલ્કુલ બરાબર છે ! આનાથી વધુ સારી સાઝિશ નથી થઈ શકતી. બધા આ વાત પર રાજી થયા. પેલી બાજુ અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ ﷺ મારફતે આ નાપાક ઈરાદાની ખબર પોતાના પ્યારા મહબૂબ ﷺને આપી દીધી.

## રસૂલુલ્લાહ ﷺની હિજરત

તમે વાંચી લીધું કે મક્કામાંથી બધા જ મુસલમાનો મદીના તરફ સ્થળાંતર કરી ચૂક્યા હતા, ફક્ત રસૂલે કરીમ ﷺ અને થોડાક મુસલમાનો મક્કામાં રહી ગયા હતા. જ્યારે આપની ઉંમર ૫૩ વર્ષની થઈ તો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે હે મહબૂબ ! આજે રાત્રે આપ પોતાની પથારી પર ન સૂવો અને હિજરત કરી મદીના તશરીફ લઈ જાવ. હુકમે ઈલાહી સાંભળ્યા બાદ ભર બપોરે નબીએ આ'ઝમ ﷺ અબૂબક્ર رضی اللہ عنہના ઘરે તશરીફ લઈ ગયા અને તેમને કહ્યું કે ઘરવાળાંઓને એક બાજુ કરી આપો, કાંઈક મશ્વરો કરવો છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમારા પર મારાં મા બાપ કુર્બાન ! અહીંયાં આપની પત્ની (હઝરત આઈશા رضی اللہ عنہا)ના સિવાય બીજું કોઈ નથી. આપે ઈર્શાદ ફર્માવ્યો, અબૂબક્ર ! અલ્લાહ તઆલાએ મને હિજરતની ઈજાઝત આપી છે. અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ આપ મને પણ સાથે આવવાની ઈજાઝત આપો. આપે કબૂલ કર્યું ત્યાર પછી હઝરત સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, આ ઊંટણીઓ છે જેમને મેં આજ દિવસ માટે પાલવી છે. યા રસૂલલ્લાહ ! ﷺ આમાંથી એક કબૂલ ફર્માવી લો. રસૂલે કરીમ ﷺએ એક કબૂલ ફર્માવી પરંતુ તેની કિંમત અદા કરી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ કિંમત લેવા ઈચ્છતા ન હતા પરંતુ આપના હુકમથી મજબૂર થઈને લઈ લીધી.

તેમની મોટી પુત્રી હઝરત અસ્મા رضی اللہ عنہا એ સફરનો સામાન તૈયાર કર્યો અને પછી નબી કરીમ ﷺએ અબ્દુલ્લાહ બિન ઉરૈકિત નામના કાફિરને પગાર પર રસ્તો દેખાડવા માટે રાખી લીધો જે રસ્તાઓનો જાણકાર હતો. આપે બંને ઊંટણીઓ તેને આપી અને ફર્માવ્યું, ત્રણ દિવસ પછી આ ઊંટણીઓ લઈને ગારે થૌર પર ચાલ્યો આવજે. આ તૈયારી કરીને રસૂલે ખુદા ﷺ પોતાના ઘરે તશરીફ લાવ્યા. દારૂન્નદવાના ક઼રાર પ્રમાણે રાત્રે કાફિરોએ આપના હુજરા શરીફને ઘેરી લીધો અને રાહ જોવા લાગ્યા કે મુહમ્મદ (ﷺ) બહાર નીકળે અને તેમના પર હુમ્લો કરવામાં આવે. મક્કાના કાફિરો ભલે આપના દુશ્મન હતા પરંતુ આપની સચ્ચાઈ તથા અમાનતદારી પર ભરપૂર વિશ્વાસ રાખતા હતા. આપ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને બોલાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યું, અલી ! આજે રાત્રે કાફિરો મને ક઼ત્લ કરવા આવશે અને અલ્લાહ તઆલાના તરફથી મને હિજરતનો હુકમ થયો છે. આજે રાત્રે મારી પથારી પર સૂઈ જજો અને સવારે ફલાણા ફલાણાને આ અમાનતો દઈને તમે મદીના ચાલ્યા આવજો.

જુઓ ! હઝરત અલી رضی اللہ عنہ એ હુઝૂર ﷺના મુકાબલામાં પોતાના જીવની કોઈ પરવા ન કરી અને સૂકન સાથે આખી રાત એ વિચારી સૂતા રહ્યા કે જ્યારે આક઼ા ﷺએ ફર્માવી દીધું છે કે અમાનતો દઈને સવારે મદીના ચાલ્યા આવજો, તો મને યક઼ીન છે કે આ રાત્રીએ મને કોઈ નુકસાન પહોંચાડી નથી શક્તું.

રસૂલુલ્લાહ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને પોતાની મુબારક પથારી પર સૂઈ જવાનો હુકમ આપ્યો અને ઘરેથી નીકળ્યા. મુટ્ઠી ભરીને મટોડુ લીધું અને સૂરએ યાસીનની શરૂઆતની આયતો પઢીને તેમના માથા પર નાખી દીધી અને તેમના વચ્ચેથી નીકળી ગયા છતાં તેમને કાંઈ ખબર ન થઈ. તૈયારી પ્રમાણે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ પણ પોતાના ઘરેથી નીકળ્યા, અને બંને હઝરાત ૨૭ સફર નબવી સન ૧૩ની રાત્રે અંધારામાં મદીના તરફ નીકળી પડયા અને મક્કાની બહાર ગારે થૌરમાં જઈને પનાહ લીધી.

મક્કાના કાફિરોએ આખી રાત સરવરે કાઈનાત ﷺના હુજરા મુબારકને એ આશએ ઘેરી રાખ્યો કે સવાર થાય તો હુમ્લો કરીએ, પરંતુ સવારે આપના બિસ્તર પર હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને જોઈને તેઓ ઘણા હેરાન થયા અને દાંત કચકચાવીને રહી ગયા અને તરત જ તલાશ કરવાનું શરૂ કરી દીધું.

**ગારે થૌર** : મક્કા શરીફથી મદીનાના રસ્તામાં ચાર અથવા પાંચ માઈલની દૂરી પર એક પહાડ છે જેને થૌર કહેવામાં આવે છે. તેમાં એક ગુફા છે જે ગારે થૌરથી મશ્હૂર છે. હુઝૂરે અન્વર ﷺ અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હિજરત કર્યા બાદ સૌ પ્રથમ આ જ ગાર (ગુફા)માં કયામ ફર્માવ્યો. પહેલાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ગારની અંદર દાખલ થયા અને તેની સફાઈ કરી પોતાની ચાદર ફાડી ફાડીને કાણાંઓને બંધ કર્યાં પછી નબીએ કરીમ ﷺને બોલાવ્યા. આપ તશરીફ લઈ ગયા અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની જાંગ પર માથુ મૂકી આરામ ફર્માવવા લાગ્યા. એક કાણુ બંધ ન થઈ શક્યું હતું તેના પર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાનો પગ મૂકી દીધો. આ કાણામાં એક સાપ હતો તે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને કરડયો. આપે એ વિચારથી પગ ન હલાવ્યો કે ક્યાંક રસૂલે કરીમ ﷺના આરામમાં દખલ ન થાય. પરંતુ અસહ્ય પીડાના કારણે આંખોમાંથી આંસૂ નીકળવા લાગ્યાં. થોડાક ટીપાં નબીએ કરીમ ﷺના ગાલ મુબારક પર ટપક્યાં, જેના કારણે આપ જાગી ઉઠયા અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને રડતા જોઈ પૂછયું, હે અબૂબક્ર ! શું થયું છે ? કેમ રડી રહ્યા છો ?! આપે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સાપ કરડયો છે ? હુઝૂર ﷺએ ઝખ્મ પર પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) લગાડી દીધું જેના કારણે દર્દ તરત જ મટી ગયું.

હુઝૂર અકરમ ﷺ ત્રણ દિવસ સુધી ગારમાં રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના પુત્ર અબ્દુલ્લાહ રોજ રાત્રે ગારના મુખ પર ઊંઘતા અને સવાર સવારમાં ઉઠી મક્કા ચાલ્યા જતા અને ખબર કાઢતા કે કુરૈશ શું સાઝિશ બનાવી રહ્યા છે. અને આખા દિવસની ખબરો રસૂલે

કરીમ ﷺને સંભળાવી દેતા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના ગુલામ આમિર બિન ફુહૈરહ رضی اللہ عنہ થોડીક રાત પસાર થઈ ગયા બાદ બકરીઓ લઈને આવતા અને બંને હઝરાત દૂધ પી લેતા. આ બાજુ કાફિરોએ જ્યારે આપને હુજરામાં ન પામ્યા તો તલાશ કરવાનું શરૂ કરી દીધું. મક્કાની આજુબાજુ તલાશ કર્યું ત્યાં સુધી કે ગારે ષૌર સુધી પહોંચી ગયા. કુરૈશના પગોનો અવાજ સાંભળી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હવે કાફિર બિલકુલ નજીક આવી ગયા છે ! જો થોડા પણ ઝુકીને જોશે તો આપણને જોઈ લેશે. હુઝૂરે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે અબૂબક્ર ! ગભરાવ નહીં ! અલ્લાહ આપણી સાથે છે. આ સાંભળી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને તસલ્લી થઈ ગઈ.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબની રક્ષા ફર્માવી. તે એવી રીતે કે ગારના મુખે કરોળીયાએ જાળુ બનાવી દીધું અને એક ખૂણા પર કબૂતરીએ ઈંડા મૂકી દીધાં. આ જોઈ મક્કાના કાફિરો એવું કહીને પાછા ફરી ગયા કે જો આ ગારમાં કોઈ ગયું હોત તો ન અહીં કરોળીયાનું જાળ હોત અને ન કબૂતરી ઈંડાં મૂકતી.

ચોથા દિવસે રહ઼મતે આલમ ﷺ પહેલી રબીઉલ અવ્વલ પ્રમાણે ૧૬ સપ્ટેમ્બર ઈ.સ. ૬૨૨ને સોમવારના દિવસે ગારે ષૌરથી બહાર તશરીફ લાવ્યા. અબ્દુલ્લાહ બિન ઉરૈકિત જેને રસૂલુલ્લાહ ﷺએ રસ્તો દેખાડવા માટે મજૂરી પર રાખ્યો હતો તે આપના હુકમ પ્રમાણે બંને ઊંટણીઓ લઈને ગારની પાસે હાજર હતો. એક ઊંટણી પર નબીએ કરીમ ﷺ અને બીજી ઊંટણી પર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને હઝરત આમિર બિન ફુહૈરા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સવાર થયા અને અબ્દુલ્લાહ બિન ઉરૈકિત આગળ આગળ ચાલવા લાગ્યા. આ રીતે આ ચાર માણસોનો કાફલો મદીનાની તરફ ઝડપથી વધવા લાગ્યો.

**સો ઊંટોનું ઈનામ** : મક્કાવાળા જ્યારે રસૂલે કરીમ ﷺને શોધીને થાકી ગયા તો આમ એલાન કરી દીધું કે જે કોઈ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (ﷺ)ને પકડી લાવશે તેને સો લાલ ઊંટોનું ઈનામ

આપવામાં આવશે. આ કિંમતી ઈનામની લાલચમાં બહુ લોકોએ ઘોડા દોડાવ્યા અને દૂર દૂર સુધી તલાશ કર્યા પરંતુ સફળ ન થયા. આ બાજુ રસૂલે કરીમ ﷺ ગારથી નીકળ્યા બાદ બરાબર ચાલતા રહ્યા. બીજા દિવસે "કુદૈદ"ના સ્થળે પહોંચી આરામ કર્યો. થોડો આરામ લીધા બાદ જ્યારે આપ ત્યાંથી આગળ વધ્યા તો મક્કાનો મશ્હૂર બહાદુર સુરાકા બિન માલિક બિન જોઅ્શુમ પીછો કરતો દેખાયો.

ઘોડો દોડાવતો નજીક આવી પહોંચ્યો. હજુ હુમલો કરવા ઈચ્છતો હતો કે ઘોડાએ ઠોકર ખાધી અને નીચે પડયો. પરંતુ સો ઊંટોનું ઈનામ કોઈ મામૂલી ન હતું ! તેણે ફરી ઘોડા દોડાવ્યો. આ વખતે પણ ઘોડાએ ઠોકર ખાધી અને જમીન પર પડયો. તે વારંવાર ફાલ કાઢતો અને નિષ્ફળતા જોતો પરંતુ ઈનામની લાલચથી મજબૂર હતો. ફરીથી ઘોડો દોડાવ્યો તો આ વખતે ઘોડાના પગ જમીનમાં ધસી ગયા. આ જોઈને સુરાકા બહુ ગભરાયો. ડરથી ધ્રુજવા લાગ્યો અને સમજી ગયો કે આ મામલો કાંઈ અલગ જ છે ! તેણે રસૂલે કરીમ ﷺથી અમાનની ફરિયાદ કરી. સુરાકાની લાચારી જોઈ આપને દયા આવી ગઈ અને દુઆ ફર્માવી તો જમીને તેના ઘોડાના પગ છોડી દીધા. ત્યાર બાદ સુરકાએ અર્ઝ કરી કે અમાનનો કરાર લખી દેવામાં આવે. આપે હઝરત સિદ્દીકે અકબર رضي الله عنهને હુકમ આપ્યો કે કરાર લખી આપો અને પોતે મદીના તરફ વધવા લાગ્યા. તે કરાર લઈને પરત ફર્યો અને રસ્તામાં જે પણ રસૂલે કરીમ ﷺના વિશે પૂછતું તો સુરાકા તેને એ કહી પરત કરી દેતા કે મેં બહુ દૂર સુધી તેમને શોધ્યા પણ ક્યાંય ન મળ્યા. સુરાકાના દિલમાં રસૂલે કરીમ ﷺની અઝમત બેસી ગઈ હતી. થોડાક સમય પછી પોતાના કબીલાના ઘણા લોકોની સાથે તેમણે ઈસ્લામ કબૂલ કર્યો.

## મદીનામાં આગમન

મદીનાવાળાઓને નબીએ આખિરુઝ્ઝમાં ﷺના આગમનની ખબર પહેલાં જ થઈ ચૂકી હતી, તેઓ ઘણી મહબ્બતની સાથે નબીએ

બરહક્કના આગમનની રાહ જોઈ રહ્યા હતા. દરરોજ શહેરની બહાર આવતા અને દિવસ આઠમતા સુધી રાહ જોઈ ચાલ્યા જતા. આ દિવસો તેમના માટે પહાડ જેવા બની ગયા હતા, તેમના દિવસો ઘણી મુશ્કેલેથી પસાર થતા. એક દિવસ આ જ રીતે રાહ જોઈ લોકો પરત ફરી રહ્યા હતા કે એકાએક યહૂદીએ અવાજ આપ્યો કે પાછા ફરી આવો ! જુઓ ! જુઓ ! જેમની તમે વાત જોઈ રહ્યા હતા તે આવી ગયા ! હવે શું હતું ! આ અવાજ સાંભળતાં જ બધા લોકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ અને તેમણે પોત પોતાના શરીર પર હથિયાર સજાવી લીધાં અને રસૂલે કરીમ ﷺના સ્વાગત માટે પરત ફરી ગયા.

મદીના મુનવ્વરાથી લગભગ ત્રણ માઈલની દૂરી પર એક નાની વસ્તી છે જેનું નામ કુબા છે. અહીં મુસલમાનોના ઈજ્જતદાર કબીલા આબાદ હતા અને કુલ્સૂમ બિન હદમ તેમના સરદાર હતા. રસૂલે કરીમ ﷺ તેમના ઘરે મહેમાન બન્યા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم મક્કાથી મક્કાવાળાઓને અમાનતો સોંપી કુબા પહોંચ્યા અને તે પણ તેમના મહેમાન થયા. આ દરમ્યાન રસૂલે કરીમ ﷺએ એક મસ્જિદની બુનિયાદ નાખી જે આજ સુધી મસ્જિદે કુબાના નામથી મશહૂર છે. આ **ઈસ્લામમાં પહેલી મસ્જિદ** છે.

કુબામાં ચૌદ દિવસ રોકાણ કર્યા બાદ આપ જુમ્આના દિવસે મદીના તરફ નીકળ્યા. હજુ બનુ સાલિમના મહોલ્લામાં પહોંચ્યા હતા કે નમાઝનો સમય થઈ ગયો. આપે આજ મહોલ્લામાં જુમ્આની નમાઝ પઢાવી. **આ જુમ્આની પ્રથમ નમાઝ** હતી. નમાઝ પહેલાં આપે એવો ખુત્બો આપ્યો જે સૌના દિલમાં તરત જ ઉતરી ગયો. મદીના શરીફ જેમ જેમ નજીક આવતુ ગયું જાંનિષારોનો જોશ અને હોંસલો વધતો જતો. કુબાથી મદીના શરીફ સુધી દરેક કબીલાના ઈજ્જતદાર લોકો બંને બાજુ હારબંધમાં ઉભા હતા. આપ જે કબીલાની નજીકથી ગુજરતા, લોકો ઈચ્છા કરતા કે રસૂલુલ્લાહ ﷺ અમારા ત્યાં રહેઠાણ કરે. આપ તેમને ધન્યવાદ કહી દુઆઓ આપતા અને આગળ વધતા જતા. જ્યારે આપણા

નબી ﷺ મદીનામાં દાખલ થયા, તો તે સમયનું દૃશ્ય ન પૂછો ! દરેક વ્યક્તિ ખુશીના કારણે ફુલ્યો સમાતો ન હતો. ઈદ જેવું વાતાવરણ હતું અને ખુશીમાં અન્સારની બાળકીઓ આ નગ્મો ગાતી હતી :–

طَلَعَ الْبَدْرُ عَلَيْنَا ۔ مِنْ ثَنِيَّاتِ الْوَدَاعِ
وَجَبَ الشُّكْرُ عَلَيْنَا ۔ مَادَعَالِلّٰهِ دَاعٍ

**તર્જુમો** : ''વદાઅની ઘાટીથી અમારા પર ચૌદમી રાતનો ચાંદ ઉગ્યો, અમારા પર અલ્લાહનો શુક્ર વાજિબ છે, જ્યાં સુધી કોઈ દાઈ અલ્લાહની તરફ દા'વત આપતો રહે.''

અને કબીલા બનૂ નજ્જારની નાની નાની બાળકીઓ ઝુમી ઝુમીને ડફ વગાડી આ શેઅર પઢતી હતી :–

نَحْنُ جَوَارٍ مِّنْ بَنِی النَّجَارِ ۔ یَا حَبَّذَا مَحَمَّدٌ مِّنْ جَارٍ

**તર્જુમો** : ''અમે કબીલા બનૂ નજ્જારની બાળકીઓ છીએ. કેવી સારી વાત છે કે મુહમ્મદ ﷺ અમારા પડોશી બન્યા છે.

રસૂલે કરીમ ﷺએ તે બાળકીઓનો જોશ જોઈને ફર્માવ્યું, હે બાળકીઓ ! શું તમે મારાથી મહોબ્બત કરો છો ?! તે બાળકીઓએ એકી સાથે કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ આ સાંભળી રસૂલુલ્લાહ ﷺએ સ્મિત કર્યું અને ફર્માવ્યું, હું પણ તમારાથી મહોબ્બત કરું છું !

અને નાના નાના બાળકોનો હાલ એ હતો કે તે ટોળે ટોળાં ખુશીથી મદીનાની ગલીઓમાં દોડતાં ફરતાં હતાં અને પોતાના નબીના આગમનના નારા લગાડતાં હતાં.

આજે સૌનું દિલ ખુશીથી ઉછળી રહ્યું હતું. આજે મદીના શરીફ પર રહ્મતોનાં વાદળ છવાયેલાં હતાં. બધા લોકો રહ્મતની વર્ષામાં નહાઈ રહ્યા હતા. બધાની તમન્ના હતી કે રહ્મતે આલમ ﷺ અમારા મહેમાન બને, અમારા ઘરને શોભા અર્પણ કરે. રસૂલુલ્લાહ ﷺ ''કસ્વા'' નામની ઊંટણી પર સવાર હતા. દરેક વ્યક્તિ ઊંટણીની લગામ પકડી પોતાના ઘરે ઉતારવા ઈચ્છતો હતો, પરંતુ આપે બધાની

ઈચ્છાઓને ધ્યાનમાં રાખતાં ઈર્શાદ ફર્માવ્યું, ઊંટણીની લગામ છોડી દો! અલ્લાહનો હુકમ જ્યાં થશે ત્યાં ઊંટણી બેસી જશે.

જ્યાં આજે મસ્જિદે નબવી શરીફ છે, તેના બિલ્કુલ નજીક હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہનું મકાન હતું. ખુદાનું કરવું કે ઊંટણી તેમના જ ઘર સામે જઈને બેસી ગઈ. હવે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہની ખુશીનો હાલ ન પૂછો. બંને જહાંના તાજદાર તેમના મહેમાન થઈ રહ્યા છે. તેમણે જલ્દી જલ્દી સામાન ઉઠાવી પોતાના ઘરમાં મૂક્યો. તેમનું મકાન બે માળનું હતું. તેમણે ઉપરનો માળ પેશ કર્યો. પરંતુ સરકાર ﷺએ મુલાકાત માટે આવનારાઓનો ખ્યાલ કરી નીચેનો માળ પસંદ ફર્માવ્યો. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ બંને સમય આપ ﷺની ખિદમતમાં જમવાનું મોકલતા અને જે બચતું તેને તબર્રુક સમજી પોતે અને તેમની પત્ની ખાઈ લેતાં. રસૂલુલ્લાહ ﷺની આંગળીઓના નિશાન જ્યાં હોતાં, હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ત્યાંથી જ લુકમો ઉઠાવતા અને આપની દરેક રીતે તા'ઝીમ કરતા. રહ્મતે આલમ ﷺએ અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہના ઘરે સાત મહિના રહેઠાણ કર્યું.

## મસ્જિદે નબવીનું બાંધકામ

મદીના તૈયબામાં હજુ સુધી કોઈ એવી જગ્યા ન હતી જ્યાં મુસલમાનો જમાઅતથી નમાઝ પઢી શકે. એટલા માટે એક મસ્જિદની જરૂરત હતી. હઝરત ઐયૂબ رضی اللہ عنہના મકાનના સામે એક ખાલી જમીન હતી જ્યાં અલ્લાહના રસૂલ ﷺની ઊંટણી બેઠી હતી. આ જમીન બનૂ નજ્જારના બે બાળકોની હતી. રસૂલે કરીમ ﷺએ તે જમીનને મસ્જિદ માટે પસંદ ફર્માવી. તે બાળકોએ જમીન મસ્જિદના માટે વક્ફ કરવા ઈચ્છયું, પરંતુ રહ્મતે આલમ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના માલથી તેની કિંમત અદા કરી. અથવા આપે એક અન્સારીને તેની કિંમત અદા કરવાનો હુકમ આપ્યો. નબીએ કરીમ ﷺએ પોતાના મુબારક

હાથથી મસ્જિદની સંગે બુનિયાદ રાખી. હવે શું હતું ! કામ ઝડપથી શરૂ થઈ ગયું, કોઈ ઈંટો લાવી રહ્યું હતું, કોઈ જમીન બરાબર કરી રહ્યું હતું, કોઈ દીવાલ બરાબર કરી રહ્યું હતું, ત્યાં સુધી કે આપણા અને બંને જહાનના આક઼ા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પણ સહાબાની સાથે ઈંટો લાવી રહ્યા હતા. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن લોકોને જોશ અપાવવા માટે આ પઢતા જતા, સાથે જ રસૂલુલ્લાહ ﷺ પણ તેમની સાથે અવાજ મિલાવતા.

اَللّٰھُمَّ لَا خَیْرَ اِلَّا خَیْرُ الْآخِرَہْ ۔ فَاغْفِرِ الْاَنْصَارَ وَالْمُھَاجِرَہْ

**તર્જુમો** : હે અલ્લાહ ! ભલાઈ તો ફક્ત આખેરતની છે, તો હે મૌલાએ કરીમ ! તું અન્સાર અને મુહાજિરીનને બખ્શી દે.

મસ્જિદ કેવી બની ? કાચી ઈંટોની દિવાલ, ખજૂરના થડના મોભા, અને તેના પર ખજૂરનાં પાંદડાંનું જ છાપરુ. વરસાદ પડતો તો પાણી ગળતુ અને નીચે કીચડ થઈ જતું. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ નીચે કાંકરીઓ પાંથરી દીધી હતી, જેથી કીચડથી બચી શકાય. જાણે આ મસ્જિદ દરેક જાતના દુનિયાવી શણગારથી પાક હતી. લંબાઈ સાઈઠ ગઝ અને પહોળાઈ ચોપ્પન ગઝ હતી. તેનો ક઼િબ્લો બૈતુલ મુક઼દ્દસની તરફ હતો. પરંતુ જ્યારે ક઼િબ્લો બદલાઈને ખાનએ કા'બા થઈ ગયો, તો કા'બાની બાજુ તેનો ક઼િબ્લો બનાવી દેવામાં આવ્યો જે આજ સુધી ક઼ાયમ છે.

મસ્જિદે નબવીના સહનમાં એક ખૂણા પર એક ચબૂતરો હતો તેના પર પણ ખજૂરના પાંદડાંઓની છત બનાવી દેવામાં આવી હતી. આ તે ગરીબ મુસલમાનોનું રહેઠાણ હતું જેમનું કોઈ ઘરબાર ન હતું. તેઓ જંગલમાંથી લાકડીઓ કાપીને લાવતા અને ગુજરાત ચલાવતા. મોટા ભાગે રસૂલે કરીમ ﷺ તેમના જમવાનો બંદોબસ્ત કરતા અને દા'વતમાં પોતાની સાથે લઈ જતા. તેઓ રાત્રીમાં લખતાં વાંચતાં શીખતા અને રસૂલે ખુદા ﷺથી હદીષો સાંભળી યાદ કરતા. આજ લોકોને નજીકના વિસ્તારમાં તબ્લીગ માટે મોકલવામાં આવતા. તે જ લોકોને "અસ્હાબે

સુફ્ફા'' કહેવામાં આવે છે. અરબી ભાષામાં ચબૂતરાને ''સુફ્ફા'' કહે છે. તો અસ્હાબે સુફ્ફાનો અર્થ થયો ચબૂતરા પર રહેવાવાળા. તેમની સંખ્યા સિત્તેરથી વધુ હતી. ક્યારેક સિત્તેર અને ક્યારેક તેનાથી ઓછી તેમનામાંથી કેટલાકનાં નામો આ પ્રમાણે છે :–

હઝરત અબૂ હુરૈરહ્, હઝરત સલમાન ફારસી, હઝરત અમ્માર બિન યાસિર, હઝરત સુહૈબ રૂમી અને હઝરત બિલાલ. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)

મસ્જિદની સાથે હુઝૂર ﷺની પત્નીઓ માટે પણ રૂમો બન્યા. આ રૂમ દસ દસ હાથ લાંબા અને છ છ હાથ પહોળા હતા. છાપરુ ખજૂરનાં પાંદડાઓનું હતું, એટલું નીચુ કે કોઈ વ્યક્તિ ઊભો રહી સહેલાઈથી અડકી શકે. દરવાજાઓ પર ધાબળાના પર્દા નાખેલા હતા. આપે મક્કાથી પોતાના પરિવારને પહેલાં જ મદીના શરીફ બોલાવી લીધો હતો અને તેમનું રોકાણ હઝરત હારિષા બિન નોઅમાનના ઘરે હતું. રૂમોનાં બાંધકામ બાદ સૌ તેમાં રહેવા લાગ્યા.

## મુવાખાત (ભાઈચારો)

જે મુસલમાન મક્કાથી હિજરત કરી મદીના શરીફ આવ્યા તેમને ''મુહાજિર'' કહેવામાં આવે છે અને મદીના મુનવ્વરાના મુસલમાન જેમણે મુહાજિરોની મદદ કરી તેમને ''અન્સાર'' કહેવાય છે. મક્કાના મુસલમાન વગર સરસામાને પોતાનાં બીવી બચ્ચાંઓને છોડીને દીનના રક્ષણ માટે મદીના આવ્યા હતા, એટલા માટે તેમને એકલતાનો અનુભવ થતો હતો. આ લોકો હજુ સુધી અન્સારના મહેમાન હતા. અન્સાર દિલથી તેમની મહેમાનનવાઝી કરતા, પરંતુ મુહાજિરો વધુ સમય સુધી કોઈના સહારે રહેવા ન ઈચ્છતા હતા. મુહાજિરો વેપારી હતા અને પોતાના હાથની કમાઈ ખાવાનું પસંદ કરતા હતા. એટલા માટે હવે એ જરૂરત ઉભી થઈ કે તેમની કમાણી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવે. આ જરૂરત પૂરી કરવા માટે રસૂલે કરીમ ﷺએ વિચાર્યું કે અન્સાર અને

મુહાજિરોના વચ્ચે ભાઈ ભાઈનો સંબંધ કરી દેવામાં આવે, જેથી તેમનું એકલતાપણુ દૂર થઈ જાય અને કમાણીનું માધ્યમ પણ પેદા થઈ જાય.

એક દિવસે રસૂલે કરીમ ﷺએ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہના ઘરે બધા અન્સાર અને મુહાજિરોને ભેગા કર્યા. અને અન્સારને સંબોધિત કરી ઈર્શાદ ફર્માવ્યો કે આ મુહાજિરો તમારા ભાઈ છે. પછી મુહાજિર અને અન્સારમાંથી એક એકને બોલાવતા અને ફર્માવતા કે આ અને તમો ભાઈ ભાઈ છો. મદીનાના મુસલમાનોને હુઝૂર ﷺથી એટલી મહોબ્બત હતી કે આપ જે વસ્તુનો પણ હુકમ આપતા અન્સાર તેને તરત જ કબૂલ કરી લેતા. જ્યારે તેમને રસૂલ અને રસૂલના દીનથી મહોબ્બત હતી તો રસૂલના કાયમ કરેલા સંબંધને દિલથી કેમ કબૂલ ન કરતા. એટલા માટે તેમણે આ ભાઈચારાને ઘણી સારી રીતે નિભાવ્યો. અન્સાર પોત પોતાના મુહાજિર ભાઈને ઘરે લઈ ગયા. ઘરનો બધો સામાન સામે લાવી મૂકી દીધો અને કહ્યું, તમે અમારા ભાઈ છો, એટલા માટે આ સામાન અડધો તમારો અને અડધો અમારો. ત્યાં સુધી કે ઘર અને ખેતીમાં પણ અડધુ કરી દીધું. તેમના દરમિયાન સાચા ભાઈઓથી પણ વધુ મહોબ્બત થઈ ગઈ હતી. **જેનું દ્દષ્ટાંત દુનિયાના કોઈ પણ ઈતિહાસમાં નથી મળી શકતું.** હઝરત સઅદ બિન રબિઆ અન્સારી જે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના ભાઈ બનાવવામાં આવ્યા હતા. તેમણે પોતાનો સઘળો સામાન અડધો અડધો કર્યા બાદ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને કહ્યું કે મારી બે પત્નીઓ છે તેમાંથી જેને તમે પસંદ કરો તેને હું તલાક આપી દઉં અને આપ તેનાથી નિકાહ કરી લો. પરંતુ આપે ફર્માવ્યું કે, હે ભાઈ ! તમારો માલ દોલત અને બીવી બચ્ચાં તમને મુબારક ! મને તો ફક્ત બજારનો માર્ગ બતાવી દો. તેમણે મદીનાના બજાર કૈનુકાઅનો રસ્તો બતાવી દીધો. આપ બજાર ગયા, પ્રખ્યાત ઘી અને પનીર ખરીદીને વેચવાનું શરૂ કર્યું. હવે દરરોજનો આ ક્રમ બની ગયો. હવે અલ્લાહ તઆલાએ આ વેપારમાં એટલી બરકત આપી કે થોડાક જ દિવસોમાં તેમણે ઘણો માલ એકઠો કરી લીધો. શાદી કરી પોતાનું ઘર પણ વસાવી લીધું, ત્યાં સુધી કે મદીનાના માલદારોમાં તેમની ગણતરી

થવા લાગી. એવી જ રીતે બીજા મુહાજિરો પણ પોત પોતાના કામમાં લાગી ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ કાપડનો વેપાર કરી લીધો. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ વેપારમાં લાગી ગયા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ખજૂરનો વેપાર કરી લીધો. આવી રીતે બધા ધીરે ધીરે પોતપોતાના પગ પર ઊભા થઈ ગયા અને સુકૂન તથા શાંતિપૂર્વક રીતે જીવન વીતાવવા લાગ્યા.

અન્સાર અને મુહાજિરો વચ્ચે ભાઈચારો ક઼ાયમ કર્યા બાદ સરવરે કાઈનાત ﷺએ વિચાર્યું કે અન્સાર અને યહૂદીઓ વચ્ચે પણ કોઈ ક઼રાર થઈ જાય જેથી આ લોકો અંદરો અંદર એકબીજાથી લડીને તબાહ તથા બર્બાદ ન થાય. એના માટે હુઝૂરે અક઼દસ ﷺએ અન્સાર અને યહૂદીઓને બોલાવી એક દસ્તાવેજ લખાવ્યો, જેના પર બંને પક્ષોએ હસ્તાક્ષર કર્યા. તે ક઼રારનો ખુલાસો કાંઈક આ રીતનો છે :–

(૧) ખૂંબહા (જાનના બદલે જે માલ આપવામાં આવે) અને ફિદીયા (કેદીને છોડાવવા જે રકમ અપાય)નો તરીક઼ા પહેલાં મુજબ ક઼ાયમ રહેશે.

(૨) યહૂદીઓને ધાર્મિક આઝાદી રહેશે, તેમના ધાર્મિક કાર્યોમાં કોઈ દખલ કરવામાં નહીં આવે.

(૩) યહૂદીઓ અને મુસલમાનો બંનેવ મૈત્રીપૂર્ણ વર્તાવ રાખશે.

(૪) યહૂદ અથવા મુસલમાનોને કોઈથી લડાઈ થઈ જાય તો એક પક્ષ બીજાની મદદ કરશે.

(૫) જો મદીના પર કોઈ હુમલો કરે તો બંને પક્ષ મળીને તેનો મુક઼ાબલો કરશે.

(૬) કોઈપણ પક્ષ કુરૈશ અને તેના મદદગારોને પનાહ નહીં આપે.

(૭) કોઈ દુશ્મન સાથે એક પક્ષ સુલહ કરશે તો બીજો પક્ષ પણ તેમાં સામેલ રહેશે, પરંતુ ધાર્મિક લડાઈ તેનાથી અલગ રહેશે.

જ્યારે મદીનામાં મુસલમાન શાંતિપૂર્વક રહેવા લાગ્યા તો તે લોકો

જે જાહેરમાં તો મુસલમાન બનતા હતા અને દિલમાં કાફિર હતા, જેમને મુનાફિક કહેવામાં આવે છે તેઓ મુસલમાનોના ઘણા મોટા દુશ્મન બની ગયા. તેમનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય હતો. તેણે વિચાર્યું કે જો મુહમ્મદ (ﷺ) ન આવતા તો હું મદીનાનો બાદશાહ હોત. અને યહૂદીઓએ પણ સુલહ કરતાં કરી તો લીધી પરંતુ મુસલમાનોની સફળતા તથા તરક્કી જોઈને તેમને પણ બેચૈની મહેસૂસ થવા લાગી, અને અંદરથી દિલમાં જલવા લાગ્યા. ભલે મુસલમાન અને યહૂદીઓ વચ્ચે કરાર થઈ ગયો હતો પરંતુ યહૂદીઓએ આ કરારને વધુ દિવસો સુધી ન રાખ્યો. યહૂદીઓ અને મુનાફિકોએ મળીને મક્કોના મુશ્રિકોથી સાંઠ ગાંઠ કરી લીધી અને મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં લાગી ગયા, પરંતુ અલ્લાહ તઆલાએ દરેક વખતે મુસલમાનોની મદદ કરી.

## જેહાદ

૧૨ સફરુલ મુઝફ્ફર, સ.હિ. ૨માં અલ્લાહ તઆલાના તરફથી જેહાદનો હુકમ નાઝિલ થયો. દીનના માટે કાફિરોથી લડાઈ કરવાને જેહાદ કહે છે. રસૂલે કરીમ ﷺ જ્યાં સુધી મક્કા શરીફમાં રહ્યા કોઈના પર હાથ ન ઉઠાવ્યો, જ્યારે આપ હિજરત કરી મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા તો મક્કાના કાફિરોએ ત્યાં પણ આપને સુકૂનથી રહેવા ન દીધા, આપને દરેક રીતે તકલીફ આપવાની કોશિશ કરી, ત્યાં સુધી કે અન્સારના રઈસ અબ્દુલ્લાહ બિન ઉબયની પાસે લખી મોકલાવ્યું કે :–

"તમો અમારા દુશ્મન (મુહમ્મદ ﷺ)ને પનાહ આપી છે. તેમને કત્લ કરી નાખો અથવા મદીનાથી કાઢી મૂકો, નહીં તો અમે તમારા પર હુમ્લો કરી દઈશું અને તમને મૌતના ઘાટ ઉતારી દઈશું અને તમારી સ્ત્રીઓને બાંદી બનાવી લઈશું."

જ્યારે હુઝૂરે અકરમ ﷺને આ પત્ર વિશે ખબર મળી તો આપ પોતે અબ્દુલ્લાહ બિન ઉબય પાસે ગયા અને કહ્યું કે શું તું આ પત્ર પર અમલ કરી પોતાના ભાઈઓથી લડાઈ કરીશ અને તેમનું લોહી વહાવીશ ?

આ મદીનાના લોકો જે ઈસ્લામ કબૂલ કરી ચૂક્યા છે તમારા જ ભાઈ છે. આ વાત અબ્દુલ્લાહ બિન ઉબયના દિલમાં બેસી ગઈ. તેણે પત્ર તરફ કાંઈ ધ્યાન ન આપ્યું.

મક્કાના કાફિરોએ ફક્ત આ ધમકીઓ પર જ બસ ન કર્યું, બલ્કે મદીના પર ચઢાઈ કરવાની તૈયારી પણ શરૂ કરી દીધી. આ બદમાશોઓને જોઈ કોઈ પણ બુદ્ધિશાળી વ્યક્તિ ચુપ ન રહી શક્તો હતો. રસૂલે આલી વકાર ﷺએ અન્સાર અને મુહાજિરોની રક્ષાની ચિંતા થઈ. આપે તેમને આ યોજનાઓ પર અમલ કરવાનું સૂચન કર્યું :–

**(૧)** કુરૈશના કાફિરોનો શામનો વેપાર, જેના પર તેમની જિંદગીનો દારોમદાર છે, તેમાં રુકાવટ નાખી દેવામાં આવે, જેથી તેઓ મદીના પર હુમ્લો કરવાનો વિચાર ત્યજી દે અને સુલેહ કરવા પર મજબૂર થઈ જાય.

**(૨)** મદીનાની આજુબાજુ જે કબીલાઓ આબાદ છે તેમની સાથે અમાન (શાંતિ તથા મિત્રતા)નો કરાર કરવામાં આવે જેથી કાફિરો મદીના પર હુમ્લો કરવાની હિંમત ન કરી શકે.

આજ બંને યોજનાને સામે રાખીને રસૂલે કરીમ ﷺએ સહાબાની નાની નાની ટુકડીઓ મદીનાની આજુબાજુ મોકલવાનું શરૂ કરી દીધું. અને કેટલીકમાં આપ પોતે સામેલ થયા. સહાબાની આ જમાઅતો ક્યારેક કાફિરોના લશ્કરની ખબર કાઢતી અને ક્યારેક આસપાસના કબીલાઓથી શાંતિનો કરાર કરવા માટે જતી. આ રીતે મુસલમાનો અને કાફિરો વચ્ચે ક્યારેક ટકરાવ પણ થઈ જતો જેના કારણે નાની મોટી લડાઈઓ પણ થઈ. આ લડાઈઓમાંથી કેટલીકને "ગઝવા" અને કેટલીકને "સરિય્યા" કહે છે. જે લડાઈઓમાં સહાબાએ કિરામની સાથે રસૂલે કરીમ ﷺ પણ સામેલ થયા તેને "ગઝવા" કહેવામાં આવે છે અને જેમાં ફક્ત સહાબાએ કિરામ સામેલ રહ્યા તે "સરિય્યા" કહેવાય છે. (ગઝવાનું બહુવચન ગઝવાત અને સરિય્યાનું બહુવચન સરાયા છે.)

ગઝવાતની સંખ્યા ૧૬ અથવા ૧૯ છે, તેમાંથી ૯માં લડાઈઓ થઈ જે આ પ્રમાણે છે :–

જંગે બદ્ર, જંગે ઓહદ, જંગે અહઝાબ, જંગે બનૂ કુરૈઝા, જંગે બની મુસ્તલિક, જંગે ખૈબર, ફત્હે મક્કા, જંગે હુનૈન, જંગે તાઈફ.

સરાયાની સંખ્યા ૩૭ અથવા ૪૭ છે. પ્રથમ સરિય્યા "સરિય્યએ હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ" અથવા "સરિય્યએ ઉબૈદા બિન હારિષ" છે. અને અંતિમ સરિય્યા "સરિય્યએ ઉસામા બિન ઝૈદ" છે જેને રસૂલે કરીમ ﷺએ પોતાના વિસાલના સમયની બીમારીમાં રવાના કર્યો હતો.

## ગઝવએ બદ્ર

બદ્ર મદીના શરીફથી લગભગ એંસી માઈલની દૂરી પર એક જગ્યાએ છે જ્યાં એક કૂવો હતો, જેના માલિકનું નામ બદ્ર હતું. એટલા માટે જ એનું નામ બદ્ર પડી ગયું. કેમ કે આ જ સ્થળે હક્ક઼ તથા બાતિલની મશ્હૂર જંગ થઈ, જેથી તેને "ગઝવએ બદ્ર" કહેવામાં આવે છે. તેમાં મુસલમાનોનો શાનદાર વિજય થયો અને કાફિરો બુરી રીતે હાર્યા.

તમે વાંચી ચૂક્યા કે મક્કાના કાફિરો મુસલમાનોના લોહીના તરસ્યા હતા, મદીના ચાલ્યા ગયા પણ તેમના પર જુલ્મ કરતા રહ્યા. રસૂલે કરીમ ﷺએ તેમના જુલ્મથી મુક્તિ મેળવવા માટે તેમના વેપારી કાફલા પર હુમ્લો કરવાનો ફેંસલો કર્યો. આ દરમિયાન કુરૈશના કાફિરોનો વેપારી કાફલો અબૂ સુફયાનના હાથ હેઠળ મુલ્કે શામ ગયો હતો. કેમ કે મક્કાથી શામ જવાનો રસ્તો મદીનાથી નીકળતો હતો એટલા માટે અબૂ સુફયાનને મુસલમાનોથી ખતરો મહેસૂસ થતાં મક્કા ખબર પહોંચાડી દીધી કે તમે અમારી મદદ માટે પહોંચો, ક્યાંક મુસલમાનો અમારો કાફલો લૂટી ન લે ! મક્કાના કાફિરો મુસલમાનોના જાની દુશ્મન તો હતા જ જેથી મોક઼ો મળતાં જ અબૂ જહલના હાથ હેઠળ એક જબરદસ્ત લશ્કર નીકળી પડ્યું. તેના પહોંચતાં જ પહેલાં જ અબૂ સુફયાન રસ્તો બદલી મક્કા તરફ વળી ગયો અને મક્કા પહોંચી ખબર મોકલી કે તમે લોકો પાછા ચાલ્યા આવો,

અમારો કાફલો સલામતીથી મક્કા આવી ગયો છે. અબૂ જહલે કહ્યું, અમે નીકળી જ પડયા છીએ તો લડાઈ કર્યા વિના પરત નહીં ફરીએ. અબૂ જહલે બદ્રના સ્થળે પોતાનો પડાવ નાખ્યો અને મુસલમાનોએ પણ એક બાજુ પોતાનો પડાવ નાખ્યો.

મુસલમાનોની સંખ્યા ૩૧૩ હતી. તેમાંથી વધુ પડતા સામાન વગરના હતા. તેમની પાસે ફક્ત ત્રણ ઘોડા, ૧૭ ઊંટ અને ૮ તલવારો હતી. મુકાબલામાં કાફિરોની સંખ્યા એક હજારથી વધુ હતી અને તેમનામાંથી દરેક જંગી હથિયારોથી લદાયેલો હતો. ૧૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૨ જુમ્આના દિવસે સવારના સમયે બંને સેનાઓ સામે સામે થઈ. હુઝૂર રહ્મતે આલમ ﷺએ બારગાહે ખુદાવંદીમાં દુઆ ફર્માવી :

''મૌલા કરીમ ! આ થોડાક શસ્ત્રહિન મુસલમાન છે અને તારું નામ બુલંદ કરવા માટે આવ્યા છે. જો આ મુટ્ઠીભર મુસલમાનો નષ્ટ થઈ ગયા તો પછી કયામત સુધી દુનિયામાં તારું નામ લેવાવાળો કોઈ બાકી નહીં રહે. હે મૌલા ! તેં જે મદદનો વાયદો કર્યો હતો, તેને પૂરો ફર્માવ, અને અમને તારો ફઝલ અતા ફર્માવ.''

અરબના કાયદા પ્રમાણે એક એક વ્યક્તિથી જંગ શરૂ થઈ. સૌ પ્રથમ કાફિરોનો સેનાપતિ ઉત્બા બિન રબીઆ પોતાના ભાઈ શયબા અને પુત્ર વલીદને લઈને મુકાબલામાં આવ્યો. ઈસ્લામી સેનામાંથી ત્રણ અન્સાર હઝરત ઔફ, હઝરત મુઆઝ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن મુકાબલા માટે નીકળ્યા. ઉત્બાએ ચીસ પાડી કહ્યું;

હે મુહમ્મદ ! (ﷺ) અમે આ ખેડૂતોથી શું લડીએ, આ અમારી જોડના નથી ! કુરૈશી નવજવાનોને અમારા મુકબલામાં મોકલો !

ત્યારે નબીએ કરીમ ﷺએ હઝરત હમ્ઝા, હઝરત અલી અને હઝરત ઉબૈદા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنને હુકમ આપ્યો. જ્યારે આ હઝરાત મેદાને જંગમાં પહોંચ્યા તો ઉત્બાએ કહ્યું, હા ! આ લોકો અમારી

જોડના છે ! જંગ શરૂ થઈ. ઈસ્લામના મુજાહિદોએ ઈમાની બહાદુરી સાથે દુશ્મનોનો એવો મુક઼ાબલો કર્યો કે બદ્રની જમીન કાંપી ઉઠી. હઝરત હમ્ઝાએ ઉત્બા અને હઝરત અલીએ વલીદને ક઼ત્લ કરી દીધો, પરંતુ હઝરત ઉબૈદાને શૈબાએ બહુ ઊંડો ઘા લગાડી દીધો અને તે બેતાબ થઈ જમીન પર પડી ગયા. આ જોઈને હઝરત અલી જલ્દીથી લપક્યા અને શૈબાને એક જ વારમાં જમીન પર ઢગલો કરી દીધો. ત્યાર બાદ આમ જંગ શરૂ થઈ ગઈ, અને બંને સેનાઓ આપસમાં એકબીજાથી ટકરાવા લાગી. બહુ જ ઘમસાણની જંગ થઈ અને મુસલમાનોનો વિજય થયો. આ જંગમાં કુરૈશના મોટા મોટા સરદાર માર્યા ગયા, જેમ કે ઉત્બા, શૈબા, અબૂ જહલ, ઉમૈયા બિન ખલ્ફ, કુલ ૭૦ કાફિરો માર્યા ગયા અને સિત્તેર પકડાયા. કેદીઓથી રસૂલુલ્લાહ ﷺએ બદલો ન લીધો બલ્કે તેમને ફિદિયો લઈ છોડી મૂક્યા. માલદારો પાસેથી રોકડા લીધા અને ગરીબોનો ફિદિયો એ રાખ્યો કે તેઓ મુસલમાનોના દસ બાળકોને લખતાં વાંચતા શીખવી દે.

આ જંગમાં ૧૪ મુસલમાનો શહીદ થયા. તેમાંથી છ મુહાજિર અને આઠ અન્સાર હતા. તેમનાં મુબારક નામ આ પ્રમાણે છે :–

મુહાજિર શોહદા : (૧) હઝરત ઉબૈદા બિન હારિષ (૨) હઝરત ઉમૈર બિન અબી વક્ક઼ાસ (૩) હઝરત ઝુશ્શિમાલીન ઉમૈર બિન અબ્દે અમ્ર (૪) હઝરત આક઼િલ બિન અબી બક્ર (૫) હઝરત મિહ્જઅ્ (૬) હઝરત સફવાન બિન બયઝાઅ્. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ)

અન્સાર શોહદા : (૧) હઝરત સઅદ બિન ખૈષમહ્ (૨) હઝરત મુબશ્શિર બિન અબ્દુલ મુન્ઝિર (૩) હઝરત હારિષા બિન સુરાકા (૪) હઝરત મુઅવ્વઝ બિન અફરાઅ્ (૫) હઝરત ઉમૈર બિન હમામ (૬) હઝરત રાફેઅ બિન મુઅલ્લા (૭) હઝરત ઔફ બિન અફરાઅ્ (૮) હઝરત યઝીદ બિન હારિષ. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ)

જ્યારે લોકો મેદાને જંગથી મદીના પરત આવવા લાગ્યા તો તે જ વખતે રસૂલુલ્લાહ ﷺની પુત્રી હઝરત રૂકૈયા رضی اللہ عنہાની વફાત થઈ,

જે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના પત્ની હતાં. અને તે જ વર્ષે ઝીલ હજ્જમાં આપની નાની પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہاની શાદી હઝરત અલી رضی اللہ عنہ સાથે થઈ. તે જ વર્ષે ગઝવએ બનૂ કૃયનુકૃાઅ અને ગઝવએ સવીકૃ થયા.

## ગઝવએ ઓહદ

*(રમઝાનુલ મુબારક, હિ.સ. ૨)*

ગઝવએ બદ્રમાં હાર્યા બાદ કાફિરોનો હોસલો તૂટી ગયો પણ દિલોમાં બદલાની આગ ભડકી રહી હતી. બદલાની આગે તેમને ચેનથી ન બેસવા દીધા. એક વર્ષની જબરદસ્ત તૈયારી પછી શવ્વાલ હિ.સ. ૩માં કુરૈશના કાફિરો ત્રણ હજારની સેના લઈ મદીના પર ચઢાઈ માટે નીકળી પડયા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ જે ગુપ્ત રીતે મુસલમાન થઈ ગયા હતા અને મક્કામાં જ રહેતા હતા, આપે એક પત્ર લખી રસૂલુલ્લાહ ﷺને કાફિરોના લશ્કરની ખબર મોકલી આપી. આ ખૌફનાક ખબર સાંભળતાં જ રસૂલે કરીમ ﷺએ અન્સાર અને મુહાજિરોથી મશ્વરો કર્યો કે જંગ શહેરની અંદર રહી લડવામાં આવે કે બહાર ! વડીલોએ કહ્યું, સ્ત્રીઓ અને બાળકોને કિલ્લામાં સુરક્ષિત કરી દેવામાં આવે અને જંગ શહેરની અંદર જ લડવામાં આવે. પરંતુ તે નજવાન સહાબાએ કિરામ જે કોઈ કારણના લીધે જંગે બદ્રમાં ન ભાગ લઈ શક્યા હતા અને તેમનું ઈમાન જોશ મારી રહ્યું હતું તેઓ એ વાત પર અડી રહ્યા હતા કે અમે શહેરથી બહાર નીકળી દુશ્મનોથી મુકૃાબલો કરીશું. રસૂલે કરીમ ﷺએ જ્યારે બધાની આ વાત સાંભળી લીધી, મકાનમાં તશરીફ લઈ ગયા. હથિયાર લાદીને બહાર આવ્યા અને ફર્માવ્યું, તમે જવાંમર્દી સાથે મેદાનમાં નીકળી પડો અને સબ્રથી કામ લેશો તો વિજય જરૂર હાંસલ થશે.

રસૂલે મુઅઝ્ઝમ ﷺએ અન્સારના કબીલા ઔસનો ઝંડો હઝરત ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہને અને કબીલા ખઝરજનો ઝંડો હઝરત હુબાબ બિન મુન્ઝિર رضی اللہ عنہને અને મુહાજિરોનો ઝંડો હઝરત અલી رضی اللہ عنہને આપ્યો અને એક હજારનું લશ્કર લઈ શહેરની બહાર નીકળ્યા.

અબ્દુલ્લાહ બિન ઉબય જે મુનાફિક઼ોનો સરદાર હતો આમ કહીને પોતાના ત્રણસો સાથીઓને લઈ અલગ થઈ ગયો કે અમે શહેરની અંદર રહી લડાઈ કરવાનો મશ્વરો આપ્યો હતો. મુહમ્મદ ﷺએ અમારો મશ્વરો ન માન્યો એટલા માટે અમે જંગમાં સામેલ નહીં થઈએ. હવે લશ્કરે ઈસ્લામમાં ફકત સાતસો મુજાહિદો રહી ગયા. આ નાનકડુ લશ્કર જેહાદના જોશમાં ઓહદ તરફ વધ્યું, ઓહદ એક પહાડનું નામ છે, જે મદીના મુનવ્વરાથી લગભગ ત્રણ માઈલ દૂર છે. કેમ કે આ જંગ આ જ પહાડના દામનમાં થઈ એટલા માટે આ જંગ ''ગઝવએ ઓહદ''ના નામથી મશ્હૂર છે.

૧૫ શવ્વાલ હિ.સ. ૩ શનિવારના દિવસે ફજરની નમાઝ પઢી મેદાને ઓહદમાં નબીએ અકરમ ﷺએ મોરચાબંદી શરૂ ફર્માવી. પાછળ ઓહદ પહાડ હતો જેમાં એક નાનો રસ્તો હતો જ્યાંથી દુશ્મનો હુમ્લો કરી શક્તા હતા એટલા માટે હુઝૂર ﷺએ તેના પર પચાસ સહાબીઓને નિશ્ચિત કર્યા અને તેમના સરદાર અબ્દુલ્લાહ બિન જુબેરને બનાવ્યા, અને તેમને એ હિદાયત ફર્માવી કે જંગમાં આપણે જીતીએ કે હારીએ, તમે લોકો તે સમય સુધી આ જગ્યા ન છોડશો જ્યાં સુધી તમને કહેવામાં ન આવે. આ બાજુ કાફિરોએ પણ સફો બરાબર કરી લીધી. હવે બંને ફોજો સામ સામે છે. સૌ પ્રથમ કાફિરોની સ્ત્રીઓ દફ વગાડતી વગાડતી નીકળી અને શેઅરો પઢી પઢીને તેમને જોશ અપાવવા લાગી. થોડી વાર પછી કાફિરોનો ઝંડાધારી તલ્હા બિન અબી તલ્હા મેદાનમાં આવ્યો અને કહેવા લાગ્યો, હે મુસલમાનો ! શું તમારામાં કોઈ એવું છે જે મને દોઝખમાં પહોંચાડે અથવા પોતે મારી તલ્વારથી જન્નતમાં પહોંચી જાય ! આ ઘમંડભર્યા વાક્યો સાંભળી હઝરત અલી رضی اللہ عنہએ ગરજતા અવાજમાં કહ્યું, હા ! હું છું ! આપે તલ્વારના એક જ વારમાં તેનું માથુ ફોડી નાખ્યું અને તે જમીન પર ઢગલો થઈ ગયો. ત્યાર બાદ તેનો ભાઈ ઉષ્માન બિન અબી તલ્હા આવ્યો અને તેના મુક઼ાબલામાં હઝરત હમ્ઝા આવ્યા. અને તેના ખભા પર એવો જબરદસ્ત વાર કર્યો કે તલ્વાર કરોડના હાડકાને કાપી કમર સુધી પહોંચી ગઈ. ત્યાર પછી આમ જંગ શરૂ થઈ.

ઈસ્લામી મુજાહિદો ઘણી જ બહાદુરી તથા દિલેરીથી લડતા રહ્યા ત્યાં સુધી કે મુશ્રિકોના પગ ઉખડી ગયા. મુસલમાનોના હુમલાઓએ તેમના છક્કા છોડાવી દીધા, કાફિરોની હાર થઈ. તેઓ મેદાન છોડી ભાગવા લાગ્યા અને મુસલમાનોએ તેમનો પીછો કર્યો. કાફિરોની હોશ હવાસ વિનાની હાલત તથા મુસલમાનોનો વિજયી હુમલો જોઈ તે ૫૦ તીરંદાઝ મુસલમાન જે દર્રા (એક સાંકડા રસ્તા) પર રાખવામાં આવ્યા હતા, આપસમાં એકબીજાને કહેવા લાગ્યા કે ચાલો ! આપણે પણ માલે ગનીમત લૂંટવામાં જોડાઈ જઈએ, હવે તો આપણો વિજય થઈ ગયો છે ! તેમના સરદાર અબ્દુલ્લાહ બિન જુબેર તેમને રોકતા રહ્યા અને રસૂલુલ્લાહ ﷺની હિદાયત યાદ અપાવતા રહ્યા, પરંતુ તે ટુકડીએ એક ન સાંભળી અને માલે ગનીમત લૂંટવામાં લાગી ગયા. ખાલિદ બિન વલીદે જે હજુ મુસલમાન ન થયા હતા અને કાફિરોના લશ્કરમાં સામેલ હતા, જ્યારે એ સાંકડો રસ્તો ખાલી થઈ ગયો તો મોક઼ાને ગનીમત સમજીને તે રસ્તાથી મુસલમાનો પર હુમ્લો કરી દીધો. હઝરત અબ્દુલ્લાહ બિન જુબેરે પોતાના બચેલા સાથીઓની સાથે તેમનો મુકાબલો કર્યો, પરંતુ તે બધા જ શહીદ કરી દેવામાં આવ્યા. હવે શું હતું ? રસ્તો સાફ થઈ ગયો અને કાફિરો મુસલમાનો પર પાછળથી હુમ્લો કરવા લાગ્યા. જ્યારે મુસલમાનોએ પલટીને જોયું તો એવા હોશ હવાસ વિનાના થઈ ગયા કે તેમને પોતાનું તથા પરાયાનું પણ ભાન ન રહ્યું અને મુસલમાનોની તલ્વારો મુસલમાનો પર જ પડવા લાગી.

ઈસ્લામી લશ્કરના ઝંડાધારી હઝરત મુસ્અબ બિન ઉમૈર એક કાફિરના હાથે શહીદ કરી દેવામાં આવ્યા, તે રસૂલે કરીમ ﷺના બહુ મુશાબેહ (મળતા ઝુલતા) હતા. કાફિરોએ હોબાળો કરી નાખ્યો કે નઊઝુબિલ્લાહ ! મુહમ્મદ (ﷺ) શહીદ કરી દેવામાં આવ્યા. લોકો આ સાંભળતાં જ ઘણા પરેશાન થયા અને કેટલાક તો મેદાન છોડી ભાગી ગયા કે જ્યારે આપણા આક઼ા જ ન રહ્યા તો આપણે લડીને શું કરીશું ?! અને કેટલાક સહાબાએ કિરામે ઘણા જ બહાદુરીથી લડવાનું શરૂ કરી દીધું કે જ્યારે આપણા આક઼ા જ ન રહ્યા તો અમે જીવંત રહીને શું કરીશું ?!

પરંતુ થોડીક જ વાર પછી ખબર પડી કે મુસલમાનોના આક઼ા હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ સલામત છે, આ સાંભળી સહાબાએ કિરામના જીવમાં જીવ આવ્યો.

હુઝૂરે અક઼દસ ﷺની આજુબાજુ જાંનિષારોનો પહેરો હતો, પરંતુ એક બદ્‌બખ્તે મજમાને ચીરીને રસૂલે આલી વક઼ાર ﷺ પર એવી તલ્વાર મારી કે હેલ્મેટની બે કળીઓ ચહેરા મુબારકમાં પેસી ગઈ અને દાંત મુબારક પણ શહીદ થઈ ગયા. તેમ છતાં રસૂલે કરીમ ﷺ પોતાના ચહેરા પરથી લોહી લૂછતા જતા અને તેમના હક્ક઼માં દુઆઓ કરતા.

આ લડાઈમાં તેત્રીસ કાફિર માર્યા ગયા અને સિત્તેર સહાબાએ કિરામ શહીદ થયા અને શહીદોમાં હઝરત હમ્ઝા رضی اللہ عنہની શહાદત ઘણી મહત્વની હતી. હુઝૂર ﷺ પર તેની ઘણી અસર પડી. ઉપરથી એ કે અબૂ સુફયાનની પત્ની હિંદાએ તેમનું કલેજુ કાઢીને ચાવી લીધું હતું.

રસૂલે કરીમ ﷺએ સહાબાએ કિરામને ત્યાં જ દફન કર્યા અને મદીના તશરીફ લઈ આવ્યા અને આ જંગ નિર્ણયાત્મક સાબિત ન થઈ.

## ગઝવએ બની મુસ્તલિક઼

*(શાબાન હિ.સ. ૫)*

રસૂલે અકરમ ﷺને જ્યારે એ ખબર મળી કે ક઼બીલાએ બની મુસ્તલિક઼નો સરદાર હારિષ બિન અલી ઝરાર મુસલમાનો સાથે લડવાની તૈયારી કરી રહ્યો છે અને મદીના પર હુમ્લો કરવા ચાહે છે. તો રસૂલે કરીમ ﷺએ ૨ શાબાન હિ.સ. ૫ના રોજ મદીના પર ઝયદ બિન હારિષાને પોતાના ખલીફા બનાવ્યા અને પોતે કબીલા બની મુસ્તલિક઼ની તરફ ઈસ્લામી લશ્કર લઈને રવાના થઈ ગયા. આપે મુહાજિરીનના અલમબરદાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને બનાવ્યા. અન્સારનો ઝંડો હઝરત સઅદ બિન ઓબાદાના હાથમાં આપ્યો અને હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ દળમાં હતા જે લશ્કરની આગળ આગળ ચાલી રહ્યું હતું. રસ્તામાં એક જાસૂસ મળ્યો જેને કાફિરોએ ભાવ કાઢવા માટે

નિયુક્ત કરી રાખ્યો હતો. હઝરત ઉમર رضی اللہ عنہએ એને ગિરફતાર કરી લીધો અને રસૂલે આ'ઝમ ﷺથી ઈજાઝત લઈને તેને કત્લ કરી નાખ્યો. આ સફરમાં આપની પાક બીવીઓમાંથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તથા હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا સાથે હતાં.

જ્યારે હારિષ બિન ઝરાર અને તેમના સાથીઓને રસૂલે કરીમ ﷺની રવાનગી તથા જાસૂસના કત્લ થવાની ખબર મળી તો તેમના પર એક એવી ધાક છવાઈ ગઈ કે તેઓ તમામે તમામ ભાગી ગયા. રસૂલે કરીમ ﷺ ઈસ્લામી લશ્કરને લઈને આગળ વધતા રહ્યા મુરૈસીઅ સ્થળે રોકાયા. ત્યાં મુરૈસીઅના રહેવાસીઓ સાથે ઈસ્લામી લશ્કરનો સામનો થયો. તેઓ મુસલમાનો પર સતત તીરો વરસાવવા લાગ્યા. જ્યારે મુસલમાનોએ આ મન્ઝર જોયો તો એક સાથે મળીને તેમના પર હુમ્લો કર્યો. પ્રથમ જ હુમ્લામાં કાફિરોની હાર થઈ. દસ કાફિર માર્યા ગયા અને કોઈ મુસલમાન શહીદ ન થયો. હા ! કલ્બ બિન ઔફના એક શખ્સ હિશામ બિન સબાબા رضی اللہ عنہ ઔબાદા બિન સામત સહાબીની તલ્વારથી કત્લ થયા. તેમણે દુશ્મનનો માણસ સમજીને ભૂલથી કત્લ કરી નાખ્યા.

એ જંગમાં લગભગ ૭૦૦ કાફિરોને ગિરફતાર કરી દેવામાં આવ્યા. બે હજાર ઊંટ તથા પાંચ હજાર બકરીઓ માલે ગનીમતમાં મુસલમાનોને મળી.

આ જંગ મુરૈસીઅના સ્થાને થઈ જે મદીનાથી આઠ મંઝિલની દૂરી પર છે. એ જગાએ ખુઝાઆનું એક ખાનદાન બનુ મુસ્તલિક આબાદ હતું.

કબીલાનો એતબાર કરીને આ જંગને ગઝવએ બની મુસ્તલિક કહેવામાં આવે છે અને મુરૈસીઅ સ્થળ તરફ નિસ્બત કરીને તેને ગઝવએ મુરૈસીઅ પણ કહે છે.

## ગઝવએ અહઝાબ

*(ઝી કઅદા હિ.સ. ૫)*

તમે વાંચી ચૂક્યા છો કે રસૂલે અકરમ ﷺએ મદીના પહોંચીને યહૂદીઓથી પોતાની જાન માલની હિફાઝતનો કરાર કરી લીધો હતો.

યહૂદીઓએ કરાર કરવા પૂરતો કરી લીધો હતો, પણ તેમને મુસલમાનોની પ્રગતિ ગમતી ન હતી. તેઓ ચુપકે ચુપકે સાઝિશો કરવા લાગ્યા. એ છુપી શરારતોને કારણે મુસલમાનોને ઘણુ નુકસાન થયું.

યહૂદીઓએ જંગે ઓહદ પછી જ મક્કાવાળાઓથી મળીને કરાર ભંગ શરૂ કરી આપ્યો હતો. કબીલા બનૂ નઝીરે જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર પથ્થર ગબડાવીને તેમને શહીદ કરવાની નાપાક સાઝિશ કરી હતી પણ પરવરદિગારે આલમે આપને એમની આ નાપાક સાઝિશથી બચાવી લીધા. એની સજા આપવાના માટે રસૂલે કરીમ ﷺએ બનૂ નઝીરનો લશ્કરી ઘેરાવ કર્યો. ઈસ્લામી લશ્કરને જોઈને યહૂદીઓ પોતાના કિલ્લાઓની અંદર છુપાઈ ગયા, અને ઈસ્લામી લશ્કરે કિલ્લાઓનો ઘેરાવ કરી લીધો. જ્યારે બે અઠવાડિયાં પસાર થઈ ગયાં તો તેમણે હુઝૂર ﷺથી દરખાસ્ત કરી કે તેમને મદીના છોડીને ક્યાંક ચાલ્યા જવાની ઈજાઝત આપવામાં આપી દેવામાં આવે. રસૂલ કરીમ ﷺએ તેમને ઈજાઝત આપી દીધી. એ લોકો મદીનાથી નીકળી ગયા. એમનામાંથી કેટલાક ખયબર પહોંચ્યા જે એમનું મર્કઝ (સેન્ટર) હતું. હવે એઓ ખયબર પહોંચીને પોતાને શક્તિશાળી તથા મજબૂત સમજવા લાગ્યા. મક્કાવાળાઓ સાથે સાઠગાંઠ કરી અને તેઓને મુસલમાનનો સાથે લડવા માટે તૈયાર કર્યા. આ રીતે યહૂદી તથા મક્કાના કાફિરોમાં સાંઠ ગાંઠ થઈ ગઈ અને ચોવીસ હજારનું એક જબરદસ્ત લશ્કર લઈને મદીના પર હુમ્લો કરવાના માટે રવાના થઈ ગયું.

એ વખતે મુસલમાનોની સંખ્યા કુલ ત્રણ હજાર હતી. રસૂલે અકરમ ﷺએ સહાબાથી મશ્વરો કર્યો કે જંગ કેવી રીતે લડવામાં આવે. હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہએ મશ્વરો આપ્યો કે મદીનાની આસપાસ ખંદક (ખાઈ) ખોદી નાખવામાં આવે અને મદીનામાં રહીને દુશ્મનો સાથે મુકાબલો કરવામાં આવે. આ મશ્વરા પર સર્વ લોકોએ એકમતિ દર્શાવી અને ખંદકનું ખોદકામ શરૂ થઈ ગયું. દસ દસ ગઝ જમીન દસ દસ માણસો વચ્ચે વહેંચી દેવામાં આવી. ખુદ રસૂલે અકરમ ﷺ પણ ખંદકના

ખોદકામમાં સમાન રીતે શરીક રહ્યા. લગભગ વીસ દિવસોમાં એ ખંદક તૈયાર થઈ. સદ્ નસીબે ખંદક કેવળ એક જ બાજુ ખોદાવવી પડી કેમ કે મદીના ત્રણ બાજુએ મકાનો અને ખજૂરોના ઝુંડ હતા, અને એ ત્રણેવ બાજુથી હુમ્લાની કોઈ શક્યતા ન હતી.

ખંદક તૈયાર થઈ જતાં રસૂલે આલી વક઼ાર ﷺએ સ્ત્રીઓ તથા બાળકોને કિલ્લામાં સુરક્ષિત કરી દીધાં અને ત્રણ હજારનું ઈસ્લામી લશ્કર લઈને સલ્અ પહાડની તળેટીમાં તશરીફ લઈ ગયા. સલ્અ પહાડ આપની પીઠ તરફ હતો અને સામે ખંદક હતી આપે મુહાજિરીનોનો ઝંડો હઝરત ઝયદ બિન હારિષાના હાથમાં આપ્યો અને અન્સારના સેનાપતિ હઝરત સઅદ બિન ઓબાદાને બનાવ્યા.

અરબવાળાઓ માટે આ જંગ એક અજીબ ચીજ હતી. એટલા કાફિરો એ જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે લડાઈ થાય તો કેવી રીતે ?! હાથોહાથની લડાઈ તો નથી થઈ શકતી. બંને બાજુથી તીરંદાઝી તથા પથ્થરબાજી જરૂર થઈ.

દુશ્મનોએ કોશિશ કરી કોઈ રીતે ખંદકને પાર કરીને મુસલમાનો પર હુમ્લો કરવામાં આવે પરંતું તેમની કોશિશ નિષ્ફળ રહી. એક બાજુએથી ખંદક કાંઈક ઓછી પહોળી હતી ત્યાંથી કેટલાક મુશ્રિકોએ ખંદક પાર કરી લીધી. એમનામાંથી જે શખ્સ સૌથી આગળ વધ્યો તે એમનો મશહૂર તથા બહાદુર ઘોડે સવાર અમ્ર બિન અબ્દે વુદ હતો. તેણે આગળ વધીને ત્રણવાર કહ્યું, કોણે છે જે મારા મુક઼ાબલામાં આવે ?! દરેક વખતે હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે હું અલી ઈબ્ને તાલિબ ! રસૂલુલ્લાહ ﷺએ આપને રોક્યા કે હે અલી ! આ અમ્ર ઈબ્ને અબ્દે વુદ છે ! હઝરત અલી رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! હું સારી રીતે જાણુ છું કે આ અમ્ર ઈબ્ને અબ્દે વુદ છે પરંતુ હું એનાથી લડીશ. આ સાંભળીને રસૂલે આલી વક઼ાર ﷺએ પોતાની ખાસ તલ્વાર ઝુલ્ફિક઼ાર હઝરત અલીના હાથમાં આપી એમના માથા પર અમામા

બાંધ્યો, અને દુઆ ફર્માવી કે હે અલ્લાહ ! તું અલીની મદદ ફર્માવ ! હઝરત અલી શેરે ખુદા મુજાહિદાના શાન સાથે તેની સામે ઉભા થઈ ગયા અને બંનેવની વચ્ચે આ પ્રમાણે વાતચીત શરૂ થઈ.

હઝરત અલી رضی اللہ عنہ : હે અમ્ર બિન અબ્દે વુદ ! તું મુસલમાન થઈ જા !

અમ્ર બિન અબ્દે વુદ : એ મારાથી કદાપિ પણ નથી થઈ શકતું.

હઝરત અલી رضی اللہ عنہ : લડાઈથી પરત ચાલ્યો જા !

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : એ મને મંઝૂર નથી.

હઝરત અલી رضی اللہ عنہ : તો પછી મારી સાથે લડવા તૈયાર થઈ જા !

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : હસીને કહ્યું કે હું કદી એ વિચારી પણ શકતો ન હતો કે દુનિયામાં કોઈ મને જંગની દાવત આપશે.

હઝરત અલી رضی اللہ عنہ : પણ હું તારી સાથે લડવા ચાહું છું.

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : છેવટે તારું નામ શું છુ ?

હઝરત અલી رضی اللہ عنہ : અલી ઈબ્ને અબી તાલિબ

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : હે ભત્રીજા ! તું હજી બહુ નાની વયનો છે. હું તારું લોહી વહાવવું પસંદ નથી કરતો.

હઝરત અલી رضی اللہ عنہ : પરંતું હું તારું ખૂન વહાવવું બેહદ પસંદ કરું છું !

અમ્ર બિન અબ્દે વુદ આ રીતે ગુસ્સો ચઢાવે એવું વાક્ય સાંભળીને ગુસ્સાનો માર્યો કાબૂ બહાર થઈ ગયો. હઝરત અલી પગપાળા હતા તો તે પણ જોશનો માર્યો ઘોડા પરથી નીચે ઉતરી પડયો. ઘોડાના પગો કાપીને આગળ વધ્યો અને હઝરત અલી رضی اللہ عنہ પર ભારપુર વાર કર્યો. એ વાર એટલો સખ્ત હતો કે તલ્વાર ઢાલ તથા અમામાને કાપતી પેશાની પર પહોંચી ગઈ. ઝખ્મ બહું ગાઢ તો ન લાગ્યો છતાં જીવનભર એનું નિશાન પેશાની પર બાકી રહ્યું. હવે હઝરત અલી رضی اللہ عنہએ લલકારીને

કહ્યું, હે અમ્ર બિન અબ્દે વુદ ! સંભલી જા ! હવે મારી વારી છે ! આવું કહીને શેરે ખુદાએ એવો જબરદસ્ત વાર કર્યો કે તલ્વાર તેના ખભાને કાપતી કમરથી નીચે ઉતરી ગઈ અને તે ત્યાં જ જમીન પર ઢગલો થઈ ગયો. ત્યારબાદ નુફલ ગુસ્સામાં ચૂર થઈને મેદાનમાં આવ્યો અને કહ્યું, કોણ છે મારાથી મુક઼ાબલો કરે ?! હઝરત ઝુબૈર બિન અવ્વામ ઈસ્લામી જોશો ખરોશની સાથે તેના પર ઝપટયા અને પોતાની તલ્વાર વડે એક એવો વાર કર્યો કે તે બે ટુકડા થઈ ગયો. જ્યારે કાફિરોએ પોતાના બહાદુરોને આ રીતે ગાજર મૂળી જેમ કપાતા જોયા તો તેમની હિંમત તૂટી ગઈ અને મેદાન છોડીને ભાગી નીકળ્યા અને ખંદકને પેલે પાર જઈને પનાહ લીધી.

કાફિરોએ લગભગ એક મહિનો મદીનાનો ઘેરાવ કરી રાખ્યો જેના કારણે મુસલમાન પરેશાનીઓમાં સપડાયા, અને કાફિરો પણ ગભરાય ઉઠયા. તેઓ તો લૂટમારના આદી હતા. જામીને લડવું એમના વશની વાત ન હતી. ચોવીસ હજારના લશ્કરના ખાવા પીવાની વ્યવસ્થા કોઈ સરળ કામ ન હતું. તેમનો ખાવા પીવાનો સામાન ખત્મ થઈ ગયો. જાનવરો ભૂખે મરવા લાગ્યાં. સખત ઠંડીની મોસમ હતી. કાફિરો તંગ આવી ગયા. એક રાત્રે જોરદાર તોફાન આવ્યું, તેમના તંબૂઓ ઉખડી ગયા. ચુલાઓ પરથી હાંડલીઓ ઉલટ પલટ થઈ ગઈ. કાફિરો હોશહવાસ વિનાના થઈ ગયા. સવાર થતાં જ કુરૈશના સરદાર અબૂ સુફયાને મક્કાનો રસ્તો પકડયો અને અન્ય ક઼બીલાઓ જે તેમની સાથે તેઓ પણ પાછા ચાલ્યા ગયા.

એ જંગમાં મક્કાના કાફિરો ઉપરાંત અરબના ઘણા ક઼બીલાઓએ ભાગ લીધો હતો એટલા માટે એ જંગને ગઝવએ અહઝાબ કહેવામાં આવે છે. હિઝ્બ અરબી શબ્દ છે જેનો અર્થ જમાઅત છે અને તે બહુવચન અહઝાબ છે જેનો અર્થ થયો ઘણી જમાઅતો.

અને એ જંગમાં મદીનાની આસપાસ ખંદક ખોદવામાં આવી હતી એટલા માટે એને ગઝવએ ખંદક પણ કહે છે.

# ગઝવએ બનૂ કુરૈઝા

## (ઝી કૃઅદા હિ.સ. ૫)

રસૂલે અકરમ ﷺ ગઝવએ અહઝાબથી ફારિગ થઈને પોતાના ઘરે તશરીફ લઈ ગયા. હથિયાર ઉતારીને ગુસ્લ કર્યું. હજી ઈત્મિનાનનો શ્વાસ પણ લીધો ન હતો એવામાં હઝરત જિબ્રઈલ علیہ السلام ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે હથિયાર ઉતારી દીધાં અને અમે ફરિશ્તાઓએ હજી હથિયાર નથી ઉતાર્યાં. અલ્લાહ તઆલાનો હુકમ છે કે હમણા આપ બનૂ કુરૈઝાની તરફ ચાલો કે એ લોકોએ ગઝવએ અહઝાબમાં ક઼રાર ભંગ કરીને ઉઘાડે છોગે કાફિરોનો સાથ આપ્યો હતો.

જેથી અલ્લાહ તઆલાના હબીબ ﷺએ એલાન કરી આપ્યું કે મુસલમાનો હમણા હથિયાર ન ઉતારે અને બનૂ કુરૈઝાની તરફ રવાના થઈ જાય. નબીએ મોઅઝમ ﷺએ પણ હથિયાર શરીર પર સજાવી દીધાં અને લુહૈબ નામના ઘોડા પર સવાર થઈને લશ્કરની સાથે ચાલી નીકળ્યા અને બનૂ કરૈઝાના એક કૂવાની પાસે રોકાયા.

પેલી બાજુ બનૂ કુરૈઝા જંગના માટે બિલ્કુલ તૈયાર હતા. જયારે હઝરત અલી رضی اللہ عنہ એમના કિલ્લાઓની પાસે પહોંચ્યા તો બની કુરૈઝાએ રસૂલે અકરમ ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરી. રસૂલુલ્લાહ ﷺએ એમના કિલ્લાઓનો ઘેરાવ કર્યો અને આ ઘેરાવ લગભગ એક મહિના સુધી રહ્યો. આ ઘેરાવમાં યહૂદી ઘણા જ પરેશાન થયા. તંગ આવીને એ દરખાસ્ત કરી કે હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ અમારા હક્કમાં જે ફેંસલો કરી આપે એને અમો માની લઈશું. હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہ જંગે ખંદક઼માં ખૂબ જ અધિક ઝખ્મી થઈ ગયા હતા, પરંતું એ જ હાલતમાં બની કુરૈઝા ગયા અને એ ફેંસલો ફર્માવ્યો કે જે લડવાના પાત્ર છે તેમને ક઼ત્લ કરી દેવામાં આવે, સ્ત્રીઓ તથા બાળકોને કેવી બનાવી લેવામાં આવે, અને તેમનો સઘળો સામાન માલે ગનીમત બનાવીને મુજાહિદોમાં વહેંચી કાઢવામાં આવે.

રસૂલે અકરમ ﷺએ આ ફૈસલો સાંભળીને ઈર્શાદ ફર્માવ્યો કે હે સઅદ ! યક઼ીનન ! તમે તે જ ફૈસલો કર્યો છે જે અલ્લાહ તઆલાનો ફૈસલો છે. એ ફૈસલા પર અમલ કરવામાં આવ્યો જેના કારણે મુસલમાન એમની શરારતોથી સુરક્ષિત થઈ ગયા.

યહૂદીઓનો સરદાર હુય્ય બિન અખ્તબ જ્યારે ક઼ત્લના માટે લાવવામાં આવ્યો તો તેણે ક઼ત્લ થતા પહેલાં આ પ્રમાણે કહ્યું, હે મુહમ્મદ ! (ﷺ) ખુદાની ક઼સમ ! મને એનો જરા પણ એહસાસ નથી કે મેં શા માટે તમારી સાથે દુશ્મની કરી. હક઼ીક઼ત એ છે કે જે અલ્લાહને છોડી આપે છે તો અલ્લાહ તઆલા પણ તેને છોડી આપે છે લોકો ! આ પરેશાનીનો મક઼ામ નથી. બનૂ કુરૈઝાનું ક઼ત્લ થવું અલ્લાહના તરફથી હતું, એનો હુકમ તૌરાતમાં મૌજૂદ છે. આ એક સજા હતી જે અલ્લાહે બની ઈસ્રાઈલ પર રાખી હતી.

## સુલહે હુદૈબિયહ

### *(ઝી ક઼અદા હિ.સ. ૬)*

સુલહે હુદૈબિયહ ઈસ્લામી ઈતિહાસનો એક ઘણો જ મહત્વનો તથા નિર્ણયાત્મક બનાવ છે. તે એ રીતે ઉપસ્થિત થયો કે મુસલમાનોને મક્કા છોડવાને અરસો પસાર થઈ ગયો હતો. તેઓ ખાનાએ કાબાના તવાફ તથા તેની ઝિયારતના માટે બૈચૈન હતા. તેઓ કહેતા હતા કે અલ્લાહ તઆલા તે દિવસ ક્યારે દેખાડશે કે આપણે આપણા બાપદાદાની યાદગારને જોઈ શકીએ. મુસલમાનોની આ તડપને જોઈને રસૂલે આ'ઝમ ﷺ ઝી ક઼અદા હિ.સ. ૬ માં ૧૪૦૦ મુસલમાનોની સાથે ઉમરાનો એહરામ બાંધ્યો અને મક્કાની તરફ રવાના થઈ ગયા. કેમ કે રસૂલે ગિરામી વકાર ﷺને એ અંદેશો હતો કે ક્યાંક કાફિરો આપણને ઉમરો કરવા ન દે અને આપણો રસ્તો રોકે. એટલા માટે આપ એમના જુલ્મથી બચતા બચાવતા હુદૈબિયા સ્થળે આવી પહોંચ્યા અને ત્યાં પડાવ નાખી દીધો. ત્યાંથી મક્કા એક દિવસના અંતરે છે. ત્યાં પહોંચીને નબી કરીમ ﷺએ જોયું કે મક્કાના

કાફિરો જંગના માટે તૈયાર છે અને આ બાજુનો હાલ એ છે કે સૌ લોકો એહરામ બાંધેલા છે. આ હાલતમાં જૂવો મારવી પણ ગુનોહ છે તો પછી જંગ કેવી રીતે કરી શકાય છે ?! આપે પરિસ્થિતિની તપાસ કર્યા બાદ એ ફૈંસલો કર્યો કે મક્કાના કાફિરો સાથે સુલહ કરી લેવામાં આવે. એ કામના માટે આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મક્કા મોકલ્યા જેથી તે એમની સાથે સુલહની વાત કરે. તેમણે મક્કા પહોંચીને નબી અકરમ ﷺ તરફથી સુલહનો પયગામ આપ્યો પરંતું મક્કાવાળાઓએ તેમની એક વાત ન સાંભળી અને તેમને કહ્યું કે આપને કા'બાના તવાફ તથા સફા મરવાની સઈની ઈજાઝત છે, પરંતુ અમે મુહમ્મદ ﷺને મક્કામાં પ્રવેશવા દઈશું નહીં. તેમની આ બકવાસ સાંભળીને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ કહ્યું કે એવું નથી થઈ શક્તું કે અમારા આક઼ા علیہ الصلوٰۃ والسلام હુદૈબિયહમાં રહી જાય અને ઉષ્માન અકેલો ઉમરો કરી લે ! હે મક્કાના કાફિરો ! જાણી લો કે જ્યાં સુધી મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام ઉમરા નહીં કરે હું પણ ઉમરા કરી શક્તો નથી. એના પર કાંઈક વાત વધી તો કાફિરોએ આપને મક્કામાં રોકી લીધા અને પેલી બાજુ હુદૈબિયહમાં એ વાત મશહૂર થઈ ગઈ કે હઝરત ઉષ્માનને શહીદ કરી દેવામાં આવ્યા.

જ્યારે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને એની ખબર મળી તો આપે ફર્માવ્યું કે ઉષ્માનના ખૂનનો બદલો લેવો આપણા પર જરૂરી છે. આપ એક બાવળના ઝાડની નીચે બેસી ગયા અને સહાબાને ફર્માવ્યું કે હે મારા સહાબીઓ ! તમે લોકો મારા હાથ પર એ વાતની બયઅત કરો કે આખરી દમ સુધી તમે મારા જાંનિષાર તથા વફાદાર રહેશો. તમામ સહાબાએ એકી ઝબાને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમો આપની સાથે જાંનિષારી તથા વફાદારીનો વાયદો કરીએ છીએ અને આપના હાથ મુબારક પર બયઅત કરીએ છીએ. આ બયઅતને બયઅતે રિદ્‌વાન કહેવામાં આવે છે, જેનું વર્ણન કુર્આન મજીદમાં આ પ્રમાણે છે : لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ "બેશક ! અલ્લાહ રાજી થયો ઈમાનવાળાઓથી જ્યારે તેઓએ ઝાડની નીચે તમારી બયઅત કરતા હતા." *(સૂરએ ફતહ, આ. ૧૮)*

આ બયઅત પછી એ જાણવા મળ્યું કે હઝરત ઉષ્માનની શહાદતની ખબર ગલત છે. કાફિરોને જ્યારે આ બયઅતની ખબર મળી તો તેઓ ગભરાય ગયા અને સુહૈલ બિન અમ્રને પોતાના તરફથી ક઼ાસિદ બનાવીને મોકલ્યા કે તે જઈને મુહમ્મદ બિન અબ્દુલ્લાહથી સુલહ કરી લે. એક ક઼રારનામુ લખવામાં આવ્યું જેની કેટલીક શરતો આ પ્રમાણે હતી :–

(૧) મુસલમાનો આ વરસે ઉમરા કર્યા વિના પરત ચાલ્યા જશે.

(૨) આવતા વરસે ઉમરા કરવા આવશે અને કેવળ ત્રણ દિવસ મક્કામાં રહીને પાછા ચાલ્યા જશે.

(૩) તલ્વાર સિવાય કોઈ અન્ય હથિયાર લઈને નહીં આવે, અને તલ્વાર પણ મિયાનમાં થેલા વગેરેની અંદર બંધ હોય.

(૪) મક્કામાં જે મુસલમાનો પહેલેથી રહે છે તેમનામાંથી કોઈને પોતાની સાથે ન લઈ જાય અને મુસલમાનોમાંથી કોઈ મક્કામાં રહેવા ચાહે તો તેમને ન રોકે.

(૫) કાફિરો કે મુસલમાનોમાંથી કોઈ શખ્સ જો મદીના ચાલ્યો જાય તો પરત કરી દેવામાં આવે, પરંતુ જો કોઈ મુસલમાન મદીનાથી મક્કા ચાલ્યો આવે તો પરત કરવામાં આવશે નહીં.

(૬) અરબના ક઼બીલાઓને ઈખ્તિયાર રહેશે કે તેઓ બંને પક્ષમાંથી જેની સાથે ચાહે દોસ્તીનો ક઼રાર કરી લે.

જાહેરી રીતે જોતાં આ સુલહ મુસલમાનોની વિરૂદ્ધ હતી. કેટલાક સહાબીઓને આ રીતે દબાયને સુલહ કરવા પર ખૂબ જ આશ્ચર્ય પણ થયું, પણ આ સુલહથી મુસલમાનોને ઘણો ફાયદો થયો. ઈસ્લામની તબ્લીગની આઝાદી મળી ગઈ અને ઈસ્લામના બારામાં કાફિરોને કાંઈક વિચારવા સમજવાનો મોક઼ો પણ મળી ગયો. એની એ અસર થઈ કે બે વરસની અંદર અંદર મક્કાના ઘર ઘરમાં ઈસમ પહોંચી ગયો અને લોકો ટોળે ને ટોળે ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા.

ક઼રારના પ્રમાણે રસૂલુલ્લાહ ﷺ એક વરસ પછી પોતાના સહાબાઓના સાથે ખૂબ જ શાનો શૌકતની સાથે મક્કામાં દાખલ થયા

અને ઉમરા કર્યા. જ્યારે આપને કુરૈશના તરફથી કાંઈક ઈત્મિનાન થયું તો અન્ય દેશોમાં પણ ઈસ્લામ પહોંચાડવાનો મોકો મળ્યો. આપે મુહર્રમ હિ.સ. ૭માં અરબ તથા અજમના બાદશાહોના નામે દા'વતી પત્રો લખ્યા જેમના નામો આ પ્રમાણે છે :–

(૧) હિરક્લ–રોમના કૈસર (૨) ખુશ્રૂ પરવેઝ–ઈરાનના શાહ (૩) મુકૂક઼િસ–મિસ્રના અઝીઝ (૪) નજાશી–હબ્શના બાદશાહ (૫) હવઝહુ–યમામાના બાદશાહ (૬) હારિષ ગ઼સ્સાની–ગ઼સ્સાનના વાલી

એમનામાંથી અમુકે ઈસ્લામ સ્વીકાર્યો અને અમુકે ઈસ્લામ તો ન સ્વીકાર્યો પરંતુ ઈસ્લામ એમના દેશોમાં પહોંચી ગયો જેની ઘણી સારી અસર જાહેર થઈ.

## ગઝવએ ખયબર

*(હિ.સ. ૭)*

ખયબર મદીનાથી લગભગ ૩૦૦ કિ.મિ. દૂર ઉત્તર બાજુ આબાદ છે. આ શહેર અરબમાં યહૂદીઓનું સૌથી મોટુ કેન્દ્ર હતું. અહીંયાં યહૂદીઓના ઘણા જ મજબૂત કિલ્લા હતા. એમાંથી આઠ ઘણા જ મશહૂર હતા એમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) કુતૈબા (૨) નાઈ઼મ (૩) શક઼ (૪) ક઼મૂસ (૫) નતાત (૬) સઉબ (૭) વતીખ (૮) સુલાલિમ.

હક઼ીક઼તમાં આ આઠ કિલ્લાઓ આઠ મહેલોની જેમ હતા, એના સમૂહને ખયબર કહેવામાં આવતો હતો.

સુલહે હુદૈબિયા પછી મુસલમાન કુરૈશ તરફથી તો નચિંત થઈ ગયા પરંતુ યહૂદીઓથી દરેક સમયે ખતરો લાગેલો રહેતો હતો. ખંદકની નિષ્ફળતા અને મદીનાથી બનૂ નઝીરના તડીપાર થવાના કારણે તેમના દિલોમાં બદલો લેવાની આગ ભડકી રહી હતી. છેવટે યહૂદીઓએ મદીના તયબહ પર હુમ્લો કરવાની તૈયારી શરૂ કરી આપી, અને મુસલમાનોને નેસ્તોનાબૂદ કરવાનુ નક્કી કરી લીધું. રસૂલે કરીમ ﷺને જ્યારે આ ખબર મળી તો આપ એમનો હુમલો રોકવા માટે સોળસો સહાબીઓનું

લશ્કર લઈને ખયબરની તરફ રવાના થઈ ગયા અને મદીના પર હઝરત સિબાઅ બિન અર્ફુતહને હાકિમ નિયુક્ત કરી દીધા.

આ ઈસ્લામી લશ્કર રાતના સમયે સરહદમાં દાખલ થઈ ગયું અને સવાર થતાં થતાં ખૈબર શહેરમાં પહોંચી ગયું. જોતાં જ શોર મચી ગયો કે કસમ ખુદાની ! મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (ﷺ) લશ્કર લઈને આવી ગયા ! યહૂદી જંગના માટે તૈયાર થઈ ગયા. મુસલમાન પણ સિંહની જેમ મેદાનમાં કૂદી પડયા. સૌ પ્રથમ કિલ્લો નાઅ્મ ફતહ થયો. ત્યાર બાદ અન્ય કિલ્લાઓ પર આ મુસલમાનોએ કબજો કરી લીધો. કમૂસ કિલ્લો તેમનો ઘણો જ મજબૂત તથા મહેફૂઝ કિલ્લો હતો. અહીં એમનો સૌથી બહાદુર મરહબ રહેતો હતો એટલા માટે એની ફતહમાં ઘણી મુશ્કેલી પડી.

હુઝૂર ﷺએ પ્રથમ દિવસે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની સરદારીમાં ઈસ્લામી ફોજને ચઢાઈ માટે મોકલી પણ યહૂદીઓએ એટલો સખત મુકાબલો કર્યો કે એ લોકો કિલ્લાના દરવાજા સુધી ન પહોંચી શક્યા. અને રાત પડી ગઈ. બીજા દિવસે હઝરત ઉમર رضی اللہ عنہના હાથમાં કમાન આપવામાં આવી. આપે ઘણી જ દીલેરી તથા જવાંમર્દીની સાથે તેમનો સામનો કર્યો પણ કામયાબી હાંસલ ન થઈ શકી. આકાએ નામદાર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે કાલે હું એક એવા શખ્સના હાથમાં ઝંડો આપીશ જેના હાથ પર અલ્લાહ ફતહ આપશે. સવાર થઈ તો સર્વ સહાબા ખિદમતમાં એ તમન્ના લઈને હાજર થયા કે એ ઈજ્જત તથા બુઝર્ગી અમને હાંસલ થાય. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલી ક્યાં છે ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ તેમની આંખમાં તકલીફ છે. આપે તેમને બોલાવ્યા અને તેમની આંખમાં પોતાનુ લુઆબે દહન (થૂક મુબારક) લગાડી આપ્યું અને દુઆ ફર્માવી તો તરત જ એવી રાહત મહેસૂસ થઈ કે જાણે આંખમાં કદી તકલીફ થઈ જ ન હતી. ત્યાર બાદ રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત અલી رضی اللہ عنہના હાથમાં પોતાનો તે ઝંડો આપ્યો જે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની કાળી ચાદર વડે તૈયાર કરવામાં આવ્યો હતો. હઝરત અલી رضی اللہ عنہ

ઈસ્લામનો પરચમ લઈને આગળ વધ્યા અને ક઼મૂસ કિલ્લાની પાસે પહોંચીને યહૂદીઓને ઈસ્લામની દા'વત આપી, પણ તેઓએ જવાબ ઈંટ, પથ્થર તથા તલ્વારો વડે આપ્યો. તેમનો સૌથી મોટો બહાદુર મરહ઼બ પોતાની બહાદુરીના ઘમંડમાં એવું કહેતાં આગળ વધ્યો : "ખયબર સારી રીતે જાણે છે કે હું મરહ઼બ છું, શસ્ત્ર સજ્જ છું, જબરદસ્ત બહાદુર તથા અનુભવી છું." જવાબમાં શેરે ખુદા હઝરત અલી رضی اللہ عنہએ કહ્યું, "હું તે છું કે મારી માએ મારું નામ 'હૈદર' એટલે સિંહ રાખ્યું છે. હું કછારના સિંહની જેમ ભયાનક છું."

મરહ઼બે ખૂબ જ ઠાઠ માઠ સાથે આગળ વધીને હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ પર વાર કર્યો. પણ આપે એવો પેંતરો બદલ્યો કે મરહ઼બનો વાર ખાલી ગયો. પછી હઝરત અલી رضی اللہ عنہએ પલટીને એવો જોરદાર વાર કર્યો કે ઝુલ્ફિક઼ારે હૈદરી મરહ઼બના લોખંડની ટોપી તથા માથાને કાપતી તેના દાંતો સુધી ઉતરી આવી, અને મરહ઼બ ત્યાં જ જમીન પર ઢળી પડયો. તેની લાશને જમીન પર તડપતી જોઈને યહૂદી ફોજ હઝરત અલી رضی اللہ عنہ પર એક સાથે તૂટી પડી. પણ ઝુલ્ફિકારે હૈદરી વીજળીની જેમ એમના પર પડતી રહી જેના કારણે તેમના ઘણા બહાદુર મૌતને ઘાટ ઉતરી ગયા. જંગ દરમ્યાન હઝરત અલી رضی اللہ عنہની ઢાલ તૂટી ગઈ. આપે આગળ વધીને ક઼મૂસ કિલ્લાની ફાટક ઉખેડી નાખી અને દરવાજાને ઢાલ બનાવીને તેના પર દુશ્મનોનો વાર રોકતા રહ્યા, અને સુજાઅત તથા બહાદુરીની સાથે લડતાં લડતાં ક઼મૂસ કિલ્લા પર કબજો કરી લીધો. આ પ્રમાણે પૂરા ખયબર પર મુસલમાનોએ ફતહ મેળવી લીધી. એ દરવાજો એટલો મોટો તથા વજની હતો કે બાદમાં ચાલીસ નવયુવાન પણ તેને ઉઠાવી શક્યા નહીં ! ફતહ બાદ રસૂલે કરીમ ﷺએ ચાહ્યું કે બનૂ નઝીરની જેમ ખયબરવાળાઓને પણ તડીપાર કરી દેવામાં આવે, પરંતુ યહૂદીઓએ દરખાસ્ત કરી કે અમને ખયબરમાંથી કાઢવામાં ન આવે અને જમીન અમારા જ કબજામાં રહેવા દેવામાં આવે. અમો અહીંની ઉપજનો અડધો હિસ્સો આપને આપતા રહીશું. હુઝૂરે અક઼દસ علیہ الصلوٰۃ والسلامએ એ દરખાસ્ત મંજૂર કરી લીધી. જેથી જ્યારે ખજૂરો પાકી જતી અને અનાજ તૈયાર થઈ જતું તો આપ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

રવાહા رضی اللہ عنہને ખૈબર મોકલતા, તે જતા અને ઉપજના બે સરખા હિસ્સા કરી આપતા. પછી યહૂદીઓને કહેતા, આમાંથી જે પસંદ હોય તે લઈ લો. યહૂદી આ ઈન્સાફ પર ખૂબ જ આશ્ચર્ય પામતા.

આ જંગમાં ૯૩ યહૂદી ક્ત્લ થયા અને પંદર મુસલમાન શહીદ થયા. એ પ્રસંગથી હઝરત સ્ફિય્યહ رضی اللہ عنہا રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવ્યાં.

## જંગે મૌતહ

*(જમાદિયુલ અવ્વલ, હિ.સ. ૮)*

મૌતહ મુલ્કે શામ (સીરિયા)માં એક જગાનું નામ છે. અહીં મુસલમાનો તથા ઈસાઈઓની વચ્ચે એક જબરદસ્ત જંગ થઈ. એનો સબબ એ બન્યો કે નબી અકરમ ﷺએ ઈસ્લામની તબ્લીગના માટે અમીરે બુસ્રાના નામે હઝરત હારિષા બિન ઉમૈર رضی اللہ عنہના થકી પત્ર રવાના કર્યો. રસ્તામાં બલ્કાના બાદશાહ શુરહ્બીલ બિન અમ્ર ગ્સ્સાની જે બુસ્રાના અમીર હેઠળમાં હતો તેણે રસૂલે અકરમ ﷺના કાસિદને ખૂબ જ ક્રુરતાપૂર્વક ક્ત્લ કરી નાખ્યા. જ્યારે આ ઘટનાની ખબર રસૂલે આલી વકાર ﷺને થઈ તો આપ ઘણા જ રંજમય બન્યા. કેમ કે કાસિદને ક્ત્લ કરવો એ ઘણો જ મોટો જુર્મ હતો. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ ત્રણ હજારનું લશ્કર તૈયાર કરીને રવાના કર્યું. હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہને તે લશ્કર સર સેનાપતિ નિયુક્ત કર્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે ઝયદ બિન હારિષા رضی اللہ عنہ શહીદ થઈ જાય તો જઅફર બિન અલી તાલિબ رضی اللہ عنہ સર સેનાપતિ બનશે. અને એ પણ શહીદ થઈ જાય તો અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ કમાન સંભળાશે. અને જો એ શહીદ થઈ જાય તો લોકો જેને ચાહે લશ્કરના અમીર ચૂંટી કાઢે.

લશ્કરને રવાના કરતી વખતે રસૂલે કરીમ ﷺએ હિદાયત કરી કે ત્યાં તમને કેટલાક લોકો ગિરજાઓમાં ઈબાદત કરતા મળશે તેમને ન છેડશો. સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોને ક્ત્લ ન કરશો, કોઈ ઝાડને ન કાપશો. અને આપે લશ્કરના સેનાપતિને હુકમ આપ્યો કે અમારા કાસિદ

હારિષ બિન ઉમૈરહ رضی اللہ عنہની શહાદતગાહમાં જજો. પ્રથમ ત્યાંના કાફિરોને ઈસ્લામની દા'વત આપો. જો તેઓ ઈસ્લામ સ્વીકારી લે તો ઠીક, નહીં તો તેમની સાથે જેહાદ કરજો. આ હિદાયત બાદ ઈસ્લામી લશ્કર નીકળી પડયું અને મૌતહ સ્થળે પહોંચ્યું. ત્યાં મુજાહિદોએ જોયું કે લગભગ બે લાખની સંખ્યામાં ઈસાઈઓનું એક જબરદસ્ત લશ્કર મુસલમાનો સાથે જંગના માટે તૈયાર છે. મુસલમાનોએ વિચાર્યું કે આટલા મોટા લશ્કરનો મુક઼ાબલો શું કરી શકે છે ! પરંતુ મુસલમાન અલ્લાહનું નામ લઈને મેદાનમાં ઉતરી પડયા.

રસૂલુલ્લાહ ﷺની હિદાયતના પ્રમાણે પ્રથમ સેનાપતિ ઝયદ બિન હારિષા رضی اللہ عنہએ આગળ વધીને ઈસ્લામની દા'વત આપી. કાફિરોએ એનો જવાબ ભાલાઓ અને તીરો વડે આપ્યો. આ મન્ઝર જોઈને મુસલમાન પણ મેદાનમાં કૂદી પડયા અને ઘમસાણની જંગ થવા લાગી. લશ્કરના અમીર હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہએ ઘોડા પરથી ઉતરીને પગપાળા જંગ કરવી શરૂ કરી આપી અને ખૂબ જ જવાંમર્દીની સાથે લડતાં લડતાં શહાદતનો જામ પી લીધો. તરત જ આગળ વધીને હઝરત જઅફર બિન અબી તાલિબ رضی اللہ عنہએ ઝંડો હાથમાં લઈ લીધો. આપે પણ બહાદુરીનાં જૌહર દેખાડયાં. લડતાં લડતાં જયારે આપનો જમણો હાથ કપાઈ ગયો તો આપે ઝંડો ડાબા હાથમાં લઈ લીધો અને આગળ વધતા રહ્યા. જયારે ડાબો હાથ પણ કપાઈ ગયો તો આપે ઝંડો ગોદમાં લઈ લીધો અને એ જ હાલતમાં શહાદતથી સરફરાઝ થયા. એના પછી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہએ ઈસ્લામનો પરચમ સંભાળ્યો. અને દુશ્મનોના ઘેરાવમાં ઘુસીને ખૂબ જ દીલેરી સાથે મુક઼ાબલો કર્યો અને શહીદ થયા. ત્યાર બાદ લોકોના મશ્વરાથી ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ અલમબરદાર બનાવવામાં આવ્યા. આપે આપની જંગી તદબીરોથી ઈસાઈઓના છક્કા છોડાવી આપ્યા અને ઈસ્લામી લશ્કરને તેમના ઘેરાવથી કાઢી લીધું. અલ્લાહે પોતાના ફઝ્લથી આ નાના સરખા લશ્કરને આટલી મહાન ફોજ પર ખૂબ જ શાનદાર કામયાબી અતા ફર્માવી. જંગના મેદાનનો પૂરો નક઼શો રસૂલે અકરમ ﷺની સામે

હતો. એ બાજુ જંગ ચાલુ છે અને આ બાજુ મદીનામાં આપણા આક઼ા عليه الصلوة والسلام ઘણા જ રંજોગમની સાથે સહાબાના મજમામાં ઈર્શાદ ફર્માવી રહ્યા છે.

''ઝયદે ઝંડો લીધો અને તેમને શહીદ કરી દેવામાં આવ્યા. પછી જઅફરે ઝંડો ઉઠાવ્યો તે પણ શહીદ કરી દેવામાં આવ્યા. પછી અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہએ ઝંડો લીધો તે પણ શહીદ કરી દેવામાં આવ્યા. હવે ઝંડો ખુદાની તલ્વારોમાંથી એક તલ્વાર ખાલિદ બિન વલીદના હાથમાં છે.''

રસૂલે કરીમ ﷺએ આ ખબર સહાબાને સંભળાવતા જઈ રહ્યા હતા અને આંખોએથી આંસૂ વહી રહ્યાં હતાં.

આ જંગમાં ઘણા કાફિરો શહીદ કરી દેવામાં આવ્યા અને બાર મુસલમાનોને શહાદત નસીબ થઈ તેઓ આ પ્રમાણે છે :–

(૧) ઝયદ બિન હારિષા (૨) જઅફર બિન અબી તાલિબ (૩) અબ્દુલ્લાહ બિન રવાહા (૪) મસ્ઊદ બિન અવસ (૫) વહબ બિન સઅદ (૬) અબ્દુલ્લાહ બિન ક઼ૈસ (૭) હારિષ બિન નુઅમાન (૮) સુરાક઼ા બિન ઉમર (૯) અબૂ કુલૈબ બિન ઉમર (૧૦) જાબિર બિન ઉમર (૧૧) ઉમર બિન સઅદ (૧૨) હવબજહ ઝબ્બી. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

આ જંગમાં હુઝૂર ﷺ જાતે પોતે શરીક ન હતા એટલા માટે આ જંગને સરિય્યહ કહેવામાં આવે છે.

## ફતહે મક્કા

*(રમઝાન હિ.સ. ૮)*

તમે વાંચી ચૂક્યા છે કે સુલહે હુદૈબિયહની શર્તોમાંથી એક શર્ત એ પણ હતી કે અરબ કબીલાઓમાં જે ક઼બીલો કુરૈશની સાથે રહેવા ચાહે કુરૈશ સાથે રહે અને જે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ની સાથે રહેવા ચાહે તેમની સાથે રહે. જેથી ક઼બીલા બની બિક્રએ કુરૈશની સાથે દોસ્તી કરી લીધી. અને ક઼બીલા બની ખુઝાઅહએ રસૂલુલ્લહ ﷺ સાથે

ક઼રાર કરી લીધો. આ બંનેવ કબીલા મક્કાની નજીક આબાદ હતા અને તેમની વચ્ચે એક જમાનાથી દુશ્મની ચાલી આવતી હતી.

હુદૈબિયહની સુલહથી જંગ તો રોકાઈ ગઈ પરંતુ કાફિરો અંદર અંદર પાકી રહ્યા હતા. છેવટે ત્રણ વરસો પછી બનૂ બિક્રે બનૂ ખુઝાઅહથી પૂરાણો બદલો લેવા માટે તેમના પર જબદસ્ત હુમ્લો કરી આપ્યો અને તેમને ઘણી બેદર્દીની સાથે ક઼ત્લ કર્યા. કુરૈશના લોકોએ આ બારામાં બનૂ બિક્રનો સંપૂર્ણપણે સાથ આપ્યો. કુરૈશે પોતાની આ હરકતથી હુદૈબિયહનો ક઼રાર તોડી નાખ્યો, કેમ કે બનૂ ખુઝાઅહ રસૂલે કરીમ ﷺ સાથે ક઼રાર કરીને તેમના સાથે બની ચૂક્યા હતા. એટલા માટે બનૂ ખુઝાઅહ પર હુમ્લો કરવો રસૂલે કરીમ ﷺ પર હુમ્લો કરવા સમાન હતું.

ત્યાર બાદ બની ખુઝાઅહ ક઼બીલાનો સરદાર અમ્ર બિન સાલિમ ખુઝાઈ ચાલીસ માણસોની સાથે ફરિયાદના માટે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. જ્યારે રસૂલે ગિરામી વક઼ાર ﷺને આ ઘટનાની ખબર થઈ તો આપે કુરૈશની પાસે ક઼ાસિદ મોકલ્યો અને આ ત્રણ શર્તો રજૂ કરી કે એમાંની કોઈ એક શર્ત કુરૈશ મંઝૂર કરી લે : (૧) બનૂ ખુઝાઅહના ક઼ત્લ થનારાઓનો ખૂં બહા (ખૂનનો બદલો) આપવામાં આવે. (૨) કુરૈશ બનૂ બિક્રની હિમાયતથી અલગ થઈ જાય. (૩) એલાન કરી દેવામાં આવે કે હુદૈબિયહનો ક઼રાર તૂટી ગયો.

જ્યારે આ શર્તો તેમની સામે રાખવામાં આવી તો કુર્તા બિન અબ્દે અમ્રએ કુરૈશની તરફથી કહ્યું, ન અમે બનૂ ખુઝઅહના ક઼ત્લ થનારાઓનો ખૂં બહા આપીશું અને ન બનૂ બિક્રની હિમાયત ઉઠાવીશું. હા ! ત્રીજી શર્ત મંઝૂર કરીએ છીએ કે હવેથી હુદૈબિયહનો ક઼રાર તૂટી ગયો. પરંતુ બાદમાં કુરૈશને એહસાસ થયો કે આ ગલત થઈ ગયું ! આ આપણા જ હક઼્ક઼માં ખતરાની ઘંટી છે. કુરૈશે અબૂ સુફયાનને મદીના દોડાવ્યા કે તે હુદૈબિયહનો ક઼રાર તાજો કરે. કુરૈશના કહેવા પર અબૂ સુફયાન મદીના જરૂર પહોંચ્યા પણ તેમની સર્વ કોશિશ નિષ્ફળ ગઈ.

એ ક઼રારભંગના કારણે રસૂલે કરીમ ﷺ મજબૂરન ૧૦–રમઝાન

હિ.સ. ૮ના બુધવારે મઝલૂમોનો બદલો લેવા માટે દસ હજારનું ઈસ્લામી લશ્કર લઈને મક્કાની તરફ રવાના થઈ ગયા. મક્કાની નજીક મુર્રઝ્ઝહ્રાન નામના સ્થળે લશ્કરે પડાવ નાખ્યો. અને રસૂલે કરીમ ﷺએ હુકમ આપ્યો કે દરેક મુજાહિદ પોતાનો અલગ અલગ ચૂલો સળગાવે. જ્યારે દસ હજાર મુજાહિદોએ ચૂલા સળગાવ્યા તો મુર્રુઝ્ઝહ્રાનનું આખુ મેદાન આગથી ભરાઈ ગયું. દરેક ચો તરફ આગ જ આગ દેખાઈ રહી હતી.

જ્યારે કુરૈશને ઈસ્લામના લશ્કરના આવવાનો ઈલ્મ થયો તો તેમણે અબૂ સુફયાન ઈબ્ને હર્બને હાલાત માલૂમ કરવા માટે મોકલ્યા. જ્યારે અબૂ સુફયાને આટલુ મહાન લશ્કર અને માઈલો સુધી ફેલાયેલી આગ જોયી તો હોશ ઉડી ગયા અને સમજી ગયા કે હવે કુરૈશની ખૈર નથી અને એમનાથી અમ્ન માગ્યા સિવાય કોઈ ચારો નથી. રસૂલુલ્લાહ ﷺના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہماના થકી અબૂ સુફયાને અમાન હાંસલ કરી અને રસૂલે આલી વક઼ાર علیہ الصلوٰۃ والسلامના કરીમાના વર્તાવથી પ્રભાવિત થઈને ઈસ્લામ સ્વીકારી લીધો.

૨૦ રમઝાનુલ મુબારક હિ.સ. ૮ જુમ્આના દિવસે સવારના સમયે રસૂલે અકરમ ﷺએ મુર્રુઝ્ઝહ્રાનથી મક્કાની તરફ કૂચ કરી અને હઝરત અબ્બાસ رضی اللہ عنہને ફર્માવ્યું કે અબૂ સુફયાનને કોઈ ઊંચી જગાએ લઈ જાવ જેથી તે ખુદાઈ લશ્કરની શાનો શૌકત જુએ. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ એવું જ કર્યુ. થોડીવાર પછી ઈસ્લામી ફોજ ખૂબ જ દબદબા સાથે જોવામાં આવી. એક પછી એક સર્વ ઈસ્લામી ક઼બીલા પોત પોતાના ઝંડાઓની સાથે ત્યાંથી પસાર થયા. અબૂ સુફયાન દરેક ગિરોહને જોઈને એના બારામાં પૂછતા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ એની પહેચાન કરાવતા. છેવટમાં નબી આખિરુઝ્ઝમાં ﷺનું નૂરાની લશ્કર આવ્યું તો અબૂ સુફયાન એ મંઝર જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہને કહ્યું કે હે અબ્બાસ ! તમારા ભત્રીજાની બાદશાહત તો ઘણી શાનવાળી છે ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું, અબૂ સુફયાન આ બાદશાહ નથી, નબુવ્વત છે ! અબૂ સુફયાને કહ્યું, હા ! એ જ દુરુસ્ત છે.

રસૂલે કરીમ ﷺ સહાબાની ભીડમાં ઘણી જ શાનો શૌકત સાથે મક્કાની અંદર દાખલ થયા અને આ ફર્માન બહાર પાડયું :–

"જે શખ્સ હથિયાર રાખી દે એના માટે અમાન છે. જે શખ્સ પોતાનો દરવાજો બંધ કરી લે તેના માટે અમાન છે. જે શખ્સ કા'બામાં દાખલ થઈ જાય તેના માટે અમાન છે. જે શખ્સ અબૂ સુફયાનના ઘરમાં દાખલ થઈ જાય તેના માટે અમાન છે."

કુરૈશના કાફિરો રસૂલુલ્લાહ ﷺનો જાહોજલાલ તથા ઈસ્લામી લશ્કરનો દબદબો જોઈને ભયભીત તો પહેલેથી જ હતા, આ સાંભળતાં જ કોઈ કા'બાની તરફ ભાગ્યો, કોઈએ અબૂ સુફયાનના ઘરે પનાહ લીધી, કેટલાક હથિયારો રાખી દઈને ઉભા થઈ ગયા, અને ઘણા લોકોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી લીધા.

ત્યાર બાદ મુસલમાનોનું લશ્કર મામૂલી સરખી ઝપાઝપી બાદ ફાતેહાના (વિજયી) અંદાઝમાં હરમ શરીફમાં દાખલ થયું અને રસૂલે અકરમ ﷺ પોતાની મુબારક લાકડી વડે કા'બામાં રાખેલી મૂર્તિઓને ઈશારો કરતા તે મૂર્તિ ઊંધા મોઢે ગબડી પડતી અને આ આયતે કરીમા પઢતા જતા : جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ۭ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا "હક્ક આવ્યું અને બાતિલ નષ્ટ થયું, બેશક ! બાતિલને નષ્ટ થવાનું જ હતું." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૮)*

કા'બાની અંદર અમુક તસ્વીરો બનેલી હતી આપે એ તસ્વીરોને મિટાવી અને બે રકાત નમાઝ અદા કરીને બહાર તશરીફ લાવ્યા, અને હજારોના મજમા પર ગહરી નજર નાખી તો જોયું કે તમામે તમામ માથાં ઝુકાવીને ડરના માર્યા કાંપી રહ્યા છે. આ તે જ લોકો હતા જેમણે સરકારે દો આલમ ﷺને જાત જાતની રીતે સતાવ્યા હતા, માર્ગ પર ચાલવાનું મુશ્કેલ કરી આપ્યું હતું, ગાળો વડે દિલ દુઃખવ્યા કરતા હતા અને આપના માર્ગમાં કાંટા બિછાવી દેતા હતા. એ સર્વ કરતૂતોને વિચારીને વિચારીને તેઓ એવો ફૈંસલો કરી ચૂક્યા હતા કે આજે આપણામાંથી કોઈની ગરદન બચશે નહીં, આપણને ઘણી જ ક્રુરતાપૂર્વક કત્લ કરવામાં આવશે, આપણી

લાશોની ધજ્જીઓ ઉડાવવામાં આવશે. પરંતુ આક઼ાએ કાઈનાત ﷺ રહ્મત બનીને આવ્યા હતા. આપે તે મુજરિમોને પૂછયું કે બોલો ! આજે તમારી સાથે શો મામલો કરવામાં આવે ? આ રહ્મતભર્યા અંદાજને જોઈને સૌએ એક ઝબાને કહ્યું, અમને તમારાથી સારા વર્તાવની ઉમ્મીદ છે. આપ અમારા શરીફ ભાઈ છો અને કરીમ ભાઈના પૂત્ર છો. રહ્મત આલમ ﷺએ ફર્માવ્યું કે **જાવ ! આજે તમારો સર્વ ક઼ુસૂર માફ છે અને તમો સૌ આઝાદ છો !** આ કરીમાના વર્તાવની મક્કાના કાફિરો પર એ અસર પડી કે તેમનામાંના મોટા રઈસો તો તરત જ ઈસ્લામમાં દાખલ થઈ ગયા, પછી ક્રમે ક્રમે સર્વ લોકોએ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. મક્કામાં ફાતેહે મક્કા ﷺએ ૧૯ દિવસ રોકાણ કર્યુ અને હઝરત અત્તાબ બિન ઉસૈદ رضی اللہ عنہને મક્કાના હાકિમ નિયુક્ત કર્યા અને હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہને એહકામ તથા મસાઈલની તા'લીમ આપવાના માટે નિયુક્ત કર્યા, અને ખુદ મદીના શરીફ પરત ચાલ્યા ગયા.

## જંગે હુનૈન

***(શવ્વાલ, હિ.સ. ૮)***

ફતહે મક્કા પછી જયારે ખાનાએ કા'બા પર ઈસ્લામી પરચમ લહેરાવી દેવામાં આવ્યો તો લોકો ટોળે ને ટોળે કુફ્રના અંધકારથી નીકળીને ઈસ્લામની રોશનીમાં આવવા લાગ્યા, પણ ત્યાં નજીકમાં જ બે ક઼બીલા ષક઼ીફ તથા હવાઝિન રહેતા હતા. તેમના પર આ ફતહની ઉલ્ટી અસર પડી. તેઓ કોઈના હેઠળ રહેવાનું પસંદ કરતા ન હતા. તે લોકોએ વિચાર્યું કે ફતહે મક્કા પછી અમારી વારી છે, એટલે ચાલો પહેલા જ આપણે હુમ્લો કરી દઈએ. જયારે ફાતેહે મક્કા ﷺને તેમની જંગી તૈયારીની ખબર થઈ તો આપ علیہ الصلوٰۃ والسلامએ શવ્વાલ હિ.સ. ૮માં બાર હજાર વ્યક્તિઓની બનેલી ઈસ્લામી ફોજ લઈને હુનૈન તરફ પ્રયાણ કર્યું. આ જાહોજલાલને જોઈને અમુક મુસલમાન બેઈખ્તિયાર રીતે બોલી પડયા કે આજે વળી અમોને કોણ હાર આપી શકે છે ! આ ફખ્રનો અંજામ એ થયો કે ષક઼ીફ તથા હવાઝિનના તીરંદાઝોએ મુસલમાનો પર એ પ્રમાણે

તીરો વરસાવવાં શરૂ કર્યા કે એમના કદમ ઉખડી ગયા, અને મેદાન છોડીને ભાગી નીકળ્યા. પરંતુ રસૂલે અકરમ ﷺ પોતાના કેટલાક જાંનિષારોની સાથે બરાબર રીતે કાફિરો સામે આગળ વધતા રહ્યા. જંગની આ હાલત જોઈને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام એ સહાબાને પોકાર્યા, સહાબાએ અર્ઝ કરી, અમે હાજર છીએ યા રસૂલલ્લાહ ! ﷺ એટલામાં સર્વ લોકો ફરી દોડી આવ્યા અને એક સાથે કાફિરો પર હુમ્લો કરી દીધો. જોત જોતામાં જંગનુ પાસુ બદલાય ગયું. કાફિરો નાસી છૂટયા અને જે રહી ગયા તેમને ગિરફતાર કરી લેવામાં આવ્યા. એમાંથી કેટલાકે નાસીને અવતાસની દીશા પકડી અને કેટલાકે તાઈફના કિલ્લામાં પનાહ લીધી. એટલા માટે એમને સંપૂર્ણપણે હાર આપવા માટે અવતાસ અને તાઈફ પર હુમ્લો જરૂરી થઈ ગયો.

જેથી રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام એ એક નાની સરખી ફોજ અબૂ આમિર અશ્અરીની રહબરીમાં અવતાસની તરફ રવાના કરી. જંગ શરૂ થઈ બંને તરફથી તીરોની વર્ષા થવા લાગી. એક તીર આવીને હઝરત અબૂ આમિર અશ્અરી رضی اللہ عنہ ની જાંગ પર વાગ્યું જેના કારણે આપ સખત ઝખ્મી થઈ ગયા. આ જોઈને આપના ભત્રીજા હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ એ જાલિમનો પીછો કર્યો અને લડતાં લડતાં તેને જમીન પર ઢગલો કરી દીધો. અને આવીને પોતાના કાકાને ખુશખબરી સંભળાવી કે ચચાજાન ! મેં એ જાલિમને કતલ કરી નાખ્યો જેણે આપને ઝખ્મી કર્યા છે. હઝરત અબૂ આમિર અશ્અરીએ ભત્રીજાને ફોજનો સેનાપતિ બનાવ્યો અને તેમની રૂહ પરવાઝ કરી ગઈ. હવે હઝરત અબૂ મૂસા અશ્અરીએ ખૂબ જ દીલેરી તથા જાંનિષારી સાથે જંગ કરી, ત્યાં સુધી કે કાફિરોની ફોજે હથિયાર રાખી દીધાં. આ રીતે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ના હાથ પર આ જંગ ફતહ થઈ. એમાં હજારો કાફિર ગિરફતાર થયા. આ કેદીઓમાં હઝરત હલીમા સઅદિયહની પુત્ર શયમા હતાં. જયારે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર કરવામાં આવ્યાં તો તેમને જોતાં આપની આંખો ભીની થઈ ગઈ અને પોતાની મુબારક ચાદર

બિછાવીને તેમને બેસાડયાં અને અમુક તોહફા આપીને વિદાય કરી આપ્યાં, બાદમાં તેમણે પણ ઈસ્લામ સ્વીકારી લીધો.

અવતાસની ફોજને હાર આપીને મુસલમાન તાઈફની તરફ આગળ વધ્યા. ત્યાં કાફિરોની ફોજો કિલ્લામાં બંધ થઈ ગઈ. ઈસ્લામી ફોજે શહેરનો ઘેરાવ કરી લીધો. પરંતું કિલ્લાની અંદરથી કાફિરોએ એટલા જોરમાં તીરનો વર્ષા કરી કે મુસલમાન એને સહન ન કરી શક્યા અને તેમના કદમ પાછા હટવા લાગ્યા. અઢાર દિવસો સુધી શહેરનો ઘેરાવ રહ્યો પરંતુ તાઈફ ફતહ ન થઈ શક્યું. છેવટે ઘેરાવ ઉઠાવી લેવામાં આવ્યો. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એમના હક્કમાં બદ્દુઆ કરી દેવામાં આવે. આપે તેમના માટે દુઆ કરી કે હે અલ્લાહ ! અલ્લાહ ! અહલે ષકીફને હિદાયત આપ. રસૂલુલ્લાહ ﷺની દુઆની એ અસર થઈ કે હજી બે વરસ પણ ન વીત્યાં હતાં એવામાં ષકીફવાળાઓએ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવીને ઈસ્લામ સ્વીકારી લીધો.

તાઈફના ઘેરાવમાં બાર સહાબા શહીદ થયા જેમાં સાત કુરૈશ, ચાર અન્સાર અને એક શખ્સ બની લૈષના હતા. ઝખ્મીઓ અગણિત હતા. હુનૈન તથા અવતાસ, મક્કા અને તાઈફની વચ્ચે આબાદ છે.

## ગઝવએ તબૂક

*(રજબ હિ.સ. ૯)*

રસૂલે અકરમ ﷺને જ્યારે હિ.સ. ૯માં ખબર મળી કે જંગે મૌતહમાં હાર ખાનારાઓ તથા રોમના બાદશાહે મુસલમાનોના મુકાબલા માટે તબૂકમાં ફોજ જમા કરવાનું શરૂ કર્યું છે. (તબૂક મદીના તથા શામ (સીરિયા)ની દરમ્યાન આબાદ છે) અને મદીના પર હુમ્લા માટે બિલકુલ તૈયાર છે. મુસલમાનોની દૃષ્ટિમાં એ મહિનો જંગના માટે અયોગ્ય હતો. સખત ગરમી પડી રહી હતી, ખજૂરો પાકી ચૂકી હતી. (એ જ મુસલમાનોની આવકનો ઝરીયો હતો) સફર દૂરનો હતો અને મુકાબલો એવી કૌમ સાથે હતો જેની લગભગ અડધી દુનિયા પર હુકૂમત હતી, અને જેણે મહાન મહાન સલ્તનતોને હાર આપી હતી.

રસૂલે કરીમ ﷺએ વિચાર્યું કે આ નાઝુક મોક઼ા પર જો તેમનો મુક઼ાબલો નહીં કરવામાં આવે તો બાદમાં એ આપણા માટે માથાનો દુઃખાવો બનશે. એટલા માટે આપે સહાબાએ કિરામને તબૂકની તરફ સફર કરવાનો હુકમ આપ્યો. કેમ કે એ તંગદસ્તીનો જમાનો હતો એટલા માટે આમ ચંદો પણ થયો. લોકોએ દિલ ખોલીને ચંદો આપ્યો, ત્યાં સુધી કે સ્ત્રીઓએ પણ પોત પોતાનાં ઘરેણાં દીનના માટે પેશ કરી આપ્યાં. જ્યારે જંગનો સામાન એકત્ર થઈ ગયો તો રસૂલે કાઈનાત ﷺએ ત્રીસ હજારનું ઈસ્લામી લશ્કર લઈને તેમના તરફ કૂચ કરી. જ્યારે લશ્કર તબૂકના મેદાનમાં પહોંચ્યું તો ઈસાઈ જોઈને દંગ રહી ગયા અને એમના પર એવી ધાક છવાઈ ગઈ કે તેઓ પોત પોતાના ઘરોમાં ઘુસી ગયા, અને તેમનામાં મુસલમાનો સાથે મુક઼ાબલાની હિંમત ન થઈ. ઈસાઈઓની આ બુઝદિલી (કાયરતા)થી અરબની અંદર તથા બહાર મુસલમાનોની બહાદુરીનો સિક્કો જામી ગયો અને તેમને એવા મહત્વના રાજનૈતિક ફાયદા હાંસલ થયા જે જંગની સ્થિતિમાં હાંસલ થઈ શક્તા ન હતા. તે એ રીતે કે અયલહના હાકિમ યુહન્ના બિન રૂબાએ નબી અકરમ ﷺની ખિદમતમાં હાજર થઈને જિઝયાની અદાયગી મંજૂર કરી લીધી અને સુલહનો ક઼રાર કરી લીધો. જર્બા તથા અજરૂહ઼ના રહેવાસીઓએ પણ ખિદમતે રસૂલમાં આવીને જિઝીયો આપવું મંજૂર કરી લીધું.

ત્યાર બાદ આપે હઝરત ખાલિદ બિન વલીદને એક નાની સરખી ફોજની સાથે દૂમતુલ જંદલના હાકિમ ઉકૈદિરની પાસે મોકલ્યા અને ફર્માવ્યું કે તમે એને નીલ ગાયનો શિકાર કરતો પામશો, એને ગિરફતાર કરીને મારી પાસે લાવો. જ્યારે એ લોકો દૂમતુલ જંદલ પહોંચ્યા તો ચાંદની રાત હતી. એક નીલ ગાય દેખાઈ અને ઉકૈદિર કિલ્લાની બહાર તેનો શિકાર કરવા નીકળ્યો. એટલામાં હઝરત ખાલિદ બિન વલીદ તથા તેમના સાથીઓએ તેને ગિરફતાર કરી લીધો, અને આક઼ાએ કાઈનાત ﷺની ખિદમતમાં લઈને હાજર થઈ ગયા. આપે તેની જાન બખ્શી આપી અને બે હજાર ઊંટ, આઠસો ઘોડાઓ, ચારસો બખ્તરો તથા ચારસો ભાલા આપવા પર સુલહ કરી લીધી.

આ હાલતને જોઈને તે કબીલાઓ જેઓ રોમીઓના સપોર્ટર બનેલા હતા તેઓ સમજી ગયા કે હવે એમના પર ભરોસો કરવો મોંઘો પડશે, એટલા માટે તેઓ પણ મુસલમાનના હિમાયતી બની ગયા. આ રીતે ઈસ્લામી સલ્તનતની સરહદ અધિક વિસ્તાર પામીને રોમની સરહદને જઈને મળી, અને ઈસ્લામના દુશ્મનોનો એક મોટી હદ સુધી ખાત્મો થઈ ગયો. અને ઈસ્લામી લશ્કર જંગ કર્યા વિના કામયાબ પરત આવ્યું. તબૂકમાં રસૂલે અકરમ ﷺનો કયામ લગભગ વીસ દિવસ રહ્યો. ત્યાર બાદ પૂરા મુલ્કમાં અમ્નો અમાન રહ્યું અને મુસલમાનોને દીનની તબ્લીગનો ખૂબ ખૂબ મોકો મળ્યો જેનો ફાયદો એ થયો કે અરબના ઘણા કબીલાઓએ ઈસ્લામ સ્વીકારી લીધો.

કેમ કે આ સફર આર્થિક તંગી તથા પરેશાનીના આલમમાં થયો હતો એટલા માટે તેને ગઝવએ ઉસ્રત પણ કહે છે, એટલે કે તંગીની હાલતમાં લડવામાં આવેલી જંગ.

## હજજતુલ વદાઅ

*(ઝુલ હિજ્જહ, હિ.સ. ૧૦)*

આપણા પ્યારા આકા ﷺએ ઝી કઅદા હિ.સ. ૧૦માં હજજનો ઈરાદો કર્યો. ચો તરફ ખબર કરી દેવામાં આવી કે આ વરસે રસૂલે કરીમ ﷺ હજજના ઈરાદાથી મક્કા તશરીફ લઈ જશે. આ ખબર સાંભળતાં જ મુસલમાનોમાં ખુશીની લહેર દોડી ગઈ અને ચો તરફથી શમ્એ રિસાલતના પરવાનાઓ તૂટી પડયા. અને આપ ﷺ એ શાનની સાથે હજજના માટે રવાના થયા કે આપની સાથે લગભગ એક લાખ ચોવીસ હજાર મુસલમાનોનો મોજાં મારતો સમુદ્ર હતો.

હુઝૂર ﷺએ ઝીકઅદાની ૨૬ તારીખે જુમેરાતના દિવસે તેહબંદ તથા ચાદર પહેરી અને ઝોહરની નમાઝ મસ્જિદે નબવીમાં અદા કરીને મદીનાથી નીકળી પડયા. પોતાની પાક બીવીઓને પણ ચાલવાનો હુકમ આપ્યો. ચાર ઝીલ હજજમાં આપ મક્કામાં પ્રવેશ્યા. જયારે મક્કાવાળઓને જાણ થઈ કે સરકારે કાઈનાત ﷺ તશરીફ લાવી રહ્યા

છે તો મક્કાનાં બાળકો ખુશીનાં માર્યાં શહેરની બહાર નીકળી પડયાં. આપે બાળકોને પોતાની ઊંટણી પર બેસાડી લીધાં. અમુકને આગળ અમુકને પાછળ, બાળકો ઊંટણી પર બેસીને ખૂબ જ ખુશ હતાં અને રસૂલુલ્લાહ ﷺ તેમની સાથે વાતો કરતા, મુસ્કુરાતા અને તેમના માથા પર પ્રેમ ભર્યો હાથ ફેરવતા ચાલ્યા જઈ રહ્યા છે. જ્યારે ખાનએ કા'બા પર આપની નિગાહ પડી તો આપે આ દુઆ કરી :–

"હે અલ્લાહ ! તું સલામતી આપવાવાળો છે. અમને સલામતીની સાથે જીવંત રાખ, અને આ ઘર કા'બાની ઈજ્જત તથા અઝમતને અધિક કર, અને જે આ ઘરનો હજ્જ તથા ઉમરા કરે તેની ઈજ્જત તથા બુઝુર્ગીમાં વધારો કર."

ત્યાર બાદ આપે હજરે અસ્વદનો બોસો લીધો, કા'બાનો તવાફ કર્યો, મક઼ામે ઈબ્રાહીમ પર બે રકાત નમાઝ પઢી અને સફા તથા મરવાની સઈ કરી.

આઠમી ઝીલ હજ્જ જુમેરાતના દિવસે મિના તશરીફ લઈ ગયા અને નવમી ઝીલ હજ્જના રોજ જુમ્આના દિવસે અરફાતમાં રોકાણ કર્યું. જ્યારે સૂરજ ઢળી ગયો તો ત્યાં આપે આપની ઊંટણી ક઼સ્વા પર સવાર થઈને ઉમ્મતની હિદાયતના માટે એક એવો ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો જે ક઼યામત સુધીના માટે દસ્તૂર બની ગયો. આપે અલ્લાહની હમ્દો ષનો પછી ઈર્શાદ ફર્માવ્યો :–

## ★ હજ્જતુલ વદાઅમાં ખુત્બો ★

"હે લોકો ! ધ્યાનપૂર્વક સાંભળી લો ! બની શકે છે કે આ વરસ પછી હું તમને ન મળી શકું. જુઓ ! જે રીતે તમે આ મહિના, આ દિવસ અને આ શહેરની ઈજ્જત કરો છો એવી રીતે તમારા પર એકબીજાની જાનો માલનો એહતેરામ પણ જરૂરી છે. અને જાણી લો ! જાહિલિયતના (ઈસ્લામ અગાઉના) સર્વ દસ્તૂર મેં મારા પગો નીચે કચડી કાઢયા. ખૂનરેઝી અને વ્યાજખોરીની નજીક ન જશો. અલ્લાહની કિતાબ અને તેના રસૂલની સુન્નત મજબૂતીથી પકડેલ રહેજો.

હે લોકો ! તમારો રબ એક છે, અને તમો એક બાપની ઔલાદથી છો. કોઈ અરબને કોઈ અજમી પર અને કોઈ ગોરાને કોઈ કાળા પર કોઈ ફઝીલત નથી. હા ! ફઝીલતની ચીજ તક્વો તથા પરહેઝગારી છે.

જુઓ ! તમારી ઉપર સ્ત્રીઓના પણ હક્કો છે, તેમની સાથે બેહતર સુલૂક કરજો, કેમ કે તે તમારી બાંદીઓ છે. ગુલામો સાથે સારો વર્તાવ કરજો, જે પોતે ખાવ તેમને પણ ખવડાવજો, જે પહેરો તેમને પણ પહેરાવશો. તેમની ગલતીઓ માફ કરજો.

અને સાંભળો ! જે લોકો અહીં મૌજૂદ છે તેમણે જોઈએ કે આ હુકમો તેમના સુધી પહોંચાડી આપે જેઓ અહીં મૌજૂદ નથી. શક્ય છે તેઓ તમારાં કરતાં વધુ યાદ રાખે.''

ખુત્બાના અંતમાં ફર્માવ્યું :–

''હે લોકો ! બતાવો જ્યારે મારા બારામાં અલ્લાહ તઆલા તમને પૂછશે તો શું જવાબ આપશો ?''

લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે એ વાતની ગવાહી આપીશું કે આપે ખુદાનો પયગામ અમારા સુધી પહોંચાડી આપ્યો અને રિસાલતનો હક્ક઼ અદા કરી આપ્યો.

આ સાંભળીને રસૂલે રહ઼મત ﷺએ પોતાની શહાદતની આંગળી આસ્માનની તરફ ઉઠાવી અને લોકોની તરફ ઈશારો કરતાં ત્રણ વાર ઈર્શાદ ફર્માવ્યો :–

''હે અલ્લાહ ! તું ગવાહ રહેજે. હે અલ્લાહ ! તું ગવાહ રહેજે. હે અલ્લાહ ! તું ગવાહ રહેજે.''

આ પ્રસંગે આ આયતે કરીમા નાઝિલ થઈ :–

اَلْیَوْمَ اَکْمَلْتُ لَکُمْ دِیْنَکُمْ وَ اَتْمَمْتُ عَلَیْکُمْ نِعْمَتِیْ وَ
رَضِیْتُ لَکُمُ الْاِسْلَامَ دِیْنًا ؕ

''આજે મેં તમારા માટે તમારો દીન કામિલ કરી આપ્યો અને તમારા પર પોતાની નેઅમત પૂરી કરી દીધી. અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો.'' *(સૂરએ માઈદા, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

જ્યારે આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلامએ આ આયતે કરીમા લોકોને સંભળાવી તો હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ રડી પડયા. તે સમજી ગયા કે આપનો આખરી સમય નજીક છે. અને ખૂબ જ જલ્દી આપણા આક઼ા આપણા દરમ્યાનથી રુખસદ થઈ જશે.

ખુત્બા પછી હઝરત બિલાલ رضی اللہ عنہએ અઝાન આપી. ઝોહર તથા અસરની નમાઝ અદા કરવામાં આવી.

આજે પૂરુ અરફાતનું મેદાન અલ્લાહનું નામ લેનારાઓથી ખીચોખીચ ભરાયેલું છે. હુબલ તથા લાતના નામ લેનારા દૂર દૂર સુધી જોવા નથી મળતા. બાવીસ વરસની મહેનત અને કોશિશ પછી હવે અરબની ભૂમિ કુફ્ર તથા શિર્કથી પાક થઈ ચૂકી હતી, અને ચોતરફ અલ્લાહુ અકબરની સદાઓ બુલંદ થઈ રહી હતી.

## વિસાલ મુબારક

*(રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૧)*

જ્યારે દીનની હાલત સંપૂર્ણ થઈ ગઈ અને અરબની લગામ ઈસ્લામના હાથમાં આવી ગઈ તો રસૂલુલ્લાહ ﷺથી કેટલીક એવી નિશાનીઓ જાહેર થવા લાગી જેનાથી અંદાજો થતો હતો કે હવે આપ આ દુનિયાથી રુખસદ થનાર છે અને વિવિધ પ્રસંગો પર આપે એને પ્રદર્શિત પણ કર્યું.

જેથી હજ્જતુલ વિદાઅને હજી ત્રણ મહિના પણ પસાર થયા ન હતા એવામાં આપણા આક઼ા ﷺ પર બીમારીઓના હુમ્લા શરૂ થયા, કમજોરી વધતી ગઈ. તેમ છતાં દરેક પત્નીની પાસે તેમની વારીમાં જરૂર જતા. જ્યારે કમજોરી ઔર વધી ગઈ, હરવા ફરવાની શક્તિ ન રહી તો આપે સર્વ પત્નીઓને બોલાવી, તેમનાથી હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاને ત્યાં આરામ કરવાની ઈજાઝત ચાહી. સૌએ ખુશી ખુશી ઈજાઝત આપી દીધી. હઝરત અલી તથા હઝરત અબ્બાસ رضی اللہ عنہماએ સહારો આપીને હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં પહોંચાડી આપ્યા. જ્યાં સુધી કાંઈ શક્તિ રહી આપ મસ્જિદમાં નમાઝના માટે જતા રહેતા

હતા. જ્યારે તકલીફ અધિક મહેસૂસ થવા લાગી તો આપે હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો. આપની જાહેરી હયાતમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہએ સત્તર નમાઝો પઢાવી.

વફાતથી દિવસ પહેલાં ઝોહરના સમયે કાંઈક આરામ થયો તો હઝરત અલી તથા હઝરત અબ્બાસ رضی اللہ عنہماનો સહારો લઈને મસ્જિદ તશરીફ લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા. આપે આહટ પામીને હટવા ચાહ્યું, પણ રસૂલુલ્લાહ ﷺએ ઈશારાથી રોક્યા અને તેમના બાજુમાં બેસીને નમાઝ પઢાવી. નમાઝના પછી આપે એક સંક્ષિપ્ત તક્રરીર ફર્માવી જેમાં આપે અમુક વસિયતો કરી અને મસાઈલ વર્ણન કર્યા. બીમારીમાં વધઘટ થતી રહેતી હતી. ખાસ વફાતના દિવસે તબીઅત ખૂબ જ સારી થઈ ગઈ. એવું લાગી રહ્યું હતું કે જાણે તાવ જઈ રહ્યો છે. જેણે પણ જોયા તે સમજ્યો કે હવે સારા થઈ ગયા. લોકોના ઉદાસ ચહેરા ખીલી ઉઠયા અને મુરઝાયેલા દિલો પર ખુશીની લહેર દોડી ગઈ. હુજરો મસ્જિદથી મળેલો હતો. આપે પર્દો ઉઠાવીને જોયું કે અલ્લાહના મુખ્લિસ બંદા ફજરની નમાઝ પઢી રહ્યા છે. આ જોઈને આપ મુસ્કુરાયા, આહટ પામીને લોકોએ સમજ્યું કે આપ મસ્જિદમાં આવવા ચાહે છે. સહાબા મગન (ખુશ) થઈ ગયા. નજીક હતું કે ખુશીના માર્યા નમાઝો તોડી આપે, પરંતુ સરકાર علیہ الصلوٰۃ والسلامએ ઈશારાથી રોકી દીધા અને પર્દો કરાવી આપ્યો. આપના રુખે ઝયબા (ચેહરા મુબારક)નો આ અંતિમ દીદાર હતો, ત્યાર બાદ બેચૈની વધવા લાગી. પાસે જ પાણીનો એક પ્યાલો હતો. આપ એમાં વારંવાર હાથ નાખતા અને ચહેરા મુબારક પર ઘસતા. ચાદર કદીક મોઢા પર નાખતા અને કદીક હટાવી દેતા. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا આપના સર મુબારકને સીનાથી લગાડીને બેઠાં હતાં. એટલામાં આપે હાથ ઉપર ઉઠાવ્યો, આંગળી વડે ઈશારો કરીને ત્રણવાર ફર્માવ્યું : **بَلِ الرَّفِيْقُ الْاَعْلٰى** ''હવે અન્ય કોઈ નહીં તે જ સૌથી મહાન સાથી.''

આ જ શબ્દો ઝબાન પર હતા કે આપ અલ્લાહને પ્યારા થઈ ગયા. **اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ**

صَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ الْاُمِّيِّ وَاٰلِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ
وَسَلَّمَ صَلَاةً وَّسَلَاماً عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

વિસાલના સમયે ઉમ્ર શરીફ ૬૩ વરસ હતી. સોમવારનો દિવસ હતો. રબીઉલ અવ્વલની ૧૨ મી તારીખ હતી, અને હિજરતનું ૧૧મુ વરસ હતું.

વિસાલની ખબર સાંભળતાં જ મુસલમાનો પર ગમના પહાડ તૂટી પડયા. હઝરત ઉષ્માન તથા હઝરત અલી (رضی اللہ عنہما) સુન મારી ગયા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અનીસ ખબર સાંભળતાં જ ઈન્તેકાલ કરી ગયા. હઝરત ઉમર (رضی اللہ عنہما)એ સાંભળ્યું તો નગ્ન તલ્વાર લઈને નીકળી પડયા અને કહ્યું કે એવું કેવી રીતે થઈ શકે છે કે આપણા આકા ﷺ ઈન્તેકાલ કરી જાય ! જો કોઈએ કહી દીધું કે રસૂલુલ્લાહ ﷺની વફાત થઈ ગઈ તો તેની ગરદન ઉડાવી દઈશ. સર્વ લોકો હેરાન તથા પરેશાન છે. છેવટે મામલો શો છે ! અક્લ કામ નથી કરી રહી. હઝરત ઉમરનું તેવર ચઢતું જ જઈ રહ્યું હતું. કોઈનામાં કાંઈ કહેવાની હિંમત નથી. એટલામાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ તશરીફ લાવ્યા. સીધા હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં ગયા. રસૂલુલ્લાહ ﷺના ચહેરાથી ચાદર હટાવી. આપને યકીન થઈ ગયું કે રસૂલે અરબી ﷺ હવે દુનિયામાં ન રહ્યા. આપે ચેહરાએ અક્દસનો બોસો લીધો અને બહાર તશરીફ લાવ્યા. અને મુસલમાનો તરફ ધ્યાનિત થઈને આ તક્રીર કરી :–

"હે લોકો ! તમારામાંનો જો કોઈ મુહમ્મદ ﷺની ઈબાદત કરતો હતો તો તે જાણી લે કે મુહમ્મદ ﷺ આ દુનિયાથી તશરીફ લઈ ગયા. અને જો કોઈ અલ્લાહની ઈબાદત કરતો હતો તો ખુદાવંદે કરીમ ઝિંદા છે, તેના માટે મૃત્યુ નથી."

ત્યાર બાદ આપે આ આયતે કરીમા તિલાવત કરી :–

وَ مَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَاۡئِنْ
مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰۤى اَعْقَابِكُمْ ؕ وَ مَنْ يَّنْقَلِبْ عَلٰى
عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَ سَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ ﴿۱۴۴﴾

"અને મુહમ્મદ તો એક રસૂલ છે. એમનાથી પહેલાં અન્ય રસૂલ થઈ ચૂક્યા. તો શું જો એ ઈન્તેકાલ કરી જાય અથવા શહીદ થાય તો તમે ઉલ્ટા પગે ફરી જશો ? અને જે ઉલ્ટા પગે ફરશે અલ્લાહનું કાંઈ નુકસાન ન કરશે. અને નજીકમાં જ અલ્લાહ શુક્રવાળાઓને બદલો આપશે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૪૪, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہની તક़રીર સાંભળીને લોકોને હોશ આવી ગયો. એવું મહેસૂસ થઈ રહ્યું હતું કે આ આયત લોકોએ જાણે કદી સાંભળી જ ન હતી. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે મેં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ઝબાની આ આયત સાંભળી તો મને યક़ીન થઈ ગયું કે આક़ાએ કાઈનાત ﷺનો વિસાલ થઈ ગયો. ત્યાર બાદ આપની તલ્વાર મ્યાનમાં જતી રહતી.

મંગળના દિવસે આપના શરીર મુબારકને ગુસ્લ આપવામાં આવ્યું. ત્રણ કપડાં કફનમાં આપવામાં આવ્યાં. જનાઝો હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં જ રાખી દેવામાં આવ્યો. દસ દસ માણસો હુજરામાં જતા અને અલગ અલગ નમાઝે જનાઝા પઢીને પરત આવતા.

હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہએ ક़બ્રની બગલી તૈયાર કરી અને બુધની રાતમાં જિસ્મે અત્હરને હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં જ ખાકને સુપરત કરવામાં આવ્યા.

લોકોની રાયથી હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના ખલીફા તથા મુસલમાનોના અમીર બનાવવામાં આવ્યા.

## હુલિયા શરીફ

અલ્લાહે જે રીતે આપણા આક़ ﷺને બાતિની ખૂબીઓથી નવાઝયા હતા એવી જ રીતે જાહેરી હુસ્નો જમાલ પણ અતા કર્યો હતો.

આપનું આખુ શરીર નૂરના સાંચામાં ઢળેલું હતું અને સાયાથી પાક હતું. રંગ ગોરો સફેદ. શરીર પર માખી મચ્છર ન બેસતા. બંને ખભાઓની વચ્ચે કબૂતરના ઈંડા જેટલી મોહરે નબુવ્વત હતી, ક़દ મધ્યમ હતું પરંતુ

લોકોની વચ્ચે સૌથી બુલંદ દેખાય દેતા. માથુ મોટુ અને શાનદાર, વાળ ન તદ્દન સીધા ન ઘુંઘરાળુ ચહેરો મુબારક ખૂબ જ ખૂબસૂરત સફેદ રતાશ પડતો. પેશાની પહોળી અને ચમકદાર. મોઢું પહોળુ, દાંત વિશાળ તથા મોતી જેવા રોશન. ઝબાન ઈલ્મ તથા હિકમતનું ઉગમસ્થાન. લુઆબે દહન (થૂક મુબારક) ઝખ્મીઓ તથા બીમારો માટે શિફા. અવાજ ઘણો જ પ્યારો તથા મીઠો. ગરદન સુડોળ અને સુરાહી જેવી. હથેળીઓ પહોળી ગોશતથી ભરેલી. કલાઈ (પહોંચાં) લાંબી તથા નરમ તેમજ નાઝુક. પેટ તથા છાતી સપાટ અને સરખી. પગ મુબારકો પહોળા અને માંસલ ભરાવદાર, એડીઓ ઓછા માંસવાળી, તળવુ ઊંચુ જમીન પર ન લાગતુ હતું. બંને પિંડલીઓ એકંદરે પાતળી અને સાફ સફ્ફાક્, ચાલ બાવક઼ાર, જ્યારે ચાલતા તો એવુ જણાતુ કે ઉપરથી નીચે ઉતરી રહ્યા છે. રસ્તો ખૂબ તેજ ચાલતા જાણે જમીન આપના માટે સમેટી દેવામાં આવી હોય.

## અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)

અઝવાજે મુતહ્હરાતનો અર્થ છે પાક બીવીઓ. રસૂલે કરીમ ﷺની બીવીઓને અઝવાજે મુતહ્હરાત કહેવામાં આવે છે. અને આ પાક બીવીઓ તમામ મુસલમાનની મા છે, એટલા માટે એમને ઉમ્મહાતુલ મો'મિનીન પણ કહેવામાં આવે છે.

રસૂલે કાઈનાત ﷺએ તબ્લીગી જરૂરતોના કારણે અરબના વિવિધ ખાનદાનોમાં શાદીઓ કરી જેથી સંબંધો મજબૂત રહે.

આપણા આક઼ા ﷺની કુલ અગ્યાર બીવીઓ હતી. એમાંથી છ કુરૈશ ખાનદાનના ઊંચા ઘરાનાની હતી જેમનાં મુબારક નામ આ પ્રમાણે છે :–

(૧) ખદીજા બિન્તે ખુવૈલદ (૨) આઈશા બિન્તે અબી બકર (૩) હફ્સા બિન્તે ઉમર ફારૂક઼ (૪) ઉમ્મે હ઼બીબા બિન્તે અબી સુફયાન. (૫) ઉમ્મે સલ્મા બિન્તે અબૂ ઉમૈયા (૬) સૌદા બિન્તે જમ્આ.

અને ચાર અરબના અન્ય ઈજ્જતદાર કબીલાઓથી હતી. તેમનાં નામ આ પ્રમાણે છે :–

(૭) ઝયનબ બિન્તે જહશ (૮) મૈમૂના બિન્તે હારિષ (૯) ઝયનબ બિન્તે ખુઝૈમા (૧૦) જુવૈરિયા બિન્તે હારિષ (૧૧) સફિય્યહ બિન્તે હુયૈય (આ બની ઈસ્રાઈલની એક રઈસઝાદી હતાં).

સૌ પ્રથમ આપણા આક઼ા ﷺએ હઝરત ખદીજા رضی اللہ عنہاથી નિકાહ કર્યા. જ્યાં સુધી તે જીવંત રહ્યાં, આપે બીજી શાદી નથી કરી.

બે પત્નીઓ હઝરત ખદીજા رضی اللہ عنہا તથા હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا તો આપની સામે જ વફાત પામ્યાં. બાકી નવ બીવઓ રસૂલુલ્લાહ ﷺ વિસાલ બાદ સુધી મૌજૂદ રહી.

તેમના થકી મુસલમાનોને ઘણી બધી દીનની વાતો માલૂમ થઈ અને ખાસ કરીને હઝરત આઈશા رضی اللہ عنہاએ તો રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامથી ઘણી બધી હદીષો રિવાયત કરી જે હદીષની કિતાબોમાં મૌજૂદ છે.

## ઔલાદે કિરામ

આપણા આક઼ા ﷺની જેટલી પણ ઔલાદ થઈ સર્વે હઝરત ખદીજા رضی اللہ عنہاના શિક઼મ મુબારકથી થઈ, કેવળ એક સાહબઝાદા ઈબ્રાહીમ મારિયા કિબ્તિયા (બાંદી)થી હતા.

હઝરત ખદીજા رضی اللہ عنہاના પેટથી હઝરત ક઼ાસિમ અને હઝરત અબ્દુલ્લાહ હતા. અને ચાર સાહબઝાદીઓ હતી જેમનાં નામ આ પ્રમાણે છે :—

(૧) ઝયનબ رضی اللہ عنہا (૨) રુકૈયા رضی اللہ عنہا (૩) ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا (૪) ફાતિમા رضی اللہ عنہا.

હઝરત ઝયનબرضی اللہ عنہاનો નિકાહ હઝરત અબુલ આસથી થયા. આપનો ઈન્તેક઼ાલ હિ.સ. ૮માં થયો. આપની એક પુત્રી હતી જેનું નામ ઉમામા હતું. રસૂલે કરીમ ﷺ તેમનાથી ખૂબ જ મહોબ્બત કરતા હતા અને પ્યારથી ખભા પર બેસાડી લીધા કરતા હતા.

હઝરત રુકૈયા رضی اللہ عنہاના નિકાહ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સાથે થયા. હિ.સ. ૨માં હઝરત રુકૈયાનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો રસૂલે

અકરમ ﷺએ પોતાની ત્રીજી સાહબઝાદી ઉમ્મે કુલ્સૂમનો પણ નિકાહ આપની જ સાથે કરી આપ્યો. તેમનો ઈન્તેક઼ાલ હિ.સ. ૯માં થયો.

ચોથાં સાહબઝાદી ફાતિમા رضی اللہ عنہاનો નિકાહ હઝરત અલી رضی اللہ عنہ સાથે થયો. આ રસૂલુલ્લાહ ﷺની સૌથી પ્યારી બેટી હતાં. આપનો ઈન્તેક઼ાલ હિ.સ. ૧૧માં થયો. આપના બે સાહબઝાદા હઝરત ઈમામ હસન તથા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما થયા. તેમની જાતથી દીનને બુલંદી મળી. તેમની જ ઔલાદને સૈયદ કહેવામાં આવે છે. રસૂલે અકરમ ﷺ આ બંનેવ હઝરાતથી બેહદ મહોબ્બત કરતા હતા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે હસન તથા હુસૈન બંનેવ જન્નતી જવાનોના સરદાર થશે અને એ બંનેવ જન્નતના ફૂલ છે.

## કાકાઓ

આપણા આક઼ા જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના બાર કાકા હતા. તેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) હારિષ (૨) અબૂ તાલિબ (૩) ઝુબૈર (૪) હમ્ઝા (૫) અબ્બાસ (૬) અબૂ લહબ (૭) ગૈદાક઼ (૮) મુક઼વ્વિમ (૯) દિ઼રાર (૧૦) કુષમ (૧૧) અબ્દુલ કા'બા (૧૨) હજલ.

એ સૌમાંથી હઝરત હમ્ઝા رضی اللہ عنہ, હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ઈસ્લામ સ્વીકાર્યો. હઝરત હમ્ઝા رضی اللہ عنہ ઘણા જ બહાદુર હતા. રસૂલુલ્લાહ ﷺએ આપને અસદુલ્લાહ (અલ્લાહનો શેર) તથા અસદુર્રસૂલ (રસૂલનો શેર)ના લક઼બ વડે નવાઝયા. હિ.સ. ૩માં જંગે ઓહદમાં શહીદ થયા.

અને હઝરત અબ્બાસ رضی اللہ عنہનો મર્તબો ઘણો જ ઊંચો હતો. રસૂલુલ્લાહ ﷺએ તેમને તથા તેમની ઔલાદને ઘણી ખુશખબરીઓ પણ આપી છે. આપ હિ.સ. ૩૨ કે ૩૩માં વિસાલ પામ્યા. ક઼બ્ર જન્નતુલ બક઼ીઅમાં છે.

## ફોઈઓ

નબીએ મુકર્રમ ﷺની છ ફોઈઓ હતી. તેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) આતિકા (૨) ઉમૈમા (૩) ઉમ્મે હકીમ (૪) બર્રા (૫) સફિય્યહ (૬) અર્દા

એમાંથી કેવળ હઝરત સફિય્યહ رضی اللہ عنہاએ ઈસ્લામ સ્વીકાર્યો. એ મશહૂર સહાબી હઝરત ઝુબેર બિન અવ્વામ رضی اللہ عنہاનાં વાલિદા માજિદા છે. એ ઘણા જ બહાદુર તથા નીડર હતાં. ગઝવએ અહઝાબમાં એક યહૂદીને આપે એકલાંએ લાઠી વડે મારીને કત્લ કરી નાખ્યો અને તેનુ માથુ કાપીને ફેંકી દીધું. જંગે ઓહદમાં પણ આપે ઘણી જ બહાદુરીની સાથે કાફિરો સાથે મુકાબલો કર્યો. હિ.સ. ૨૦માં આપનો ઈન્તેકાલ થયો એ સમયે આપની ઉમર ૭૩ વરસની હતી. કબ્ર શરીફ જન્નતુલ બકીઅમાં છે.

## મોઅઝ્ઝિનો

હુઝૂર ﷺના મોઅઝ્ઝિન ચાર છે : (૧) બિલાલ બિન રબાહ رضی اللہ عنہ (૨) અબ્દુલ્લહ બિન ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ (આ નાબીના હતા). (આ બંનેવ મસ્જિદે નબવીમાં મોઅઝ્ઝિન હતા).

(૩) સઅદ બિન આઈઝ رضی اللہ عنہ (આ મસ્જિદે કુબાના મોઅઝ્ઝિન હતા) (૪) અબૂ મહઝૂર رضی اللہ عنہ (આ મસ્જિદે હરામના મોઅઝ્ઝિન હતા)

આ સર્વ લોકો રસૂલુલ્લાહ ﷺના ચહીતા અને તેમના પર જાન કુર્બાન કરવાવાળા હતા. ખાસ કરીને હઝરત બિલાલ رضی اللہ عنہએ ઈસ્લામ કબૂલ કરવા બદલ ઘણી જ બધી મુસીબતો વેઠી, ત્યાં સુધી કે આપને સળગતી રેતી પર સૂવાડીને ઉપરથી પથ્થર રાખી દેવામાં આવતા હતા. તેમ છતાં આપે નબી કરીમ ﷺનું નામ લેવાનુ ન છોડયું.

## સવારીઓ

પહેલાંના જમાનામાં આજની જેમ બસ, મોટર, રેલગાડી તથા વિમાનો ન હતાં. એટલા માટે લોકો જાનવરો પર સફર કરતા હતા. આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلامની પાસે સવારીનાં જે જાનવરો હતાં તેની વિગત આ પ્રમાણે છે :–

સાત ઘોડા હતા જેમનાં નામો આ પ્રમાણે છે : સકબ, લહ઼ીફ, શજાઅ્, ઝર્બ, લહાઝ, મુર્તજિઝ, અલ્વર્દ.

**ગધેડાં** : (અરબી ગધેડાં જે ઘોડાથી અધિક ખૂબસૂરત હોય છે.) આ ત્રણ હતાં :–

**અ઼ફીરા** : જે મકૂક઼સે મોકલ્યું હતું. એક ફિરોતુલજઝામીએ, એક સઅદ બિન ઓબાદા એ મદીનામાં પેશ કર્યું.

**ખચ્ચર** : પાંચ હતા : દુલદુલ : મકૂક઼સે મોકલ્યું હતું. ફઝા, ફિરોતુલ જઝામીએ મોકલ્યું હતું. એક ઈલાના હાકિમે પેશ કર્યું હતું. એક દૂમતુલ જંદલના હાકિમે મોકલ્યું હતું. એક નજાશી બાદશાહે હબશાથી મોકલ્યું હતું.

**ઊંટણીઓ** : બે હતી. નામ આ પ્રમાણે છે :–

**ક઼સ્વા** : આ તે જ ઊંટણી છે જેના પર સવાર થઈને આપે હિજરત કરી હતી. અને હજ્જતુલ વિદાઅના મોક઼ા પર એની જ પીઠ પરથી આપે ખુત્બો આપ્યો હતો.

**અઝબ** : આ ઘણી તેજ રફતાર ઊંટણી હતી.

વફાતના સમયે જે સવારીના જાનવરો મૌજૂદ હતાં. એમાં લહીફ નામી એક ઘોડો હતો અને એક ખચ્ચર જેનું નામ દુલદુલ હતું. એની ઉમર ઘણી વધારે હતી. હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہના જમાના સુધી જીવંત રહ્યું.

## શસ્ત્રો

રસૂલે અક્દસ ﷺની પાસે નવ તલ્વારો હતી. દરેકનાં નામ આ પ્રમાણે છે : ઝુલ્ફિક઼ાર, ક઼લઈ, અલ્બત્તાર, અલ્ષખનફ, અર્રસૂબ, અલ્મિખ્દમ, અલ્ક઼ઝીફ. ઝુલ્ફિક઼ાર આપે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને આપી દીધી હતી.

બખ્તરો સાત, કમાનો છ, કમંડળ એક, ઢાલ એક, બરછીઓ પાંચ, ખૂદ (લોખંડની ટોપી) બે, જબ્બા ત્રણ, મોટો ઝંડો એક. એ ઉપરાંત અમુક નાના નાના ઝંડા પણ હતા. એક તંબૂ હતો.

## વિશિષ્ટતાઓ

આપણા આક઼ા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની વિશિષ્ટતાઓ એટલી છે કે ગણત્રીમાં નથી આવી શક્તી. અલ્લાહ તઆલાએ આપને દરેક ચીજથી પહેલાં પોતાના નૂરથી પેદા કર્યા. અંબિયા, ફરિશ્તા, જમીન, આસ્માન અને દુનિયાની સર્વ ચીજોને આપના નૂર વડે બનાવી. દરેક પ્રકારની ખૂબીઓ આપને અતા કરી. કોઈ શખ્સ કોઈ ખૂબીમાં આપણા રસૂલ ﷺના બરાબર નથી થઈ શક્તો. અલ્લાહ તઆલાએ આપને પોતાના સર્વ ખજાનાઓની કૂંજીઓ અતા ફર્માવી. દીન તથા દુનિયાની સર્વ નેઅમતોને આપનાર અલ્લાહ છે અને વહેંચનારા આપણા આક઼ા છે.

જ્યારે આપ પેદા થયા તો સર્વ મૂર્તિઓ મોંઢાભેર ગબડી પડી અને પેદાઈશના સમયે એક એવી રોશની ફૂટી કે એ રોશનીમાં આપના વાલિદા માજિદા હઝરત આમિના رضی اللہ عنہا એ શામના મહેલોને જોઈ લીધા. ચાંદને જે તરફ ઈશારો કરતા એ બાજુ ઝુકી જતો. ક્યારેક વાદળો આપના પર સાયો કરેલ રહેતાં. જેવી રીતે આપ સામે જોતા એ જ પ્રમાણે પાછળ પણ જોતા. આપની આંખો સૂતી હતી અને દિલ જાગૃત હતું. આપનો પસીનો મુશ્ક (કસ્તૂરી)થી વધુ ખુશબોદાર હતો. આપનો પડછાયો જમીન

પર પડતો ન હતો. આપનાં પેશાબ પાખાનાને જમીન ગળી જતી હતી. આપ સૌ પ્રથમ જન્નતમાં જશે. આપ સૌ પ્રથમ નબી છે, અને સર્વ નબીઓના છેલ્લે દુનિયામાં તશરીફ લાવ્યા. ક઼યામત સુધી આપના બાદ કોઈ નબી થશે નહીં, અને આપની ઉમ્મત પછી કોઈ ઉમ્મત થશે નહીં.

સર્વ નબી ખુદા તઆલાના બરગુઝીદા (ચહીતા) છે અને આપણા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ એમનામાં સૌથી અફઝલ છે. અલ્લાહે આપને આપણી હિદાયતના માટે મોકલ્યા. તેમને ગયબની વાતો બતાવી અને સર્વ ચીજોનો ઈલ્મ આપ્યો. સારાંશ કે અલ્લાહ તઆલાએ આપણા નબી علیہ الصلوٰۃ والسلامને દરેક પ્રકારના કમાલથી નવાઝયા.

દીની ભાઈઓ ! બહેનો ! રસૂલે અકરમ ﷺની આ અમુક ખૂબીઓ, વિશિષ્ટતાઓ અમે વર્ણવી, એનો મતલબ એ નથી કે આપની કેવળ આટલી વિશિષ્ટતાઓ હતી, નહીં ! બલ્કે આપની વિશિષ્ટતાઓ ઘણી છે. બસ એટલુ જાણી લો કે તે ખૂબીઓ જે સર્વ અંબિયાએ કિરામમાં મૌજૂદ છે અલ્લાહ તઆલાએ તે સર્વ, બલ્કે એના કરતાં પણ વિશેષ આપને અતા કરી. અલ્લાહની સૌ પ્રથમ મખ્લૂક઼ આપ જ છે. અને આપના જ સબબે પૂરી દુનિયા બનાવવામાં આવી. જો આપને પેદા કરવાનો હેતુ ન હોત તો અલ્લાહ તઆલા દુનિયાને પણ પેદા ન કરતા.

## મો'જિઝાઓ

કોઈ નબીથી નબુવ્વતની સચ્ચાઈના માટે સામાન્ય નિયમ વિરુદ્ધ કોઈ કામ પ્રદર્શિત થાય તો તેને મો'જિઝો કહે છે. મો'જિઝા નબીના માટે ખાસ છે. જો એ જ ચીજ કોઈ વલીથી જાહેર થાય તો તેને કરામત કહેવામાં આવે છે. અહીં થોડાક મો'જિઝા લખવામાં આવે છે તેને તમો મૌખિક યાદ કરી લો.

(૧) એક ગામડાવસી આપણા નબી ﷺની ખિદમતમાં આવ્યો અને તેણે આપને અર્ઝ કરી કે હું કેવી રીતે યક઼ીન કરી લઉં કે આપ અલ્લાહના રસૂલ છે ?! હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે પેલા ખજૂરના

ઝાડ પર જે જુમ્ખો લટકી રહ્યો છે તેને હું મારી પાસે બોલાવી લઉં તો શું તમે મને રસૂલ માની લેશો ? તેણે કહ્યું, "બેશક !" તો આપે તે ઝુમ્ખાને બોલાવ્યો તો તરત આપની પાસે ચાલ્યો આવ્યો. પછી આપે કહ્યું, જાવ! તો તે જઈને ઝાડ પર ત્યાં જોડાઈ ગયો જ્યાંથી તૂટીને આવ્યો હતો. આ મો'જિઝો જોઈને તે ગામડાવાસી તરત જ મુસલમાન થઈ ગયો.

**(૨)** મશ્હૂર સહાબી હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુદૈબિયહના મોકા પર અમને તરસ લાગી. અમો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા. એ વખતે રસૂલુલ્લાહ ﷺ વુઝૂ કરી રહ્યા હતા. અમે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ અમને તરસ લાગી છે અને આ પાણી સિવાય અમારી પાસે અન્ય પાણી નથી કે જેનાથી અમે અમારી તરસ છીપાવીએ. આપણા આકાએ પોતાના મુબારક હાથ તે વાસણમાં રાખી દીધા તો આપની આંગળીઓ વચ્ચેથી પાણી એ રીતે ઉભરાવા લાગ્યું જાણે જોશ મારતુ ઝરણુ ! લોકોએ ખૂબ જ ધરાઈને પીધુ અને વુઝૂ કર્યું. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે અમારી સંખ્યા તે વખતે પંદર સો હતી. જો અમે એક લાખ પણ હોત તો પણ એ પાણી પૂરતુ થાત !

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હુઝૂરે અકરમ ﷺ સહાબાએ કિરામના દરમ્યાન મૌજૂદ હતા એટલામાં એક ગામડાવાસી આવ્યો જેણે એક ગોહનો શિકાર કરીને તેને પોતાની બાંયમાં છુપાવી રાખી હતી જેથી તેને શેકીને ખાય. જ્યારે તેણે લોકોની ભીડ જોયી તો પૂછયું કે આ કોણ માણસ છે ? તેને જવાબ મળ્યો કે આ અલ્લાહના રસૂલ (ﷺ) છે. તેણે બાંયની ગોહ કાઢી અને કહ્યું કે જો આ ગોહ ઈમાન લઈ આવશે તો હું પણ ઈમાન લઈ આવીશ ! તેણે ગોહ આપની સામે ફેંકી દીધી.

આપણા આકા ﷺ તેની તરફ ધ્યાનિત થયા અને ઈર્શાદ ફર્માવ્યો, "હે ગોહ !" આટલુ સાંભળતાં જ એ ગોહે અર્ઝ કરી, "હાજર છું ! યા રસૂલલ્લાહ ! ﷺ હુકમ ફર્માવો !" આપે ફર્માવ્યું, "તું કોની ઈબાદત કરે છે ?" તેણે કહ્યું, "તે ખુદાની જે જમીન તથા આસ્માનનો માલિક છે." આપે ફરી પૂછયું કે, "સારું બતાવ, હું કોણ છું ?" તેણે કહ્યું, "આપ

અલ્લાહના રસૂલ છો અને આખરી નબી છો. જેણે આપને સમર્થન કર્યું તે નજાત પામી ગયો અને જેણે જૂઠલાવ્યા તે નિષ્ફળ થયો.'' ગોહની આ વાતચીત સાંભળીને તે ગામડાવાસી તરત જ મુસલમાન થઈ ગયો.

**(૪)** ઈબ્ને ક઼ાનેઅનું બયાન છે કે હજજતુલ વિદાઅના મોક઼ા પર હુઝૂર ﷺ એક મકાનમાં તશરીફ લઈ ગયા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ચહેરો મુબારક ૧૪મીના ચાંદની જેમ ચમકી રહ્યો હતો. મેં એક અજીબ ગરીબ બનાવ જોયો કે અહલે યમામાનો એક શખ્સ એક બાળકને કપડામાં લપેટીને લાવ્યો. એ જ દિવસે એનો જન્મ થયો હતો. તેણે તેને હુઝૂરની ખિદમતમાં પેશ કર્યો. હુઝૂર ﷺએ એ બાળકને પૂછયું, હે બાળક ! બતાવ હું કોણ છું ? બાળકે તરત જવાબ આપ્યો, ''આપ અલ્લાહના સાચા રસૂલ છો.'' હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''તમે સાચુ કહ્યું ! અલ્લાહ તઆલા તમને બરકત આપે.''

## અખ્લાક઼ તથા આદતો

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاને પૂછવામાં આવ્યું કે હુઝૂર ﷺના અખ્લાક઼ કેવા હતા ? તો આપે ફર્માવ્યું કે સરકાર ﷺના અખ્લાક઼ કુર્આન (ના આઈનો) હતા. ખુદ કુર્આન કરીમમાં છે : وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ''હે મહબૂબ ! બેશક ! તમો ઉચ્ચ અખ્લાક઼ના માલિક છો.'' *(સૂરએ ક઼લમ, ૨૯/૩)*

આપની રહેણીકરણી બાવક઼ાર હતી. જે અચાનક આપને જોતો તે (આપના પ્રભાવથી) સહમી ઉઠતો. પણ જ્યારે નજીક થતો અને વાતચીત થતી તો આપની મહોબ્બત તેના દિલમાં બેસી જતી. મુલાકાતના સમયે આપ સલામમાં પહેલ કરતા. એ વાતનો હરગિઝ ઈન્તેઝાર ન કરતા કે આવનારો સલામ કરે. દરેકને ખુશ ચહેરે મળતા. આપની ઝબાન પર બુરી વાત કદાપિ ન આવતી. સહાબાની વચ્ચે હોતા તો કદી પગો ન ફેલાવતા. જો કોઈ આપનો હાથ પકડી લેતો તો જ્યાં સુધી તે ન છોડતો, આપ ન છોડાવતા. કદી આપે આપના હાથ વડે કોઈને નથી માર્યો સિવાય

જંગના મેદાનમાં. પોતાની જાતના માટે આપે કદી બદલો નથી લીધો. આપ કોઈના પર ગુસ્સો કરતા ન હતા, પણ જ્યારે શરીઅત વિરુદ્ધ વર્તન કરતુ તો એ વખતે આપ ખુદા તઆલા ખાતર એટલા પ્રમાણમાં ગઝબનાક થતા કે કોઈ તાબ ન લાવી શકતું હતું. વૃદ્ધ સ્ત્રીઓ જો આપને કોઈ કામના માટે લઈ જતી તો આપ ચાલ્યા જતા અને કામ કરી આપતા. આપે પોતાનું કામ જાતે પોતે કરી લીધા કરતા. જેમ કે કપડાં સીવી લેવાં, બકરીઓનું દૂધ દોહવું અન્ય ઘરકામ કરી લેતા.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ આપના ખાદિમ હતા. તે કહે છે કે દસ વરસ મેં આપની ખિદમત કરી પણ ખુદાની ક઼સમ ! સફર તથા ઘર પર જેટલુ હું આપનુ કામ કરતો એનાથી કેટલુય વિશેષ આપ મારું કામ કરી આપતા હતા. દસ વરસના અરસામાં આપે મન ન કદી તતડાવ્યો, ન કદી ઉફ કહ્યું અને ન કદી એવું કહ્યું કે તમે ફલાણુ કામ કેમ નથી કર્યું અને ફલાણુ કામ કેમ કર્યું ?

આપ મિસ્કીનો (ગરીબો) સાથે મહોબ્બત રાખતા. દરેક ગરીબ, અમીર, ગુલામ તથા આઝાદની દા'વત ક઼બૂલ કરતા. જે જે મર્તબાનો હોતો એની એના એ'તબારથી ઈજ્જત કરતા. પોતાના સહાબાથી મહોબ્બત કરતા. બીમારોની અયાદત (ખબરગીરી) માટે તશરીફ લઈ જતા. કોઈ હદિયો પેશ કરતો તો તેને ક઼બૂલ કરતા અને મોટાભાગે તેના બદલામાં તેના બરાબર કે તેનાથી અધિક અર્પણ કરતા. ગમઝદાઓને ત્યાં ગમખ્વારી માટે તશરીફ લઈ જતા. અને જ્યારે બેસતા તો મોટાભાગે ચહેરો મુબારક ક઼િબ્લા તરફ હોતો. અને સખાવતનો એ હાલ હતો કે કદી કોઈ સાઈલને મહેરૂમ ન રાખતા, જ્યાં સુધી બનતુ તેની જરૂરત પૂરી કરતા અને જો ગુંજાઈશ ન હોતી તો નરમીથી જવાબ આપી દેતા. અને એ રીતે ખર્ચ કરતા કે ગરીબી તથા નાદારીથી ન ડરતા, ત્યાં સુધી કે અમુક કાફિરો આપની સખાવત જોઈને મુસલમાન થઈ ગયા. જેમ કે સફવાન બિન ઉમૈયા. એમના હક઼્ક઼માં આપની સખાવત જ મો'જિઝો બની ગઈ. સફવાને કહ્યું કે ગૈર નબીમાં આવી સખાવત શક્ય જ નથી.

એક યહૂદીનું આપના પર કાંઈક કર્ઝ હતું. અદા કરવાનો સમય નક્કી હતો. પણ યહૂદી સમયથી પહેલાં જ આવી ગયો અને તેણે ઘણી સખ્તી સાથે તકાઝો કર્યો. તે જેટલી પણ સખ્તી કરતો આપ નરમી કરતા. તેણે કહ્યું, તમારા ખાનદાનમાં આવી જ ખોટા કરવાની સિસ્ટમ ચાલી આવી છે ! આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ બેતાબ થઈ ગયા અને તે યહૂદીને ખૂબ જ બુરુ ભલુ સંભળાવ્યું, અને કહ્યું કે તું રસૂલુલ્લાહ ﷺની સામે ન હોત તો હું તારી ગરદન મારી દેત. સરકાર ﷺએ ઉમર ફારૂક़ رضی اللہ عنہને કહ્યું, તમારે જોઈતુ હતુ કે મને કરજની અદાયગીના માટે કહેતા અને એને કહેતા કે ઉઘરાણી નરમી સાથે કરો. તેને ધમકાવવો જોઈતો ન હતો. જાવ ! એનું કરજ અદા કરો અને એનાથી ઝઘડવાના બદલામાં વીસ સાઅ વધારે આપો. જ્યારે તે યહૂદીએ આ હાલત જોઈ તો એ જ સમયે ઈમાન લાવ્યો અને કહ્યું કે મેં પહેલાંની કિતાબોમાં જોયું છે કે નબી આખિરુઝ્ઝમાંની ખૂબી એ છે કે જેમ જેમ કોઈ તેમની સાથે સખ્તીથી પેશ આવશે તેમ તેમ તે નરમીથી વર્તતા જશે. મારા વર્તનથી મારે સંતોષ મેળવવો હતો અને બરાબર મેં એવા જ પામ્યા જેવું કે મેં કિતાબમાં જોયું હતું.

આપ પુષ્કળ પ્રમાણમાં નમાઝ પઢતા અને તહજ્જુદમાં એટલો લાંબો ક઼યામ કરતા કે પગ મુબારકમાં વરમ આવી જતો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ આટલી મહેનત શા માટે કરો છો જ્યારે કે અલ્લાહે આપને માસૂમ પેદા કર્યા છે. આપે ફર્માવ્યું કે શું હું અલ્લાહનો શુક્રગુઝાર બંદો ન બનું અને માલિકની નવાઝિશનો શુક્રિયા અદા ન કરું ?!

## ઉમ્મત પર સરકારના હક્કો

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! તમે આક઼ા વ મૌલા ﷺની હયાત તથા સીરતના બારામાં વાંચી લીધું. હવે તમો એ પણ જાણી લો કે ઉમ્મત પર સરકાર علیہ الصلوٰۃ والسلامના હક્કો શું છે એની વિગત વર્ણવવામાં આવી રહી છે તમે એને ધ્યાનપૂર્વક વાંચો અને એના પર અમલ કરીને સાચા પાકા મુસલમાન બની જાવ.

(૧) **ઈમાન** : એક મુસલમાન માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાને એક માને અને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامને અલ્લાહના નબી તથા રસૂલ સ્વીકારે. જો કોઈ કેવળ અલ્લાહની વહદાનિયતનો (એક હોવાનો) ઈક્રાર કરે અને મુહમ્મદે અરબી ﷺની રિસાલત તથા નબુવ્વત પર ઈમાન ન લાવે તો એવો શખ્સ મુસલમાન નથી થઈ શકતો.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَنۡ لَّمۡ یُؤۡمِنۡۢ بِاللّٰہِ وَ رَسُوۡلِہٖ فَاِنَّاۤ اَعۡتَدۡنَا لِلۡکٰفِرِیۡنَ سَعِیۡرًا ﴿۱۳﴾

"અને જે ઈમાન ન લાવે અલ્લાહ તથા તેના રસૂલ પર તો બેશક ! અમે કાફિરોના માટે ભડકતી આગ તૈયાર કરી રાખી છે." *(સૂરએ ફતહ, ૨૬/૧૦, કન્ઝુલ ઈમાન)*

*(જેથી વર્તમાન યહૂદી કે ઈસાઈને કોઈ Believers ઈમાનવાળા કહી શક્તુ નથી, ભલે તેઓ ખરેખર અલ્લાહને જ એક માનતા હોય. કેમ કે તેઓ રસૂલુલ્લાહ ﷺને અલ્લાહના નબી માનતા નથી. **–અનુવાદક**)*

આ આયતે કરીમાથી એ જાણવા મળે છે કે જે શખ્સ અલ્લાહ તઆલા પર ઈમાન લાવવાની સાથોસાથ રસૂલે મુખ્તાર ﷺ પર ઈમાન લાવે તો તે મુસલમાન (ઈમાનવાળો) છે. અને જો કેવળ અલ્લાહ પર ઈમાન લાવે અને રસૂલ પર ઈમાન ન લાવે તો એવો શખ્સ કાફિર છે અને તેનું ઠેકાણુ જહન્નમ છે.

(૨) **મહોબ્બત** : અલ્લાહના હબીબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺથી મહોબ્બત કરવી દરેક મો'મિન પર લાઝિમ (અનિવાર્ય) છે. કુર્આન તથા હદીષથી સાબિત છે કે નબી કરીમ ﷺની મહોબ્બત વિના ઈમાન અધૂરુ રહે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ
اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَ اَمْوَالُ ٰاقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ
تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ
مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ وَ جِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ
اللّٰهُ بِاَمْرِهٖ ۗ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ

"હે મહબૂબ ! તમે ફર્માવો ! જો તમારા બાપ અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી ઔરતો અને તમારુ કુટુંબ અને તમારી કમાઈનો માલ અને તે સોદો જેના નુકસાનનો તમને ડર છે અને તમારી પસંદનું મકાન, આ ચીજો અલ્લાહ અને તેના રસૂલ તથા તેની રાહમાં લડવાથી અધિક પ્યારી હોય તો રાહ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે. અને અલ્લાહ ફાસિકોને રાહ નથી આપો." *(સૂ. તૌબા–૨૪)*

અલ્લાહ તઆલાથી આ આલીશાન ફર્માનમાં એ વાતની હિદાયત આપવામાં આવી છે કે દરેક પ્યારી તથા કિંમતી ચીજ કરતાં વધુ અલ્લાહના હબીબ ﷺથી મહોબ્બત કરવી જરૂરી છે.

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને દુનિયાની દરેક ચીજથી વધુ મહબૂબ છો, મારી જાન સિવાય. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "તમારામાંનો કોઈ પણ ત્યાં સુધી સંપૂર્ણ મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી કે હું તેને દુનિયાની દરેક ચીજ કરતાં અધિક પ્રિય ન થઈ જાઉં."

હુઝૂરે તવજ્જોહ ફર્માવી તો હઝરત ઉમર رضی اللہ عنہની અંદર ઈન્કિલાબ પેદા થયો. ત્યાર બાદ આપે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, "એ ઝાતની કસમ ! જેણે આપણા પર કુર્આન નાઝિલ કર્યું, આપ મને મારી જાનથી પણ અધિક પ્રિય અને અઝીઝ છો." હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે ઉમર ! હવે તમારું ઈમાન સંપૂર્ણ થયું."

પ્યારા દીનીભાઈઓ ! બહેનો ! આ તો મહોબ્બતની એક સ્થિતિ

**થઈ. બીજી સ્થિતિ એ છે કે દરેક તે ચીજથી નફરત કરવામાં આવે જેનાથી આપણા આક઼ા ﷺ નફરત કરે છે. અને દરેક એવા શખ્સને દુશ્મન સમજવામાં આવે જે આપણા પ્યારા આક઼ા ﷺનો દુશ્મન તથા ગુસ્તાખ છે. ત્યાં સુધી કે ભાઈ, બહેન તથા દોસ્ત, સગામાંથી કોઈ પણ રસૂલની શાનમાં નાપસંદીદા વાત કહે, તેમની શાનમાં કોઈ રીતે ગુસ્તાખી કરે તો એની સાથે સંબંધ કટ કરી દેવા જરૂર છે. એટલા માટે કે રસૂલનો ગુસ્તાખ મુસલમાન નથી હોતો.**

**(૩) ઈતાઅત (આજ્ઞાપાલન)** : સરવરે અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ઈતાઅત તથા ફર્માંબરદારી જરૂરી છે. આપ જે વાતનો હુકમ આપે તેને તરત જ બજાવી લાવવો જરૂરી છે અને જેનાથી મના કરે તેનાથી દૂર રહેવું લાઝિમ છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ "અને જે કાંઈ રસૂલ તમને અતા કરે તે લો અને જેનાથી મના કરે દૂર રહો."

*–(સૂરએ હશ્ર, આ. ૭ કન્ઝુલ ઈમાન)*

એક જગાએ ફર્માવે છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۳۱

"હે મહબૂબ ! તમે ફર્માવી દો કે હે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માંબરદાર (આજ્ઞાંકિત) બની જાવ, અલ્લાહ તમને દોસ્ત રાખશે, અને તમારા ગુનાહ બખ્શી આપશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે."

*–(સૂરએ આલે ઈમરાન, પારા : ૩, રુકૂઅ : ૨, આ. ૩૧, કન્ઝુલ ઈમાન)*

યાદ રાખો ! જો કોઈ ચીજના બારામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો હુકમ એના કરવા કે ન કરવાનો છે અને તમારું દિલ એનાથી વિરુદ્ધ ઈચ્છે છે તો આ સ્થિતિમાં હુઝૂરે અન્વર ﷺની ફર્માંબરદારી જરૂરી છે. એટલા

માટે કે સરકાર علیہ الصلوٰۃ والسلام જેનો હુકમ આપી રહ્યા છે તેમાં જ તમારી ભલાઈ તથા નજાત છે. અને તમારું દિલ તમને જે વાતની તરફ લઈ જઈ રહ્યું છે તેમાં તમારી તબાહી તથા બર્બાદી છે. એટલા માટે રસૂલની ફર્માંબરદારી તથા અનુસરણ જરૂરી છે કે કેમ કે એના વિના સહીહ રસ્તો નથી મળી શક્તો.

**તા'ઝીમ** : રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે ખૂબ જ પ્રમાણમાં તેમનો ઝિક્ર કરવામાં આવે, અને જ્યારે એમનું નામ નામી ઝબાન પર આવે અથવા કોઈનાથી સાંભળવામાં આવે તો "صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ" (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) કહેવામાં આવે. અને આપનો ઝિક્ર ખૂબ જ અદબની સાથે કરવામાં આવે અને આપની દરેક ચીજને મહોબ્બતની નિગાહથી જોવામાં આવે. આ સર્વ તરીકા તા'ઝીમ તથા તૌકીરના છે.

રસૂલે કરીમ ﷺથી નિસ્બત ધરાવનાર ચીજોની અદબ તથા એહતેરામ જ ઈમાનની નિશાની છે. બુઝુર્ગાને દીન તો એ મજલિસનો પણ એહતેરામ કરતા જેમાં સરકાર علیہ الصلوٰۃ والسلامનો ઝિક્ર થતો. એ જ પ્રમાણે સરકાર ﷺના મકાન, તેમની મસ્જિદ, તેમના સહાબા, તેમની અહલે બયત સર્વનો અદબો એહતેરામ કરતા.

આજે પણ સીરતનો જલસો કે મીલાદે પાકની મેહફિલ ગોઠવાય છે, એવી મેહફિલમાં અદબ સાથે બેસો, આપણા પ્યારા આકા ﷺનો ઝિક્ર સાંભળો અને એના પર અમલ કરીને પોતાની દુનિયા તથા આખેરત સમારો.

# લાખોં સલામ

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** رضی اللہ عنہ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ શમએ બઝ્મે હિદાયત પે લાખોં સલામ
મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ
શહરે યારે ઈરમ તાજદારે હરમ નૌ બહારે શફાઅત પે લાખોં સલામ
ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ
જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ
દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન કાને લાલે કરામત પે લાખોં સલામ
શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ
મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ
હમ ગ઼રીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ હમ ફક઼ીરોંકી સરવત પે લાખોં સલામ
જિસકે માથે શફાઅતકા સહરા રહા ઉસ જબીને સઅ઼ાદત પે લાખોં સલામ
જિસકે આગે સરે સરવરાં ખમ રહે ઉસ સરે તાજે રિફઅ઼ત પે લાખોં સલામ
જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ
જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ
ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ
પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ
આબે તત્હીરસે જિસમેં પૌદે જમે ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ
ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ
ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા હજલહ્ આરાએ ઈફફતપે લાખોં સલામ
જિસ્કા આંચલ ન દેખા મહો મહરને ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ
સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા જાને અહ઼મદ કી રાહતપે લાખોં સલામ
હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ
શહદખ્વારે લુઆબે ઝબાને નબી ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ
ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ
દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ રંગ રૂએ શહાદતપે લાખોં સલામ
કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ
મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **‘રઝા’** મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ